Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ऋग्वेद) • समानी प्रपा । (અથર્વવેદ)

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૧૯ ડિસેમ્બર : ૨૦૨૪ અંક : ૬ ₹20

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર

Ahmedabad • Akola • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Gandhidham
Gandhinagar • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol
Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar
Visnagar • Vadodra • Vapi

shop online on greenfibre.com or jadeblue.com

समानो मन्त्रः (ऋग्वेद) **समानी प्रपा** (અથર્વવેદ)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૯ ડિસેમ્બર : ૨૦૨૪ અંક : ૬

સંપાદક
કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી
ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી
પ્રમુખ

સમીર ભટ્ટ
મહામંત્રી

યોગેશ જોષી
ઉપપ્રમુખ

દર્શક આચાર્ય
ઉપપ્રમુખ

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

પરબ

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ-૧૨** – હર્ષદ ત્રિવેદી, ૬

કવિતા

◈ ● **પિતાને... ડોળ** – પ્રતિષ્ઠા પંડ્યા, ૮, **જૂનો સમય** – પ્રતિષ્ઠા પંડ્યા, ૮ **દિવસ-રાત** – પ્રતિષ્ઠા પંડ્યા, ૯ ● **ત્રણ લઘુકાવ્યો** – રમણીક સોમેશ્વર, ૯ ● **તાડ પર ચડેલો સૂરજ** – પ્રવીણ પંડ્યા, ૧૦ ● **બે ગઝલ** – હરીશ શાહ, ૧૨ ● **બે ગઝલ** – હાર્દિક વ્યાસ, ૧૩

વાર્તા

◈ ● **વાઈળ** – જિજ્ઞા પટેલ, ૧૪
● **ડાઘ...** – પારુલ બારોટ, ૨૩

લઘુકથા

◈ ● **ખીલો** – અંકુર બૅન્કર, ૩૦

નિબંધ

◈ ● **ચેકર્ડ કોટધારી કૉમનમૅન** – અનુપમ બુચ, ૩૧
● **'નથી જવું'ની હઠના કિસ્સા** – પારુલ ખખ્ખર, ૩૪
● **માંકડા હનુમાન** – પ્રવીણ સરવૈયા, ૩૭
● **ઘાસ-૨** – નીલેશ ગોહિલ, ૪૩

અભ્યાસ

◈ ● **ડૉ. જયંત ખત્રીના 'પોતાના જગત'નાં સાથી – પ્રથમ પત્ની બચુબહેન સાથેનો પત્રવ્યવહાર** – અજય સોની, ૪૬
● **ગુજરાતી ભાષામાં નિષિદ્ધ પ્રયોગો** – ડૉ. રતિલાલ કા. રોહિત, ૫૩

અવલોકન

◈ ● **'દરબારગઢની બીજી મુલાકાત' : સમકાલીન સમસ્યાઓનું સંયમપૂર્ણ આલેખન** – હીરેન્દ્ર પંડ્યા, ૫૯

શોધછાત્રની કલમેથી

◈ ● **'પ્રતિશ્રુતિ' : પિતામહ ભીષ્મની જીવનગાથા** – દિવ્યરાજસિંહ યાદવ, ૬૪

સંપાદકીય :

◈ ● **તમારી પ્રિય કૃતિ પ્રશિષ્ટ છે કે કાલગ્રસ્ત?** – કિરીટ દૂધાત, ૬૭
◈ **સાભાર સ્વીકાર** – ૬૯
◈ **પરિષદવૃત** – સંકલન : ઈતુભાઈ કુરકુટિઆ, ૭૧
◈ **સાહિત્યવૃત** – સંકલન : ઈતુભાઈ કુરકુટિઆ, ૭૫
◈ **'પરબ' ૨૦૨૪ : વાર્ષિક સૂચિ** – ઈતુભાઈ કુરકુટિયા, ૭૭
◈ **આ અંકના લેખકો**, ૯૭
◈ **આવરણ ચિત્ર** : દુષ્યન્ત પટેલ, 'એજ્યુકેશન મેક્સ...'
૨૪x૨૪ ઇંચ ઓઈલ પેઈન્ટ ઓન કેનવાસ – ૨૦૨૨
◈ **આવરણ-સંકલ્પના** : આગમ શાહ

મથામણ – ૧૨

હર્ષદ ત્રિવેદી

નાનો હતો ત્યારથી જ પુસ્તકાલયમાં જવાની આદત. અમારા સુરેન્દ્રનગરમાં, નગરપાલિકા સંચાલિત જવાહરલાલ નહેરુ પુસ્તકાલય હતું, જે આજેય ચાલે છે. અત્યારે પણ જ્યારે સુરેન્દ્રનગર જવાની તક મળે ત્યારે એ પુસ્તકાલયમાં અચૂક એક આંટો મારું છું. પહેલાં તો એવી વ્યવસ્થા હતી કે પ્રવેશો કે તરત જ બાળવિભાગ આવે. એમાં પ્રવેશતાં જ છાતીમાં રોમાંચનું લખલખું ફરી વળે. દોઢ ફૂટના પાયાવાળા મોટા ગોળ ટેબલની આસપાસ ગોઠવાયેલી નાની નાની ખુરશીઓ. ટેબલ ઉપર 'ફૂલવાડી', 'ઝગમગ', 'ચાંદામામા', 'ચક્રમ' ને એવાં બીજાં ઘણાં સામયિકો પડ્યાં હોય. આપણા હાથમાં આવે ત્યારે કોઈએ ટપકાં જોડીને ચિત્ર બનાવી લીધું હોય. ઉખાણાંના ઉત્તરો આપી દીધા હોય. ખાલી જગ્યાઓ ભરી દીધી હોય! છાપાં સામયિકો ન વાંચવાં હોય ને વાર્તાઓ કે કવિતાની ચોપડીઓ વાંચવી હોય તોપણ છૂટ. ગ્રંથપાલ પાસે જઈને એમની બાજુમાં પડેલા ઘોડામાંથી, કોઈ પણ ચોપડી લઈ આવવાની અને વાંચીને પાછી હતી ત્યાં મૂકી દેવાની. એ બધું વાંચવાનો, ખાસ તો એને સ્પર્શવાનો, ચિત્રો જોવાનો આનંદ હતો. પછી સહેજ મોટો થયો ને મનમાં એક ખ્યાલ જાગ્યો કે બાળકો માટેનું જ એક સ્વતંત્ર પુસ્તકાલય શા માટે ન હોય? એ ખ્યાલ દિવસે ને દિવસે મનમાં ને મનમાં મોટો થતો રહ્યો.

આજે આટલાં વર્ષે એ સ્વપ્ન પૂરું થશે ને ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધનભવન ખાતે મેઘાણીખંડમાં એક બાળપુસ્તકાલય સ્થપાશે. દિલીપકુમાર રૉય કહે છે તેમ 'ચમત્કારો આજે પણ બને છે!' એક દિવસ પરિષદમાં કોઈ બહેનનો ફોન આવ્યો. બહુ સંકોચ સાથે ભાવસારભાઈને કહે કે 'અમારે પરિષદને થોડુંક દાન આપવું છે તો તમારે ત્યાં કોઈ નવી યોજનાઓ કરવાની હોય તો કહો.' ભાવસારભાઈએ જણાવ્યું કે 'એ બાબતે મને બહુ ખ્યાલ ન આવે. પણ હર્ષદભાઈ અહીં બેઠા છે, તમે કહો તો એમને હું તમારો ફોન નંબર આપું.' બીજે દિવસે મેં એમને ફોન જોડ્યો. સ્પષ્ટ ગુજરાતી ઉચ્ચારો સાથે અવાજ આવ્યો: 'હર્ષદભાઈ, મારાં માતુશ્રીની એવી ઇચ્છા હતી કે અમારે એમની સ્મૃતિમાં પરિષદ માટે કંઈક મદદ કરવી. તમે મને કહો કે તમારી કોઈ યોજનામાં અમે શું આપી શકીએ?' મેં કહ્યું કે 'અમને અગાઉના હોદ્દેદારોએ કહ્યા પ્રમાણે પરિષદ પાસે બહુ મોટી આર્થિક મૂડી નથી. રોજિંદી પ્રવૃત્તિઓ જ માંડ ચાલે છે. નવું તો ઘણું કરવાનું છે પણ આપને વાંધો ન હોય તો રકમનું નામ પાડો તો તે પ્રમાણે હું વિચારી શકું.' એમણે એકદમ દબાતે સ્વરે કહ્યું કે આટલા લાખ!' અને મારા મનમાં રહેલું સ્વપ્ન ઊછળી પડ્યું. ત્યારે તો મેં એમને એમ કહ્યું કે – 'બહેન! મને વિચારવા માટે બે દિવસ આપો. હું આપને ફોન કરીશ.'

સ્વાભાવિક જ ઘરમાં આ અંગે વાત થઈ તો પુત્રવધૂ બોલી ઊઠી કે 'ચિલ્ડ્રન સેન્ટર જેવું કંઈ થઈ શકે?' મને તરત જ ઝબકારો થયો કે આ તો સાક્ષાત્ લક્ષ્મીજી બોલ્યાં! ક્યાં ક્યાંથી અંકોડા મળતા હોય છે! મેં મનમાં ગણતરી કરી જોઈ કે આટલા તો ઓછા પડે. પણ કહી જોઈએ. જે થશે તે સારું જ થશે. એ બહેન સાથે વાત થઈ. મેં પણ દબાતે સ્વરે જ કહ્યું, 'થોડું આગળ વધીને આટલી રકમ થઈ શકે? મારે અદ્‌ભુત કહી શકાય એવું વિશિષ્ટ પ્રકારનું બાળપુસ્તકાલય ઊભું કરવું છે, જેમાં પાંચથી માંડીને પંદર વર્ષનાં બાળકો આવે, ગુજરાતી ભાષા શીખે, વાંચે, વિચારે, ચિત્રો કરે, ગીતો ગાય, નાટકો ભજવે, મોટા પરદા પર એમને ગમતી ફિલ્મો, કાર્ટૂનો વગેરે જોઈ શકે ને ઊંઘ આવે તો ઊંઘી પણ જાય! તે સિવાય બીજી અનેક પ્રવૃત્તિઓ થઈ શકે એવું અત્યાધુનિક કેન્દ્ર કરવું છે. આ મારું સ્વપ્ન છે ને તમારી આટલી મોટી મદદ મળશે તો અચૂક થઈ શકશે.' એમણે કહ્યું કે હું મારા ભાઈ સાથે વાત કરીને કહું.' બે દિવસમાં તો એમનો ફોન આવ્યો કે આપણે મળીએ. તરત જ મુલાકાત ગોઠવાઈ. ભાઈબહેને રહસ્ય છતું કર્યું કે એમનાં માતુશ્રી આ પરિષદમાં છેલ્લાં પચીસેક વર્ષથી નિયમિત આવતાં હતાં. ગ્રંથાલયનો અને કાર્યક્રમોનો લાભ લેતાં હતાં. પોતાની જાતને છતી કરે એવું એમનું વ્યક્તિત્વ નહોતું, પણ એમનો ઉત્તમ સમય પરિષદમાં ગયો છે. પરિષદને તેઓ પવિત્ર તીર્થ માનતાં હતાં. એમની ઇચ્છા હતી કે થઈ શકાય તો પરિષદને મદદરૂપ થજો. એટલે...'

પછી તો જે વાતો થઈ છે! શ્રીમતી વિદ્યાબહેને કહેલું ને કે 'માત્ર ધન પૂરતું નથી, સાહિત્યની અનેક શાખાઓને વિકસાવવાની આવશ્યકતા છે.' એમણે એમ પણ કહેલું કે 'અંગ્રેજીની જરૂર રહેશે, પણ બીજી ભાષા તરીકે.' ટૂંકમાં, માતૃભાષા માટે જે કંઈ થઈ શકે તે બધું જ કરવું જોઈએ એવો આ ભાઈબહેનનો ખ્યાલ. અને એનો આરંભ બાળકોનાં ઘડતરથી જ થાય એ પણ જરૂરી. આવતી પેઢીનાં હૃદયમાં ગુજરાતી ટકી રહે એ ભાવના પ્રગટ થઈ. અચાનક જ એ ભાઈએ કહ્યું કે – 'હર્ષદભાઈ! તમે રૂપિયા પૈસાની ગણતરીમાં ન પડો. તમે જગ્યા બતાવો, આખો પ્રોજેક્ટ અમે તૈયાર કરી આપીએ અને તે પણ નમૂનેદાર! એનો નિભાવખર્ચ પણ અમે આપીશું!' મને તરત જ મેઘાણી યાદ આવ્યા : 'બંધુડો બોલે ને બેનડ સાંભળે!' અને એ સાથે જ મેઘાણીખંડ મનમાં તરી આવ્યો. ફરીફરીને એમણે આખી પરિષદ જોઈ. મને કહે કે તમારી પાસે જગ્યાનો તોટો નથી, અહીં તો શું ન થઈ શકે? પછી એમણે જ આર્કિટેક્ટ-ડિઝાઇનર મોકલ્યા! અને આમ આ પ્રવૃત્તિ સરસ રીતે શરૂ થશે એવી આશા બંધાઈ છે.

હજી કંઈ જમાનો બગડી નથી ગયો. કોઈને કંઈ પડી નથી એવુંય નથી. હજી પણ એવા પ્રબુદ્ધ નાગરિકો છે કે જેનાં હૈયે ગુજરાત અને ગુજરાતી ભાષા માટે પ્રેમ છે. એના ઉત્કર્ષ માટે બનતી બધી મદદ કરવા તૈયાર છે. એમની સંસ્કારિતા પણ કેવી? આપવાનો કોઈ ભાવ દેખાવા ન દે. આટલી વિનમ્રતાને જ કદાચ લક્ષ્મી વરતી હશે! હજી બીજા ઘણા શ્રેષ્ઠીઓ હશે કે જે મનમાં આવો ભાવ ધારણ કરતા હશે. આપણા સુધી તેઓ સ્વાભાવિક રીતે જ આવે એવાં કામો વિચારવાં જોઈએ. મારી દૃઢ માન્યતા છે કે સારાં કામો કદાચ થોડા સમય પૂરતાં અટકતાં હશે, પણ કાયમી ધોરણે અટકી પડતાં નથી. આ એક સામૂહિક ડહાપણની, દેશદાઝની અને આંતરિક ઉદારતાની વાત છે. ગાંધીજીએ કહેલું ને કે હું દેશના નાગરિકો પાસે ફક્ત એક એક રૂપિયો માગીશ. એ રીતે ગુજરાતના પ્રબુદ્ધ નાગરિકો એક એક રૂપિયો આપે ને તોય પરિષદ સોળે કળાએ ખીલી ઊઠે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

પિતાને...

ડોળ | પ્રતિષ્ઠા પંડ્યા

ખાટલાની ધારે બેસી
પગ હલાવી ચાલવાનો ડોળ કરતો,
કમરથી આગળપાછળ ઝૂલી
કોઈ હીંચકે હીંચવાનો ડોળ કરતો,
બોખા મોઢામાં ચગળાવીને કોળિયા
ખાવાનો ડોળ કરતો,
ખરબચડી ઝૂરીઓને પંપાળી પંપાળી
જાતને ચાહવાનો ડોળ કરતો,
એક ઊંડા શ્વાસ ભરીને અંદર
બીજામાં ઠાલવતો બહાર
એક અજાણી એકલતાને
પોતાની કરવાનો ડોળ કરતો,
ક્યારેક ખુલ્લી આંખે
ક્યારેક બંધ આંખે
એક માણસ રાહ જુએ છે...
સતત જીવવાનો ડોળ કરતો,

જૂનો સમય | પ્રતિષ્ઠા પંડ્યા

થોડો રદ્દીવાળો પસ્તીના ભાવે લઈ ગયો
થોડો ઊધઈ ખાધેલો કચરામાં ગયો
થોડો ભાણિયા-ભત્રીજાઓએ વહેંચી ખાધો
થોડો આમતેમ દાન કર્યો
થોડો માળિયે ચડાવ્યો
થોડો છોકરીઓએ ધૂળ ખંખેરી
નવું પૉલિશ ચડાવી પોતાનો કર્યો
જેમતેમ કરીને
પોટલાંઓમાં ભરી ભરીને
પપ્પાના ગયા પછી
ઘસડી ઘસડીને વગે કર્યો.
ને તોય જેટલો કાઢ્યો
એથીય બમણો રહી ગયો
જાણે મારી અંદર
એ જૂનો સમય.

દિવસ-રાત | પ્રતિષ્ઠા પંડ્યા

રોજ રાતે હૂંફાળા એક સ્પર્શ વિના
તરફડતી એની ચામડી પર
બળબળતા સૂરજ ફૂટે છે.
રોજ સવારે કોઈ પગરવ વિનાની
ખડખડતી સુક્કી આંખોમાં
એક કાળી ડિબાંગ રાત ઊતરે છે.
હવે એને રાત-દિવસ સમજાતાં નથી
ગોટાળા થાય છે
ફક્ત એટલી ખબર છે કે
એ માણસ રોજેરોજ ઘરડો થાય છે.

ત્રણ લઘુકાવ્યો | રમણીક સોમેશ્વર

(૧)

શરીર આખું
જાણે પરાળનો ઢગલો
એના ઉપર
ઝાકળ છાંટવા જાઉં
ને છંટાઈ જાય તણખા
તણખાનો તાપ
મનને ખૂણે ખૂણે
જ્વાળા થઈને ફેલાય
ધુમાડો પહોંચે આકાશે
અને
બંધાતાં રહે વાદળ
રુંવે રુંવે રાહ જોઉં
એ વાદળના
વરસવાની.

(૨)

બારીનું ચોકઠું
જોયા કરે ઝાડને
ઝાડ
પંખીને
પંખી
આકાશને
આકાશ
બારીમાંથી
જોયા કરે
મને!

(3)

પગના અંગૂઠાથી
ભોંય ખોતરું
અને
અંગૂઠે ચંપાય અંગારો
અંગારાની આંચે આંચે
ભડ ભડ થાતો
ભળી જાઉં
આકાશમાં.

તાડ પર ચડેલો સૂરજ | પ્રવીણ પંડ્યા

બાળકની ચિત્ર-પોથીમાં
પહાડનાં બે શિખરો વચ્ચે રહેતો હતો
દફતરમાં નિરાંતે જતો હતો
શાળાએથી ઘેર
ને' ઘેરથી શાળાએ સવાર-સાંજ,
આજે
ઉઘાડે ડિલ
થડ પર પગ ભરાવી
સડસડાટ તાડ પર ચડતો એક સુકલકડી માણસ જોયો
તે થયું
રોજેરોજ
એકની એક શાળાએ જવું
એના કરતાં
ચાલને ચડી જઉં તાડ પર
બચીને કક્કા બારાખડીની જંજાળથી.

આકાશમાં ઊભા ઊભા નિરાંતે જગત જોઈ શકાય છે
પણ તાડ પર ચડીને જોઈએ ત્યારે
જોવાની સાથે સાથે
પડી ન જવાય
એ પણ જોવું પડે છે!
તાડ પરથી જે દિન-દુનિયા દેખાય છે
તે એણે ક્યારેય જોઈ નહોતી,
તડકાનાં સરોવર જેવાં ખેતરોમાં
અપ્સરાઓ ડાંગર રોપી રહી છે
ઊડાઊડ કરતા સફેદ બગલાઓ
લાલ ટ્રૅક્ટરને રથની જેમ ખેંચી રહ્યા છે
અને એમાં બેઠેલો ફાળિયાધારી ઈશ્વર કોઈ ગીત ગાઈ રહ્યો છે-
એને થયું
કે સ્વર્ગનું સરનામું એટલે બીજું કાંઈ નહિ
આપણો જ એક ઠરેલ હિસ્સો છે,
દિ' આથમવા ટાણું થયું
સૂરજ તાડ પર હતો,

પંખીનાં ટોળાં પાછાં પોતપોતાને થાનકે જઈ રહ્યાં હતાં
સૂરજ તાડ પર હતો,
એણે પહેલી વાર અનુભવ્યું કે સુખ એટલે ધીમે ધીમે અંધારું થવું
એણે પહેલી વાર અનુભવ્યું કે આનંદ એટલે આપણાંની સાથોસાથ
આપણું પણ આપણને છોડીને જતાં રહેવું,
એણે પહેલી વાર અનુભવ્યું
કે કાળાં વાદળમાં સંતાઈને બેઠી હોય છે ચમકતી વીજળી
એને એક ઝબકારામાં સમજાયું
કે ઝળહળવું અને જીવવું જુદાં જુદાં છે-
એણે વિચાર્યું
કે સ્વર્ગમાં યક્ષ કિન્નર અને ગંધર્વ જે કળા કરે છે
તે શીખી-શિખવાડી શકાય છે
પણ આ સીધાસટ તાડ ઉપર ચડવાની કળા તો
કોઠાસૂઝથી જ પામી શકાય છે.

ગમેતેમ પણ આમ તાડ પર
હરપળે પડવાની સંભાવના સાથે કેવી રીતે રહી શકાય?
એ પણ સૂરજથી?
એણે મદદ માટે સાચા હૃદયથી અરજ કરી
ને એક કવિ તાડ નીચે આવી પહોંચ્યા
એમણે તેજલિસોટા જેવી
કેટલીક અછાંદસ પંક્તિઓ લંબાવી
અને તાડ પરથી સૂરજ નીચે ઊતર્યો,
એણે પહેલી વાર માણસને આટલે નજીકથી જોયો
અને ઘડ પડી કે માણસ એટલે મેં પાડેલો પડછાયો નહિ
માણસ એટલે
ઈશ્વરનાં નાભિ કાન આંખ કે પગમાંથી પેદા થયેલો જીવ પણ નહિ-
માણસ એટલે
પોતામાંથી પોતાનું પ્રકટવું અને બીજામાં પ્રકાશવું..
એણે કવિનો આભાર માન્યો - તો કવિએ કહ્યું;
શું ભૂંડોવ તમેય..
મારે તો આવું રોજેરોજ થાય છે
જ્યારે જ્યારે કવિતા લખું છું
ત્યારે ત્યારે જાણે તાડ પર ચડું છું.

બે ગઝલ | હરીશ શાહ

ના થયાં.....

દ્વંદ્વમાં વાહક કદાપિ ના થયાં
દ્વેષથી અંગત કદાપિ ના થયાં

સંતની શોભા પ્રભાવિત હોય ના,
જ્ઞાનનાં બંધક કદાપિ ના થયાં.

ઉચ્ચ સ્થાને બેસવાનો અર્થ એ,
રંજથી આહત કદાપિ ના થયાં.

આ સમાધિ ભીતરે છે સંખ્ય શી,
તંતનાં ત્રાટક કદાપિ ના થયાં.

ધારવાનો ફાયદો બસ એટલો,
અંતમાં અનહદ કદાપિ ના થયાં.

છે સ્વયં સુવાસ દેહે એટલે,
પુષ્પનાં ચાહક કદાપિ ના થયાં...

પેલા ખૂણે....

હાથ લંબાવે કવન જો, છે કલમ પેલા ખૂણે.
ખોતરું છું ઘા અહીં જો, છે દરદ પેલા ખૂણે.

દેવતા પર રાખ છે ને સાંજ પણ ગમગીન છે,
છે તલબ! કશ મારવો જો, છે ચલમ પેલા ખૂણે.

હાથમાં ક્યાં છે કશું બસ તીક્ષ્ણ રેખા પાર છે,
આ દીઠું કિસ્મત અહીં જો, છે કરમ પેલા ખૂણે.

જાવ વૃદ્ધાશ્રમ કને ડૂસકાં રઝળતાં ભાળશો,
વ્હાલ થઈને પ્હાડ બસ જો, છે શરમ પેલા ખૂણે.

અપદશાને ખંત એવો છોડતી ના સાથ એ,
દર્દને ઘૂંટે હૃદય જો, છે ખરલ પેલા ખૂણે.

સૌ ચઢાવે ચાદરો ને સૌ ચઢાવે બક્ષિસો
ટળવળે બસ કોળિયો જો, છે ધરમ પેલા ખૂણે.

બે ગઝલ | હાર્દિક વ્યાસ

ઊભો છું કૈં યુગોથી

વિસ્મય અપાર લઈને ઊભો છું કૈં યુગોથી,
ભીની સવાર લઈને ઊભો છું કૈં યુગોથી.
ચૈતન્ય પણ નથી ને મૂર્ધન્ય પણ નથી કંઈ,
જીવન અસાર લઈને ઊભો છું કૈં યુગોથી.
એવી રીતે ઊભો છું જોડું છું બે ધ્રુવોને;
સંક્રાંતિ ભાર લઈને ઊભો છું કૈં યુગોથી!
જેને કહો છો નિષ્ફળ આખર તો એ વિજેતા,
નોખો વિચાર લઈને ઊભો છું કૈં યુગોથી!
પામી શકું ન એનો વિસ્તાર ગૂઢ થઈને,
સાદો પ્રકાર લઈને ઊભો છું કૈં યુગોથી!
કોઈ વણે છે ચાદર કોઈ ઉખેળે સળને,
એના જ તાર લઈને ઊભો છું કૈં યુગોથી!
પ્રાપ્તિની એ જ પળ છે, છે એ ત્યજ્યાની વેળા;
વનમાં વિહાર લઈને ઊભો છું કૈં યુગોથી.....!

પાંદડાંના મૂળને...

પાંદડાંના મૂળને શોધ્યા કરે છે આભમાં
એમ એ અવકાશને પોષ્યા કરે છે આભમાં.
જાણકારી હોય તો આપી શકો ઊડવા વિશે,
રોજ એ વંટોળ થઈ ઘૂમ્યા કરે છે આભમાં!
ક્યાંય ઊડતાં પંખીઓની વાત સંભળાતી નથી,
કૈંક ટહુકા ચીસ થઈ ઊડ્યા કરે છે આભમાં!
એક પીંછું એ હદે ઊંચાઈને પામી ગયું,
શક્યતાનાં વર્તુળો, ઘૂંટ્યા કરે છે આભમાં!
એક પડછાયો પછી નિઃસ્તબ્ધ થઈને વિસ્તર્યો;
ત્યારથી અવહેલના પામ્યા કરે છે આભમાં!
ક્યાં હવે કોઈ ઝુરાપો? ક્યાં હવે સંભારણાં?
વાદળી વરસાદને ચૂમ્યા કરે છે આભમાં!
ના રહ્યા કોઈ પ્રવાસો, પહોંચવાની ઝંખના;
આંગણું વિમાન થઈ ઊડ્યા કરે છે આભમાં..!

■

વાઈળ

જિજ્ઞા પટેલ

જેદૂ મારો જલમ થ્યો તેદૂ મા મઈનાની તેરસ હતી. મારી આઈ મને ક્યે કે 'નભ્ભાઈ! તે તો પેટમાંય હખ નથ લેવા દીધું.'

અરે! પેલ્લી વાત તો કે'તા જ ભૂલી ગઈ. મારું નામ લીલું સે. મારાથી મોટ્યું બે બીનું. એની વેરે તો આઈને કાંઈ કરતાં કાંઈ થ્યું નત. પણ હું જેદૂની પેટમાં રઈ તેદૂની તો આઈને ઘડામોઢે ઊલ્ટ્યુ થાતી. એટલે આ વખતે તો હંધાયને એમ જ કે કાનુડો જ આવશે. આ ફેરે તો હારા માઈલા સફરજન લેવા બાપુજી સેટ પોરબંદરે જાતા. ઈ ખાઈ-ખાઈને હું તો અંદર બવ પેંધી ગઈ'તી. ઈ ટાણે મારી આઈને ઈંમ હતું કે એને મા મઈનો ટપીને ફાગણ ઊતરતાં સુવાવડ આવશે. ન્યાં લગીમાં તો અમીં ચણાની મોયસમ હંકેલી લેશું. તે ઈય બાપુજીની હારોહાર્ય હબ...હબ... કરતી ચણા વાઢ્યે જાય. આ હંધુંય તો સે ને મારી આઈ એક દી મને મારા જલમની કથા કેતી'તી એટલે મને ખબર્ય! આઈ ક્યે કે 'બરોબર્ય બપોરનું ટાણું હતું. ઉનાળાની જારુ તો અગ્નિની જુવાળા જેવી લાગે. તડકો ક્યે મારું કામ, તો પેટ ક્યે મારું કામ ને તું ક્યે કે મારું કામ. બેઠી થાવ તો પેટમાં દુઃખે, દાંતવડું હાંકું તો પડખમાં દુઃખે, ઊભી થાવ તો પેશાપ વયો જાય! ને હું તો આખી પરસેવે રેબઝેબ. તાર આતા ક્યે કે 'જા હવીં સેઢે વઈ જા, લીંબડા હેઠે આડી પડ.' ને સેઢે પૂગું-પૂગું ન્યાં લગીમાં તો લીલુંબેન મારી મોર્ય પૂગી આયવા.'

હું મારી આઈને આ વારતા ઘડીયે ને વારે પૂછીપૂછીને થકવી દઉં. મારી આંખ્યું હાંભે જ મને ખેતર્ય, દાંતવડા, ચણાના ખેતરું, આતા અને આઈનું મોટું પેટ દેખાય. મને તો ઈ વિસાર થાય કે ઈ ટાણે તો હંધુય સૂકું સૂકું હતું તો વરી મારું નામ લીલું કાંવ પાડ્યું અહેં? મને તો દાંત આવે બોલો.

અમારા ગામના સીમાડે ચારણયુ આઈના દેરે આઈ દર સોમવાર્યે શ્રીફળ વધારવા જાય. મનેય ભેગી લેતી જાય. ને માર વાંહે તો ગામની અડધી ભામ પણ આવે. દેરામાં આઈ એની ધાતડીનો ખોરો પાથરી આંખ્યું બન કરીન દર ફેલે એક જેવું જ બોલે. 'હે મારી માં! માર ખોરામાં કાનુડો આપી દે! માં હું હાકર્ય ભારોભાર તોરાંહ, જોડ શ્રીફળ વધેરીહ... હે જગદંબા! અમારી ઓહરીમાં દીકરાની કિલકાર્યું દે...માં!' ખ્યાલામાંનું હંધુંય દિવેલ દીવડામાં રેડતા રેડતા આઈ રોઈ પડે. હું દેરાંમાંથી આઈ બાર્ય નીકળે એટલી જ

રાહ જોતી હોવ. જેવાં આઈ બાર્ય નીકળે એટલે કુલેર, સેષા ને હાર્કય જી કાંઈ ઘરેલું હોય ઈ હંધુય ભેગું કરીને ખોબો ભરી લઉં. અમીં હંધ્યુંય બેનપણીયું હાલતા હાલતા ખાત્યુ જાયે. આઈ મને વાંહામાં ધબ્બા મારતા મારતા ઘર હુધી શિખામણ દેતા આવે...

'નભ્ભાઈ! ઈ તાર બાપ પરસાદ કે'વાય. માતાજી કોપ મેલશે તાર ડોહો! ઈ આપણાથી નો ખવાય! હાલ હવીં આંખ્યું બન કરીન માતાજીની માફી માગી લે તો ઝટ!'

'હેં આઈ, તો માતાજી મંકોડાને તો કોપ ન્યથ મેલતા. આપણે ન લઈએ તો હંધોય પરસાદ મંકોડા ને કીડિયું જ ખાઈ જાય! અને પાસા એના ઉપર્ય હંગતાય જાય.'

આઈ મને એક મોટો ધબ્બો મારે. ઘરે જઈને આતાને ક્યેઃ 'આ તો કેવું રાસડું પાક્યું સે કોણ જાણે! ન કરવાનું જ કામ કરતી વોય. હંધાયમાં ઊંધી જ હાલે. એને મનમાં આવે ઈમ જ કરે.' વ્યારું ટાણે અમીં રોટલો ખાવા બેહીએ તંયે જ આઈ મારી મા'ભારત સાલું કરે. મારી મોટી બીનું મારા ઉપર્ય ખી...ખી...કરે ઈ મને જરીય નો ગમે. પસી હું સેને બીજે ઘે ઈ જંયે નાણીમાં નાત્યુ હોય તંયે ઈનાં કપડાં સોરીયાવું. પસી ભલે ભાઠાય ખાવા પડે તો ખાઈ લવ. પણ લીલું ઈમ કાંઈ જેવીતેવી ન્યથ, ઈ તો એને હમજાવીને જ રવ. લે કાંઈ મારા દાંત કાઢે એને હું કાંઈ થોડી ઈમનમ જાવા દવ!

તે'દૂ આઠમના મેરે અમીં હંધ્યુંય પો'રે રક્ષા ભરાઈ ને ગ્યું. કેડે જ નક્કી કરી લીધું'તું કે આ ફેરે તો ત્રાજવા સિતરાવવા જ સે. હંધ્યુંય કેડે વાત્યાં કરત્યું જાય...કોઈ ક્યે કે આપણે તો ફૂલ દોરાવવા, કોઈને વરી હરમણ કાવડ, હાત ભાયા, ભીમ પસેડી, મોર પગલાં ને એવું તો ઘણુંય નક્કી થ્યું. હું તો મૂંગી મૂંગી બેઠી આવી. કોઈને ક્યે ઈ બીજા. આપણે કાંવ કરવું ઈ તો હું સાતીમાં દબાવીને જ રાખું. ઈ હંધ્યુંયના ત્રાજવા ત્રોફાવાઈ ગ્યા પસી મીં ડોકયે દાંતવડું ત્રોફાઈવું. અમીં પાસા વરી આઈવા તંયે વળતે ફેલ્લે રક્ષામાં હંધ્યુંય ઈના ત્રાજવા બતાવતીત્યું... તી મેંય મારું બતાયવું. પસી તો મારા આખા કેડે ઈનીયે દાંત કાઢ્યા કોઈ! મારી મોટીબેન તો મને કેવી ખીજણી! ક્યે કે 'હવીં તો ઢાંઢી થય તોય આવા વાનરવેડા કરે! આવા દાંતવડા કોતરાવાય? બૂંઘડ જેવું... ક્યાંય જોયા આવા બાપાને ન્યાં! તારું ડોહુ કોઈ પણવાય રાજી નઈ થાય. આવા અક્કલના પરદરશન કરે ઈનો કોણ હાથ જાલે! આઈ ને આતા મને વઢશે. કેશે કે આ તો માઠી બુદ્ધિની સે જ, તને મોટીનેય અક્કલ નો હાલી?'

'ભલે જાવ. હું પાડા હાર્યે પવણી જાઈશ, પણ ફૂલડાં તો નઈ જ સીતરું. ને કોઈ કરે એવું તો નઈ જ કરું.'

કોઈ દી નઈ ને તેદૂ તો આતાય વ્યારું ટાણે ખિજાણા ને પસી તો મને કોઈ રોણું આઈવું! આઈ તો કેટલા દી લગી મારી હાંભે વડકા ભરી-ભરીને જ વાત્યું કરે. પણ ઈ પસી જી ફિલમ ઊભું થ્યું તી પસી હંધાયની આંખ્યું ઊઘડી ગઈ વો!

એમાં થ્યું એવું કે તેદૂ સોથું નોરતું હતું. ઘરમાંથી હંધાય ચોકમાં ગરબી જોવા ગ્યા. મને હજી ત્રાજવાનો તોબડો ચડેલો હતો. હું કવ કે તમાર હંધ્યુંય ભેગી તો હવે મરી જાવ તોય ક્યાંય નઈ જાવ. હું તો પગથી માથા લગણ સાદર ઓઢીને આંખ્યું મીંચીને હુઈ ગઈ.

આઈ માથે સાંકળ દઈને બોલતાં ગ્યાંઃ ‘ આને તો આમેય ક્યાંય ભેગી લઈ જાવા જેવી જ નથ. ભલે બરો કરે. હુઈ જાજે. હવાર લગણ હલતી જ નંઈ. નકટી તેમાં!’

ઘડીક વાર ચૂપચાપ ખાટલામાં પડી રઈ. ગરબીના ઢોલ ધીમા ધીમા સંભળાતા’તા. હાચું કવ તો મને તો આંખ્યુમાં ઝળઝળિયા આવી ગ્યા. જાવું તો હતું પણ ઘરના એકેએક માણહ ભેગા અબોલા હતા. મને ને મને ફોહલાવી પણ એમ એમ તો ડબલ રૂંગા આવી ગ્યા. ઘરમાં તો કોઈ હતું નઈ એટલે ઘડીક મોકળે સાદે રોઈ લીધું. પણ ઘરમાં કંઈક ખળભળાટ થ્યો ઈ મેં સેડા ઊંચા ચડાવતા સાંભળ્યું. મને થ્યું કે મીંદડી બીંદડી હઈશે. ઈ તો રોજ નળિયા ઉપર ચડીને આઈથી વાં ઠેકડા મારત્યું વોય. તોય મનમાં જરાક તો બીક લાઈગી એટ્લે સાદર હમ્માએ પગથી માથા લગી દબાવીને હૂઈ ગઈ. આ ફેરે તો અવાજ હાવ મારા પગ પાંહેથી જ આઈવો. મીં જરાક સાદરનો ખૂણો ઊંચો કરીને જોયું તાં અંધારામાં પેટારા પાંહે બે આદમીના ઓળા દેખાણા. હાય માં! આ કોણ સે? હવીં? બાયણે કીંમ નીકરું? આઈને બોલાયાવું? પણ જાવ કીંમ કરીને? પેટારામાં ઈ બેય ઊંધે માથે થઈને કાંક ફોરતા’તા. ઘડીક તો હઈલા વગર મરેલી ઘોની જેમ પડી રઈ. પસી પાસું સાદર ઉચકાવીન જોયું તાં ઈ બેયનું ધ્યાન પેટારાના તળિયે હતું. આ જ લાગ સે ઈંમ કરીને હું તો બાર્ય નીકળવા જાવ તાં તો એક જણે મારો હાથ પકડી લીધો. હું તો હેઠી જમીન ઉપર બેહી ગઈ ને કારી ચિંહું જ નાખવા માંડી. ‘આઈ! એ માં...! એ...આઈ! કોક ધોળો! એ...આતા...!’ કરતીકને મીં મારામાં હતું એટલું જોર કરીને હાથ છોડાવવા બર કર્યું. જમીન ઉપર ઢસડાતી ઢસડાતી હું ઉંબરા લગી પૂઈગી. માંડ કરીને મીં ઉંબરાની બારસાખ ઉપર્ય મારો હાથ પુગાડ્યો. ઈ ભેગું તો એનીયે ઘોજારાએ જોરથીન મારા હાથના પોંચા માથે ચાકું માર્યું. એક નઈ હો...બે બે વાર. મને તો એવું દુઃખ્યું કે મગજની હંધીય નસું ફાટી જાય. હું તો સાવ વીફરી ગઈ. ને જો ઉપાડીને એક મોઢા માથે જં પાટુ માર્યુંને! બરોબર્ય ઈ ને હોબડા માથે જ લાઈગું. એનીયે રાડ ફાટી ગઈ. ઈ જરાક છેટો જઈને પડ્યો ઈ ભેગી જ હું ઝટ ઓય માં! ઓય માં! કરતી બાર્ય નીકળી ગઈ. ચાકું તો હજીય મારા હાથમાં જં ખૂંતેલું હતું. બીજા હાથે મીં ઘરની સાંકળ બા’રથી બન કરી. અને કોઈ રોઈ સું હું તો તેદૂ! જલ્મી તેદૂ નઈ રોઈ હોવ એવો ભેંકળો તાણતી હું ચોકમાં પૂગી. મારી આઇની ડોકે હું ચોંટી પડી. રડતાં રડતાં આખી મા’ભારત કીધી. આઈ તો મારા હાથને જોઈને સક્કર ખાવા માંડી. ઝટ-ઝટ આતાને બરક્યા ને છ-સાત દાઢિયારા ભેગા કર્યા. ઈ હંધાય અમારી મોર્ય લાકડિયું લઈને ઘર કોર્ય હાલતા થ્યા ને અમીં એની વાંહે-વાંહે... કોક તો ક્યે ઝટ પોલીસને બરકો પણ ઈ પેલ્લા તો આતાએ ને હંધાએ થઈને એને હારીપેટ ઢીબી નાંખ્યા. હું તો છેટી ઊભી ઊભી હાથ માથે ફૂંક માર્યે જાવ ને રોતી જાવ. તમે જોવ તો જાણે ફિલ્મ હાલતું હોય અસ્સલ એવું જ લાગે.

પણ તેદૂની ઘડી ને આજનો દી.’ કોઈ કર્તા કોઈ મને આવું ભૂંડું ત્રાજવું કીંમ ચીતરાવ્યું ઈવાં હાટું ખિજાણા નથ. ને આતા તો એક દી વ્યારું કરતાં કરતાં ક્યે કે ‘લીલુએ આ ચારણ્યું આઈની લુદ્રીનો પરસાદ ખાધો ને એટલે જ એને આવી શક્તિ ભગવાને મેલી.’

મેંય લાગ જોઈને કઈ જ દીધું: 'તમીં હંધાય મારા ઉપર્ય ટૂટી પડ્યા'તા કે ફૂલડાં સિતારવાય. ફૂલડાં વાર્યું તો આ બેઠ્યું. ઈ કાંવ ચાકાના ઘા જીલે! ઈ તો હવારે ખાઈડુમાંય એકલ્યું નથ જાત્યું. પવણીને ન્યાલ! ભાઈડાના પડસાયે પડસાયે પગલાં ભરશે. તમીં જોજો. મને બવ કે'તા'તાને તમીં હંધાય! ઈ જ સવો ને કે બાજરાના બી સવો! લીલું ન વોત તો હંધુય ઘરેણું તમારું લૂંટાઈ ગ્યું વોત... હમજી ગ્યા! બવ રોવરાવી તમીં હંધાયે લીલુને કાં!'

પસી તો હજડબમ્બ ડાચા સિવાય ગ્યા વો હંધાયના... કોઈ કાંઈ ન બોઈલું. આઈ તો તેદૂથી મારી કોઈ વાત ઉપર્ય આંખ્યું જ નો કાઢતી. હું જી કાંઈ બોલું એની વાંહે વાંહે 'હાસી વાત સે' ઈંમ કર્યે રાખે. મારા રોટલા માથે માખણનો પિંડો રાખે. મને ચારણ્યું આઈના મંદિરે ભૂલ્યા વગર લઈ જાય. હું પરસાદનો લવ તો હાંભેથી લઈને હાથમાં દે. 'લઈ લે માર પેટ! દીકરીયું માથે તો માતાજી કોઈ દી' કોપ નો મેલે.' મને એમ કઈને વ્હાલથી ખવરાવે. રોજ હાંજે હાથ ઉપર્ય હળદરનો લેપ લગાડી દે.

હજી તો ઘા માંડ રૂજાય એવો થ્યો'તો ને હોળી આવી. ઓણના વરહમાં મારી ફોઈના ઘેરે 'વાઈળ' હતી. મને તો ખાતરી જ હતી કે આપણને ન્યાં કોઈ નઈ લઈ જાય. પણ ઓલા ચોરવારા બનાવના પરતાપે આઈ માર હાટું નવો બુશકોટ ને ચણિયો સીવી લાવી. હું, આતા, આઈ અને મારી મોટી બેન રાંભી અમીં હંધાય વાઈળ લઈને ફોઈને ઘરે જવાનાં હતાં. હું તો પેલ્લી વાર વાઈળ જોઈશ. હરખ તો ક્યાંય સમાતો ન'તો. આગલે દી આઈ મને થેલી ઉપાડવા દુકાને ભેગી લઈ ગઈ. ખજૂર, પતાસા, દાળિયા, નારિયેળ અને ફોઈના દીકરાની વાઈળમાં દીકરાને પેરાવવા હાટું લીલા રંગનાં એક જોડી કપડાં. એટલું અટાણું અમીં કરી લાઈવા.

બીજે દી' વ્હેલી પરોઢે અમીં ફોઈને ઘરે ગ્યાં. આઈ તો ફોઈના દીકરા વેરશીને ખોળામાં લઈને રમાડતાં રમાડતાં રડવા લાગી! મારી ફોઈ એના વાંહામાં હાથ ફેરવતાં બોલી: 'ભાભી, દીધા-લીધા તો ઉપર્યવારાના હાથમાં સે. રાંદલમાંની બાધા રાખ. અમારો દી' એનીએ જ વાર્યો સ. ને આ જોતાં ખરી દીકરાવને પાસા પાડે એવી દીકરીયું દીધી સે તને ભગવાને.' ફોઈ મને બાવડું જાલીને આઈ હાંભે ઘરીને બોલ્યાં. મારે કપાળે હાથ ફેરવ્યો. ફોઈની દીકરી લાખી અમારી વાતું સાંભળતી સાંભળતી હાથમાં મેંદયુંથી ડિઝાઈનું કરતી'તી. અમીં હાંજે બરતણ લેવાં એકઢાળિયામાં ગ્યું તંયે મીં લાખીને પૂછ જ લીધું, 'આ મેંદયું કેમ કરી સે? કોઈના વિવા સે?'

'હા, માર ભાઈ વેરશીના!' ઈ માર માથે દાંત કાઢવા માંડી ઈ મને નો ગઈમું.

'હજી તો માંડ જલમો સે ઈના કાંઈ લગન વોય?'

'લીલું તો લીલું જ રય. આજે રાતે સે ને કે હોળી થાહે ને તંયે વેરશીને તારા આતા તેડીને નારિયેળ લઈને સ્યાર ફેરા ફરશે. એમ કેવાય કે આપણી નાતમાં દીકરાના બે વાર લગન થાય. એક વાર ઈની વાઈળમાં ને બીજી વાર માંડવા હેઠે. ને એટલે અમીં મેંદયું મેલાવી સે. આજે તો હાંજે જોજે તું કેટલાંય સોકરાવની વાઈળુ હહે. તારે ભાઈ ન્યથ ને એટલે તને ખબર્ય નો પડે!'

મને તો ઈ 'તારે ભાઈ નથ એટલે ખબર્ય નો પડે' એવું ભૂંડું બોલી એમાં એવું દુઃખ થ્યું જાણે ઓલા મંકોડાના મોઢેથી મીં પરસાદ ખાઈ લીધો'તો ઈ હંધાય મને એક હારે કરડી ગ્યા હોય! હાંજ ટાણે અમીં હંધાય વ્યારું કરીને વાઈળની ત્યારીયું કરી. મારી આઈ લ્યાવી'તી ઈ લીલાં કલરની કપડાંની જોડ પે'રાવીને વેરશીને વરરાજાની ઘોડ્યે શણગાર્યો. લાખી તો રૂપ-રૂપના અંબાર જેવી લાગતી'તી. એક ત્રાંસમાં પતાહાંના હાર ગોઠવ્યા ને બીજામાં ખજૂર-દાળિયા. મારી ફોઈ તો કોઈ હરખાઈ! હરખમાં ને હરખમાં એની કાનની ઝૂમણું તો ડોલ્યાં જ કરે. ને મારી આઈને તો મીં આજ એવી નિમાંણી કોઈ દી' નથ જોઈ. 'આઈ, મારેય મેંદયું મેલવી સે...' એવું મીં કીધું તો આઈએ મને એક બુથાલામાં મારી. ને પછી કાંવ થ્યું તે પોતે ને પોતે મારે માથે હાથ ફેરવવા લાગી. હું કાંઈ હમજુ ન હમજુ ન્યાં લગીમાં તો હોળીની બંદૂક ફૂટી. અમીં હંધાય જાનૈયાની વેરે મારા આતાની વાંહે વાંહે હાલવા માંડ્યા. મારા આતા વેરશીને તેડીને સ્યાર ફેરા ફર્યા. તેદૂ હોળીની અગ્નિ જોઈને મને કાંવ ભાળી ગઈ તે મને વાઈળ કરવાનું ભૂત ભરખી ગ્યું. ગમે ઈ થાય મારેય લાખીની જેમ મેંદયું મેલવી સે ને ત્યાર થાવું સે.

ફોઈના ઘરેથી અમીં આઈવા ઈ કેડે આઈ રાંદલમાંના ભૂઈ પાંહે જાતાં. મનેય ભેગા લઈ જાય. ભૂઈમાં ચપટીમાં જુવારના દાણા આપે ઈ આઈ ગળી જાય. અમીં કેટલાંય દિતવાર-મંગળવારે ભૂઈમાં ને ન્યાં જાત્યું. ઠેઠ મારી મોટી બેનનું સગપણ નક્કી થ્યું ન્યાં લગી. પસી તો એનાં લગન લેવાણાં. મોટી જાન આવી. ને વેવાઈના માસિયાર ભાઈના બે દીકરા વેરે અમાર બેય બીનુંના પણ ચાંદલા કરી ચૂંદડિયું ઓઢાડી દીધી. તે ત્યનેક વરહ કેડ્યે ચોમાસુ સારું થ્યું, ચણા-જુવારના ઘર ભરાઈ ગ્યા એટલે અમાર બેય બીનુંની પણ વિદાય દેવાઈ ગઈ. મને તો આઈએ સેલ્લે-સેલ્લે કીધું કે 'હાહરિયામાં ગાંડા ન કાઢજે. જી આપણા ધણીને વ્હાલું ઈ આપણું પણ વ્હાલું. બવ વેન કરતી નય સેવાયમા.' ને માર માથે હાથ મેલીને આઈ ધ્રુસકે ધ્રુસકે રડી.

હું ને પરબત પેલ્લી વાર વાયણું જમવા આતાને ન્યાં આઈવા એટલે અમીં બેય જણા આઈને પગે પડ્યાં તો આઈ ક્યે કે 'માતાજી તમને હૌથી હવાયા રાખે ને દેવના દૂત જેવો દીકરો દ્યે.'

મને મનમાં થ્યું કે 'અરે રે! આઈ તો આઈ જ સે! હાવ!' અને ચ્યારેક વરહ કેડ્યે આઈના આશીર્વાદ ફળ્યા ને બરોબર્ય હોળી માથે જ મારે દી' ર્યા. આઈને ખબર્ય દેવા પરબત પોતે ગ્યા. પાછા આવીને પરબતે મને વાત કરીઃ 'આઈને તો મીં વધામણી આપી એવાં રાંદલમાંનાં નામ લઈને રડવા માંડ્યાં. ને માર લીલુને કાનુડો આવશે તો હાકર્ય ભારોભાર તોરશે એવી માનતાય કરી.'

હું ઘડીક તો પરબત હાંભુ જોઈ રય. ઈ કાંવ ક્યે એવાં હાટું હું ખોટુક ખોટુક બોલીઃ 'હાં, રાંદલમાં ઝટ દીકરો દઈ દ્યે એટલે બસ. નકર હુંય મારી આઈની વેરે દાણા ગળતી રઈ જાઈશ.'

પરબત મારા વાંહા માથે હાથ મેલીને તેદૂ બોઈલા કે ' મારે મન દીકરો-દીકરી કાંઈ ફેર નો પડે વો, લીલું! અને આપણે ઈંવા કાંઈ દોરા-ધાગા ન્યથ કરવા. હાં, ભગવાનને

જી દેવું હોય ઈ દ્યે. આપણે ઈ ભગવાનની પરસાદી હમજવાની. આપણે તો દીકરીને પણ દીકરાની ઘોડ્યે જ પારશું.'

પરબતના ઈ વેણ તો મીં છૂંદણાની ઘોડ્યે છાતીએ કોતરી લીધા. તેદૂ જ મીં મનમાં ગાંઠ વારી લીધી'તી કે ગમ્મે ઈ થાય મારી માંની વેરે હું દીકરા વાંહે ગાંડીતુર નહીં ફરું. હું મારા ઉપર્યથી જ દાખલો દવ સુ કે મીં તો આજ દી લગી દીકરાની વેરે કામ કર્યું. કોક-કોક તો મને ભાઈડા સાપ હોતન ક્યે. પણ હું ઈ કાંઈ ગણ્યા વગર કામ કર્યે રાખી. વાડીએ ગાડું-બળદ લેવા-મેલવા જાવાના હોય કે રાત વર્યત ખેતરુંમાં પાણી વારવાના હોય! લીલું કાયમ ભાઈડાની જેમ મોર્ય જ હાલી સ. દીકરા જેવાં કામ તો કર્યા સે.. પસી કાંવ જોયે હજી બીજું!

તેદૂ અમીં બેય જણા વેલ્યાં ઊઠ્યાં. મીં નાઈ-ધોઈને પાણિયારે દીવો કર્યો ને પરબતે ઢોરને વાહીંદા નીરણ કર્યા. પસી અમીં બેય જણાએ રસોડામાં બબ્બે અડારિયું સા પીધો. તેદૂ સે ને અમારે પો'રે દાક્તરને બતાવવા જાવાનું હતું. પાંચમો મહિનો પૂરો થાવામાં સ્યાર દી જ બાકી હતા. પરબત ક્યે કે 'હોન્ડા માથે તારે કીધે સેટ લગી બેહાશે ને? નક્કર નારણની રઈક્ષા કરી લઈએ?'

'ના રે ના! ઈમાં કાંવ હું ફાટી પાડવાની સું? હવે જાવ તમ તમારે એક આંટો ખેતરે દયાવો ન્યાં લગીમાં હું છાસ કરી લઉં. પસી આપણે નીકળીએ. વો!'

આ કોરા હું છાસ કરવા બેઠી ને પરબત ગ્યા ખેતરે. ગ્યા ઈ ગ્યા તી નવ વાગ્યા તોય પાસા ન આયવા. બપોરે રોટલા ટાણે અડધું ગામ ઘેરે ફારિયા ને કારા સાડલા પે'રીને બાયું છાતી કૂટતી આવ્યું. મને ભેટી ભેટીને બોકાંહાં દેવા માંડ્યું. 'આ હું સે હંધુય! આ કોની કાયણ કરો સો?' એવું હું પૂસું એની પેલ્યા જ મારી કાકી સાસુએ પોક મેલી.

'હે! અમાર આડાથી ખાપણ ખેંસી લીધા દીકરા ત્યેં!...તને તારા જણ્યાની મેરુ નો આવી! તારા વિના અમારા દી' કેમ જાહે! તારી ખોટ અમે કેમ બુરશું? હેં? તારા જણ્યાને અમીં કાંવ મોઢું બતાવશું? તારે આ જોવું ન'તું હંધુય હેં? અમને રઝળતા મેલીને તું ક્યાં વઈ ગ્યો? અમારા ઠારકા હવે કોણ ઠારશે? તારી લીલુના હાથ અડવા કરી દીધા તે! હવીં આ આંગણામાં બંગડિયું નઈ રણકે મારા વ્હાલા! તે સડતા પ્હોરે અંધારું કરી નાંખ્યું. રામ...રામ... હે રામ!' અને સાતી કૂટવા માંડ્યું.

ને મારે તો હંધુય સુન્ન. સોંપો પડી ગયો. છાતી જાણે આઘડી જ ફાટી જાહે!

કેટલાય દી' લગી હંધાય નોખી નોખી વાતું કરતાં. કોઈ ક્યે કે 'પેલ્યા બીડી પીધી ને પસી મોટર સાલું કરવા ગ્યો.'

'ઈનીયે જો સંપ્પલ પેર્યા હોત ને તો સોટ ન લાગત!'

'માટી પણ પાંસ હાથ પૂરો હતો...પણ ન્યાં સોટ થોડો કોઈને મેલે! કેમ જીવ ગ્યો હઈશે હેં!'

હું તો સૂનમૂન ખૂણામાં પડી રવ. ખાવા ટાણે હંધીય બાયું મને કેવ્યું ફોસલાવે.

'જો લીલું! આ પેટમાં માલીકોર સે ઈ જીવને આપણાથી હેરાન નો કરાય વો! કાલ હવારે હંધુંય હારુ થઈ જાહે....અંદર સે ઈ જીવનો તો વિસાર તારે લેવો જ જોહે ને, બેન!...ભગવાન કાનુડો આપી દેહે.... જોજેને અસ્સલ પરબત જેવો જ દેશે... પસી તો માં દીકરો નવરાંય નઈ થાવ... એને નવરાવવા ને ખવરાવવા-પોઢાવવામાં દી કેડ્યે દી નીકળી જાશે. દિવાળી આવશે. ઈના હાટું રમકડાં ને પીપૂડિયું પાવા લેવાશે, ને હોળી માથે આપણે જાડેરી વાઈળ કરશું. હું જોજે તાં ખરી કાનુડા હાટું કેવી જોડ હીવરાવીશ. આખું ગામ જોતું રઈ જાય એવી એની વાઈળ કરશું. કાલ સવારે મોટો થઈને માનો ટેકો થઈને ઊભો રે'શે...હાલ માર વ્હાલો આ ઘી ને ખીચડી ખાઈ લે.'

•

ત્રનેક મઈના કેડ્યે આઈ મને આણું કરીને ઘેરે તેડી ગઈ. કારતક ઈતરીને માગસર બેસવાની ત્યારીમાં હતો. એક રાતે મને પીડ ઊપડી. આઈએ આતાને ઉઠાડ્યા. વરહ આતાને સ્યારેકોરથી ગળી ગ્યાતા. એનાથી હવે માંડ માંડ ચલાતું હતું. રાતે ઈ ગામમાં રઈક્ષા ગોતવા ગ્યા. આઈ મારા ખાટલા પાંહે આવી. ઈનીય આંખ્યું ઉનાળાના ખેતર્ય જેવી કોરી ધાકોળ થઈ ગયેલી. મારા માથે હાથ મેલીને ક્યેઃ 'લીલું! આવા ટાણે ભાઈ વોય તો કોઈનો ભાઈ-બાપો ન કરવો પડે, બેન!'

મને પેટમાં તો દુઃખતું જ હતું પણ છાતીમાંય બે સબાકા નીકળી ગ્યા. ને તેદૂ હું આઈનો હાથ જાલીને ખૂબ રોઈ. અમીં માં દીકરી અડધી રાત્યે હૌ-હૌના ક્યા દુઃખડા હંભારીને રડત્યુંત્યું ઈ તો મારો રામ જાણે. તેદૂ પેલ્લી વાર આઈએ મને દીકરો કીધો. 'લે માર દીકરો! સાનો રઈ જા માર પેટ! લે આ ચારણ્યું આઈનો પરસાદ મોંમાં લઈ લે. હૌ હારું થઈ જાશે.' આઈએ મારા મોઢામાં સાકર નાંખી.

અમીં દવાખાને પૂગ્યા ને મને ખાટલામાં સુવડાવી ઈ ભેગી મને સુવાવડ આવી ગઈ. નર્સે કીધું 'દીકરી આવી છે'. પસી હું નિરાંત કરીને જપી ગઈ. મીં આંખ્યું ખોલી તંયે આઈ, આતા, મારી બેય બીનું, ઈના વર ને હંધાય મને ઘેરીને ઊભાં'તાં. એનાં હંધાયનાં મોઢાં તો એવાં હતાં જાણે ખેતર્યની કુણી જુવાર કોઈ હરાયું ઢોર ન ચરી ગ્યું હોય! આઈ રડતી રડતી એમ બોલીઃ 'માતાજીએ માર હાંભુ ન જોયું તો કાંઈ નય પણ માર દીકરી હાંભુ તો જોવું'તું.' મારી બેય બેનુંય રૂંગા પાડવા લાગ્યું. મને પરબત હાંભર્યા.

'આપણે તો દીકરી જલમે તો ઈનેય દીકરાની ઘોડ્યે પારશું,' તેદૂ ઈ કેવા હેતથી બોલ્યા'તા હેં? આજ ઈ હોત તો કેવા રાજી થાત! પસી તો મારી આંખ્યુંમાંથી ચારે કોરથી આહુડા ફૂટ્યા. મારી બીનું મને સોંટી પડી.

'લીલું, તું રડ્યમાં માર વ્હાલા...આપણે હજી ભવ ન્યથ હારી ગ્યાં. ભગવાનને દેવું હયશે તો હજી ક્યાં બાજી બગડી ગઈ! આપણે કંકુ-ચોખા કરશું. રાંદલમાં જોજે દેવ જેવો દીકરો દેશે.'

'બસ કરો વેવલીન્યુ! આજ મારો દી હું સે ઈ તો જોવો જરાક! પરબતની સૂંદડીએ જ મારે બરવું સે હમજી ગ્યું! આજ પસી કોઈ દી નામ નો લેત્યું કાંઈ! મારો મલાજો ન

રાખો તો કાંઈ ની...આ મારી દીકરીના જલમનો દી તો ન બગાડો.' બોલતાં બોલતાં મારા શબ્દો ફાટી ગ્યા. ડૂહકું ભર્યું ને માર બે પગ વચ્ચે તો સેડ ફૂટી. હું પગની આંટી મારીને માર દીકરીને પડખામાં લઈને સૂઈ ગઈ. ઈય રોવા માંડી.

'બસ, સાની રઈ જા... જોજે તો ખરી આ તારી માં લીલું તને કેમ ઉજેરે સે! હંધાય ભલેને ક્યે! તું એનું કાંઈ ધ્યાનમાં નો લેતી.' મીં સાતી ખોલી એના મોંમાં દીધી.

•

તેદૂ હું ચોકડીમાં મારી રાજીને નવરાવતી'તી. આંખ્યું તો અસ્સલ પરબતના જેવ્યું જ મોટી મોટી. ગાલે તલ સે ને સાતીએ કાળું લાખ. મીં ડોલચું ભરીને એની માંથે પાણી રેડ્યું ને ઈ તો પોક મેલીને મંડી રડવા. હું કવ કે 'જો રાજીબેન! આપણું તો નામ જ રાજી એટલે આપણે તો રાજી જ રે'વાનું. હમણાં તારી પેલ્લીવેલ્લી હોળી આવશે. ગામમાં છોકરાવની વાઈળુ થાશે. મામાને ન્યાંથી પતાહાં-સાકર લ્યાવશે. બીનું તો કોણી લગ મેંદયું મેલશે. ને ઢોલ નગારા વાગશે. ઢીં...ગ...ટી...ક....ઢીં....ગ...ટી...ક....' પણ રાજી તો મુર્ય ચૂપ નો થાય. હું તો કેટલાં કાલાવાલા કરું. પસીં તા તા માં બોલી ગઈ કે 'હાલ..તારું રોણું બન કર્ય તો તનેય લઈ જાશ.' ને હાચ્ચન કાંવ થ્યું તે એનું રોણું બન થઈ ગ્યું. મારી સાતીમાં તો જાણે સાણા સળગી ઊઠ્યા. હું કવ કે 'લીલું! ભલે ગમ્મે ઈ થાય પણ આ દીકરીની વાઈળ તો કરવી જ સે.'

તેદૂ ને તેદૂ જ આઈને ફોન માથે હમાચાર મોકલ્યા. આઈ ક્યે કે 'ગાંડી તો ન્યથ થઈ ગઈ ને! આવી ઘેલહાઘરી વાત્યાં ન કરાય. આખા મલકમાં તે ક્યાંય જોઈ સે દીકરીની વાઈળ! ભગવાન આપણે ન્યાં દીકરો દેશે, લીલું! હજી કાંઈ તારી ઉંમર ન્યથ વહી ગઈ. જરાક હમજણી થા.'

'આઈ! હવીં લીલું આ જલમમાં ફેરા ફરે ઈ વાતમાં માલ નઈ. હાં, ફેરા તો ફરશે પણ હોળીમાતાના. ચોરીના ફેરા નઈ. ગાંડી ક્યો તો ગાંડી પણ આ બાઈ હવીં કોઈનું ન્યથ માનવાની. માઈ ગ્યા તમાર રીતુ ને રિવાજ.'

મીં તો અડધી રાત જાગીને મેંદયું મેલી.

•

બંદૂક ફૂટી. અમીં માં-દીકરી એકલ્યું જ નીકળી પડ્યું. કોઈ કરતાં કોઈ અમારી હાર્યે ન આઈવ્યું. તેદૂ પરબતની કાણમાં હંધ્યુંય મને કેવી ફોસલાવત્યાં'ત્યું! ઈ હંધાયને હું માર દીકરીની વાઈળ હાટું નોતરવા ગઈ તો મને ક્યે કે 'લીલું, જલમ-મરણ તો ભગવાનના હાથની વાત સે. પરબત ગુજરી ગ્યો ઈંમાં આવું રઘવાયું નો થવાય. દીકરીયુંની વાઈળું થાતી હશે? મગજ મેલાઈ જાશે, લીલું! આવું બધું કર્ય માં.'

'દીકરી હાટું તારો જી પ્રેમ સે ઈ હાસી વાત પણ એટલે કાંઈ દીકરીની વાઈળ તો નો જ થાય ને! આપણો ધરમ ના પાડે બીન!'

'લીલું! પાપમાં પડીશ.'

'મને તો લાગે તને કાંક વારગાળ થ્યો સે. હાઇલ આપણે ભૂવા પાંહે જોવરાયાવ્યે.'

'ના, અમીં કોઈ નઈ આવ્યે. આવા ગાંડા કાઢીએ તો ઘરમાં જણું અમારો વારો કાઢી નાંખે.'

મને તો કોઈ ખીજ ચડી! એ...કાંઈ નઈ ના આવો તો જાવ બાપાનું ભાત લઈને! બીકણલીંડીયું! મીં ઈ કોઈની વાત કાને લીધી જ નય. ભલે પાપ પડે માર માથે! રાજીને ગોદડીમાં વીંટીન હું એકલપંડે ચાલતી થઈ ગઈ. મારી વાંહે ઢોલી આવતો'તો તે મને તો નાચવાનું તાન ચડ્યું. મલ્લક આખાની વાઈળુંના ઢોલ ઢમક..ઢમક... થાતા'તા. મને તો પંડમાં માતાજી આવ્યા કે કાંવ થ્યુ તે હું તો ભરબજારમાં માર દીકરીને તેડીને નાચવા માંડી. માથેથી હાડલોય ઊતરી ગ્યો ને અંબુડોય છૂટી ગ્યો ઈય ભાન નો ર્યુ. ને એયને લીલુંબેન જાય દીકરી સોતા નાચતાં નાચતાં.

'ખેતર્યમાં જલ્મી ઈ લીલું..., મંદિરનો પરસાદ ચોરીને ખાઈ જાય ઈ લીલું.... ચોરનેય ચાબુક ખવડાવે, ઘરનો દીકરો થઈને ર્યે ઈ લીલું... ધણીની હારોહાર્ય ઊભી ર્યે, ચડતી પ્હોરનો રંડાપો વેઠે ને દીકરીની વાઈળમાં ખુલ્લે માંથે બજારમાં નાચે ઈ લીલું આજ તમારા રિવાજુંની લીલી જુવાર્ય ઉપર્ય દાતવડું ફેરવે સે....' એવું બોલતી જાવ.

મારી રાજીનો તો મામોય હું, બાપેય હું ને ભાઈએય હું. ઢોલ વગાડતા ઢોલિયું, દીકરાવને તેડીને જાતા મામા-મોસાળ ને આખા ગામના માણહ-તુણાહની વચ્ચેથી હું હંહોરવી નીકળી. ને અમીં માં-દીકરીએ હોળીમાંના દરશન કર્યા. 'જય હોળી માં!' રાજીના મોં ઉપર્ય લાલ-પીળો પરકાશ જીલાતો હતો. આઘે ઊભેલ ટોળું મારી હાંભુ ડોળા કાઢતું'તું. અમીં હોળી માતાના ફેરા ફરીયું. એક ફેરો.... બીજો ફેરો... .ઢોલ ઢબુકે... લીલુંબેન દીકરીની વાઈળ કરે... ગામ આખું ડોળા કાઢે... ત્રીજો ફેરો.... ને આ પૂરો કર્યો સોથો ફેરો.....આખો ભડકો જાણે અમને મા-દીકરીને આશીર્વાદ દેતો હોય એમ અમારી કોર્ય નમતોજમતો લાગતો'તો. આઈજ પરબત હોત તો કેવા રાજી થાત હેં! ને મેં ઊંચે આકાશ ઢારું જોયું... 'પરબત! પાપ લાગે ઈ હંધુંય માર માથે બસ....' મારાથી એટલું તો માંડ બોલાયું. ને આંખ્યુંમાં પાણી ઊભરાઈ આઈવાં.

વાંહે ઢોલ ઢબૂકતા'તા.

■

જીવનમાં જ્યાં રસ, સૌંદર્ય ને સાચો પ્રેમ દેખાય, જીવનમાં જ્યાં અજ્ઞાન, દુઃખ અને કલહ દેખાય, જીવનમાં જ્યાં નિર્દોષ આનંદ ને દોષિત વિલાસ દેખાય, ત્યાં સર્વ સ્થળમાં ને સર્વ સમયમાં ટૂંકી વાર્તા માટે વિષય પડેલા છે અને જેવી રીતે હિમાલયના સોને મઢેલા શિખરનું એકાદ વખતનું ઘડી બે ઘડીનું દર્શન જીવનભર સાથે ને સાથે ચાલ્યું આવે છે, તેવી રીતે આવા પ્રસંગમાંથી પરમાણુ મળી જાય છે કે જે આખા સર્જનને કોઈ અનોખા રંગે જ રંગી દે છે. ટૂંકી વાર્તાના લેખકને માટે ચોખૂંટ ધરતી અને વિશાળ જનસમુદાય અભ્યાસ, અવલોકન ને પ્રેરણા માટે પડેલાં છે. (**ધૂમકેતુ :** ટૂંકી વાર્તાની કલા)

ડાઘ...

પારુલ બારોટ

માખીઓનો બણબણાટ વધી પડ્યો. ઓરડી આગળ ચાઠિયામાં કૂતરાંએ ચૂંથાચૂંથ કરી મૂકી. કાગડાઓ ચાઠિયાની આજુબાજુ પડેલા એંઠવાડમાંથી અનાજ ચાંચમાં ઘાલીને ઊડાઊડ કરી રહ્યા હતા. રૂખીને આ બધું જોઈને ઊબકો આવવા જેવું થયું. ઓરડીનાં પગથિયાં પર પગ ઘસીને એ અંદર જવાનું કરતી હતી ત્યાં એના પતિએ એનાં આઘાંપાછાં થઈ ગયેલાં ચંપલ શોધવા રાડારાડ કરી મૂકી.

'શું છ તી ઓમ ફાળે થ્યા સો આટલા..'

'ફાળે ના થઈ તો હું કરું, તારામાં જરાય વેંતા જ નહીં પછી અ...'

'તમી ઘણાં વેંતાવાળા સો એ તો મન બધીય ખબેર સ અ. એક મહિનામાં ઓરડીના ભાડાનો વેંત તો નહીં કરી હકતા ન પાછી હુશિયારી ચ્યમ મારો છો?'

'ઓવ...તમી બધોય લોહી પીવાનું સાચી રાસ્યુ સઅ? ભણેલો સુ પણ નોકરી નહીં મળતી. તું જ કે ફૅક્ટરીના પગારમાં કઈ રીતે આખાય ઘરનું પૂરું કરવું?'

'મનેય ખબેર સ અ, પણ આજ ત્રીજી તારીખ થઈ. પેલો ભાડું લેવા આયો જ હમજો.'

'હા, તે હું શું કરું? ચારે બાજુ લાયો લાગી સ અ'.

'આજ હોજેકના ક્યોંકથી વેંત કરતાં આવજો ન! બે ભાડાં ભેગાં થ્યા સી. એક આલીશું તોય મોની જહે.'

રૂખીનો પતિ જયંતી મૅટ્રિક પછી બે વર્ષ કૉલેજય કરી. પણ નોકરી ના મળી તે ના જ મળી. ફૅક્ટરીમાં ગયા વિના છૂટકો ન હતો. ટૂંકા પગારમાં આખાય ઘરનું પૂરું કઈ રીતે થાય? એને પણ મકાનમાલિક ભાડું લેવા આવશે તેની ચિંતા હતી. રૂખીએ શોધી આપેલાં ચંપલ પહેરીને એ જવાનું કરતો હતો ત્યાં એને કશું યાદ આવતાં બોલ્યો : 'તું ઈમ કર... મોમા પાસે જતી આય, પૈસાનો વેંત થાય તો ભાડાની માથાકૂટમાંથી છૂટીએ.'

'પણ મોમા આલશી?'

'ચમ નૈ આલ, આપણે ચ્યોં કાયમ ઈમના કૂકા લઈન બેહી રેવાનું સ અ?'

'હા તે હું તો જયે... પણ, તમે તમારા ભઈબંધ – દોસ્તારો પાહેથી મળ એવું કોક કરજો.'

રૂખી આગળ કશું જ બોલ્યા વગર ઘરમાં જતી રહી. જયંતી પણ ગયો. રૂખી ઘરમાં જઈને ખૂણામાં બેઠી. એનો ત્રણેક વર્ષનો છોકરો ધીમે ધીમે એની પાસે આવીને એના ગાલ ઉપર હાથ ફેરવવા લાગ્યો. પછી એની છાતી ઉપરથી સાડલાનો છેડો આઘો કર્યો.

ઓવ...અવ ખબેર પડી ચ્યમ આટલાં લાડ ઊભરાય સ અ.'

સાડીનો છેડો સરખો કરતાં સહેજ ગુસ્સામાં રૂખી બોલી : 'હેડ...હેડ...અવ આઘો જા...ચ્યો હુધી બચકારા બોલાઈશ... તૈણ વરસનો ઘઈડો થ્યો.'

છોકરો ઝપાઝપી કરી રડવા લાગ્યો.

'હારું ... હારું ... આવું સુ ચૂપ થા ...ગોમ્પા ભા...'

હતી એટલી મમતા રૂખીના થાનકમાં ઊભરાઈ આવી. ડાબું થાનક ખોલ્યું ના ખોલ્યું અને છોકરો બે હાથેથી સ્વર્ગનું અમૃતપાન કરવા લાગ્યો. એને સારું લાગતું હતું. મન ફરી વિચારોના વમળમાં ઘેરાયું. ઘણા ઓરતા સી પણ રૂપિયા વગર કરવાનું હુ? છોરીન ભણવા મૂકવી સ અ. ઈનો ખર્ચો નઈ થાય...સરકારી નેહાળમાં ભણશે. તાણ બીજું હું થાય? ઘરમાં એક હોધીયે અન તેર તૂટ સ અ. ચેવુ ગોલુ પેઠું સ અ. બળ્યું ચાણ હખ આવશે અને હુખી થાહુ...' એ ઊભી થઈ. નિસાસો નાખ્યો. 'ચ્યોં હુધી ભાડાં ભરહુ? એક રૂમ રહોડાવાળી ઓયડીનું ભાડું તો જુઓ!!' રસોડામાં જઈ ઝપાટાબંધ એણે રાંધી કાઢ્યું.

છોકરાનું મોઢું ધોઈને એને થોડાં સારાં લાગે તેવાં કપડાં પહેરાવ્યાં. સામે અરીસો રાખીને એ વાળ ઓળાવવા બેઠી. પોતાનો રૂપાળો ચહેરો જોઈ એ શરમાઈ ગઈ.

'બળ્યું આ રૂપેય શા ખપનું?'

એણે કાળા ભમ્મર રેશમી વાળ, અણિયાળી સપના ભરી આંખો, ભરાવદાર ગોરું ગોરું શરીર, ગુલાબી ગાલ, પોયણી સરખા હોઠ...ધારી ધારીને અરીસામાં જોયાં પછી અરીસો હટાવી અને ઠેકડો મારી ઊભી થઈ અને બબડી : 'કાગડો દહીંથરું લઈ ગયો... પછી પાછી બે હાથ વડે મોઢું દાબી દીધું. પછી શરમાઈને સાડીના છેડાને દાંત વચ્ચે દબાવતા જાતે ને જાતે લજવાઈ ગઈ. એ લચકમચક કરતી ચાલવા લાગી કમરે એનો કાળો ભમ્મર ચોટલો પણ હિલ્લોળા લેતો હતો. રૂખી જાતે ને જાતે પોતાની કાયાના વણાંકો પર વારી ગઈ.

'ગયા મહિને મકાનમાલિક ભાડું લેવા આયો ત્યાર મારી હોમે જોવામાં આખાં શરીર પર ચ્યોં ચ્યોં ઈની ભુખાવડી નજર નોખતો તો.' એક વાર તો મૂવાએ ઓખ મારી લીધી હતી. એ વખતે ઈન આખેઆખો રહેશી નોખવાનું મન થયું'તું. પણ, મને કમને ચૂપ રહ્યા સિવાય છૂટકો જ ચ્યોં સ અ. બે ભાડાં ચડ્યાં સી. ઓયળીમાંથી કાઢી મૂક તો જવું ચ્યોં બાપલિયા? એણે હોઠ ભીડ્યા. છોકરાને કેડમાં ઘાલ્યો. ઘરને તાળું માર્યું. નિશાળેથી

છોકરી બપોરે આવશે ત્યારે ઘરને તાળું મારેલું જોઈ નિસાસો નાખીને પાછી જશે. એણે પાડોશીના ત્યાં ચાવી આપીને કહ્યું :'રમલી આવ તો કેજો ક તારી મમ્મી બાર જઈ સ અ. કોઠી પર વાડકામાં શાક અને કબાટમાં રોટલી મૂકી સ અ. તે તું ખઈ લેજે.'

રૂખી આટલું બોલી બહાર નીકળી. બસમાં બેઠી અને એના મામાના ત્યાં ગઈ. મામા તો ઘરે ન હતા. ઘણા સમય પછી એ એના મામાના ત્યાં ગઈ હતી એટલે મામીને સારું લાગ્યું. એકબીજાની ખબર અંતર પૂછવામાં અને બીજી વાતો કરવામાં ખાસ્સો એવો સમય પસાર થઈ ગયો. પણ રૂપિયા માંગવાની વાત કરતાં રૂખીની જીભ જ ઊપડતી ન હતી. થોડી વાર ચૂપ રહી એટલે મામીએ જ પૂછી લીધું.

'રૂખી, તું તો જમીને આવી છે ને? '

રૂખીનું મગજ ચકરાવે ચડ્યું.

'આ તે કંઈ હવાલ કરવાની રીત સ અ? ઈમ કે'વાય ક ખાવાનો ટેમ થઈ જ્યો સ અ. તે તું ખાવા બેહી જા.'

એના મનમાં શંકાનો કીડો સળવળવા લાગ્યો. 'મોમી, મન રૂપિયા આલ એવું મન લાગતું નહીં.' તે છતાં એ મામીની પાસે જઈ હળવેથી મન કાઢું કરી અને કહી બેઠી.

'મોમી... હુ... હુ... હુ કઉ સુ. .. હોભળો સો... ? કઉ સુ... માર થોડાંક રૂપિયાની જરૂર સ અ.' થોથવાતી જીભે, ના છૂટકે, મન મારી અને રૂખીએ મામી આગળ વાત મૂકી.

રૂખીની વાત સાંભળતાં જ મામીનું મોઢું કાળુંમેશ થઈ ગયું... આંખોની ભમ્મર ઉલાળી... આજુબાજુ જોઈ... કશુંક મનમાં વિચાર્યું અને આંગળી મોં ઉપર મૂકી વિસ્મય સાથે બોલી : ' લે... હાય...હાય...મારી બુન... પહેલાં ના કે'વાય? આ કાલે જ તમારા મોમાએ તું બેઠી સઅ એ સોફો લીધો તે ઈના રૂપિયા આલ્યા.'

રૂખીએ મનોમન કપાળ કૂટ્યું. 'મામો તો પૈસાદાર છે. બે મહિનાના ભાડા જેટલાય રૂપિયા ના હોય? આટલા રૂપિયા તો રમતાં રમતાં એ આપી દે.' રૂખીને મામી ખોટું બોલતાં હોય તેવું લાગ્યું. એની રગેરગમાં ખાલી ચડવા લાગી. અપમાનનો કડવો ઘૂંટડો એ પરાણે પી ગઈ. રૂખીને ત્યાંથી જલદી ભાગી જવું હતું. મામી એની સામે એકીથશે જોઈ રહી હતી.

'અત્યારે રૂપિયાની શું જરૂર પડી?'

'ઓયડીનું બે મહિનાનું ભાડું ચડ્યું સે. '

'કેટલું???'

'છે હજાર...'

'અહોહોહો... એટલાં બધાં રૂપિયા ક્યાંથી લાઉં'? થોડી દિલસોજી વ્યક્ત કરીને ઊંચા સ્વરે મામી ફરી બોલી.

'તો તમે શું કરો છો? આ બે મહિનાનું ભાડું ચડ્યું છે ત્યાં સુધી, આ જયંતી દારૂબારુમાં રૂપિયા ઉડાડતો નથી ને?'

'ના...ના...મોમી!!! ઈન તો ચા પીવાની લત નહીં. પસી દારૂ હુ કોમ પીવ?'

'તું ઘરમાં રહેનારી તને શું ખબર, આદમીઓ બહાર શું શુંતારા કરે છે.'

મામી વાતનું વતેસર બનાવી ઘા ઉપર મીઠું ભભરાવી રહ્યાં હતાં.

રૂખી મામીના શાણા ચહેરાની સામે જોયું ઊભી થઈ ગઈ. મામીને પગે લાગી માંડ માંડ બોલી; ''આવજો મામી!!!'

હવે? બહાર નીકળીને રૂખી મૂંઝાઈ ગઈ. એ સરસપુર દિયરના ઘરે ગઈ. જ્યારે તો ચોખ્ખો મોઢા ઉપર જ ફરમાવી દીધું : 'જુઓ હું તો સો – બસો ઉછીના આપી શકું. છ હજાર આપવાનું મારું ગજું નથી.'

દિયરે હાથ ઊંચા કરી દીધા. નિસાસો નાખતી સરસપુરમાંથી રૂખી બહાર નીકળી. કાલુપુર આવી. મોટા શાકમાર્કેટમાં શાક સસ્તું પડે એટલે ત્યાં જઈને થોડી શાકભાજી ખરીદી. ક્યાં જવું? નક્કી ન હતું. 'જયંતીના ભઈબંધોએ બોદા અન સાવ નકામા હશી..? એકાદને તો અજમાવી જોઉ.' રૂખી મનોમન વિચારતી હતી અને તેને જયંતીનો એક ભઈબંધ મનુ યાદ આવ્યો. જ્યારે આવે ત્યારે મોટી મોટી વાતો કરતો અને મિલમાલિક હોય એવા તાકા ફાડતો. રૂખી સિધ્ધી પહોંચી એના ઘેર. નસીબ સંજોગે એ ઘરે જ હતો.

'આવો... આવો... રૂખીભાભી, કેમ આમ એકલાં?'

'તમારા ભાઈબંધ તો ફૅક્ટરીએ ગયા સે. માર તમારું કોમ હતું એટલ ઓય આઈ પો'ચી. હારું સ અ તમી ઘેર સો.'

'બોલો... બોલો... ભાભી તમારા માટે આ બંદા બધા હાજીર હૈં...!' એણે પોતાની લુચ્ચી નજર રૂખીના દેહ પર ફેરવવા લાગી. રૂખીના આખા શરીરે ફરતી ફરતી છાતી પર આવી અટકી ને રૂખી બોલી પડી.

'કોમે આઈ સુ...'

રૂખીને જોવામાં ધ્યાનમગ્ન થયેલા એને પહેલાં તો કશું સંભળાયું નહીં. રૂખી ફરીથી બોલી તો એ બેબાકડો બની ઊઠ્યો; 'હે એએએ...'

એ રૂખી સામે લુચ્ચું હસી પડ્યો. એની લુચ્ચાઈ રૂખી પામી ગઈ. એ જયંતી પાસે આવતો ત્યારે પોતાનાં વખાણ કરતાં થાકતો ન હતો. એ વખતે એ નિખાલસ લાગતો હતો. એની નિખાલસતા પાછળ એની કેવી બૂરી મતિ હતી તે આજે સમજાયું. રૂખીને એની પરીક્ષા કરવાનો ઠીક લાગ હતો. આ માણસ પોતાને ના નહીં જ પાડે એવું એને લાગ્યું.

'કેમ ઊંદાં બેઠાં છો ભાભી!'

'હું બોલું? ફૅક્ટરીના પગારમાં ઘરનું પૂરું થતું નહીં અન ઘરનાં ભાડાં બે મહિનાના ચડ્યા સી.'

ભાઈબંધ થોડો ખચકાયો. તે દરમિયાન આડોશપાડોશમાં ગયેલી એની પત્ની આવી ચડી ને રૂખીને જોઈ બાથમાં ઘાલી. રૂખીને મૂંઝારો થયો. એને આઘી ઠેલતાં રૂખીએ કહ્યું: 'હાય...બાપ તમે તો પુરુષને શરમાવે એટલું જોરથી બાથ ભરી.'

'એટલે તો તમારા ભાઈ હખણા રહે છે નકર..'

'હે એએએ... નકર શું? બોલ બોલ..!'

ભાઈબંધ ગુસ્સામાં બોલ્યો. પત્ની ગાંજી જાય તેવી ન હતી.

'હાસ્તો... વળી... હું તમન હારી રીતે જાણું સુ ક તમી ચેવા સો.'

'ઈમ.... તેવો સુ?... હે... કેવો છું...?'

'આ રૂખીની હામે માર કંઈ કે'વું નહીં..'

એની પત્ની છણકભણક કરવા લાગી. લાલ આંખો કરીને પેલો ભાઈબંધ પગ પછાડતો બીજા રૂમમાં જતો રહ્યો ને રૂખીને નિસાસો પડ્યો. ભાઈબંધ પાસેથી થોડા ઘણા રૂપિયાનો વેંત થાત એવો હતો પણ, એની બૈરીએ બધું બગાડ્યું. વાતો નહોતી કરવી તોએ થોડીઘણી વાતો કરીને એ બહાર નીકળી ગઈ. ભાઈબંધ જે રૂમમાં ગયેલો ત્યાંથી પસાર થતાં થતાં એ મનુને વાંકી વળી શોધવા લાગી પણ, એનો કોઈ પત્તો ન હતો.

એ થાકીને ઘરે આવી. મન મૂઝાતું હતું પણ, શું કરે? કપડાં – પોતામાં સમય ગયો ખબરેય ન પડી. એમ કરતાં સાંજ સામે આવતી ગઈ.

એની છોકરી નિશાળેથી ઘરે આવી એને પૂછી લીધું.

'તું બપોરે ખાવા આવી ત્યારે કોઈ ઘરે આવેલું?'

'મને તો ખબર નથી પણ રમાકાકી કહેતાં હતાં કે કોઈ માણસ આવેલો, એ કહેતો ગયો કે સાંજે પાછો આવીશ.'

રૂખી સાવ સિયા થઈ ગઈ, મનમાં ને મનમાં જાણે મળતી હોય એવું થતું હતું એ ઘરમાં ખાલી ખાલી આજીપાછી થવા લાગી...

'એ... એ જ... હોય... મકાનમાલિક અમણાં પાસો આવ્યો જ હમજો. જયંતી આવ એ પસી એ આવ તો હારું. પણ, ધાર્યું થયું નહીં. પેલો બે ત્રણ ગુંડા જેવા માણસો લઈને રિક્ષામાં આવી ચડ્યો.

આવતાંવેંત જ મોટે મોટેથી બૂમબરાડા પાડવા લાગ્યો.

'ચલો.. ચલો.. ભાડું આપો. નહીં તો હાલ ને હાલ મકાન ખાલી કરી દો.'

'તમે તો જબરા સો. મારતા ઘોડે આયા. અન આયા એવા જ ભાડું માગવા માંડ્યા. જ્યાં હાહ તો ખો. ચા – પાણી તો પીઓ.'

'મારે તમારું કંઈ ખાવુંય નથી અને પીવુંય નથી. બસ, મને તો મારું ભાડું આપો.'

'પણ, જરા શાંત રાખો... બધું જ બરાબર થઈ જસે.'

'કહીને રૂખી એના સામે હસી પડી. પણ, આ વખતે પેલો સહેજ પણ હસ્યો નહીં. એણે સહેજ પણ મચક આપી નહીં. એ તો હડી કાઢી અને ઘરમાં ઘૂસ્યો. ઘરનો બધો સામાન આમથી તેમ ફેંકવા લાગ્યો. બધું રાચરચેલું વેરવિખેર કરી નાખ્યું. રૂખી નિઃસહાય થઈ ગઈ. એને શું કરવું તે કશું સૂઝતું જ ન હતું. એ કાછડો વાળી એકાએક ઘરમાં દોડી. ખૂણામાં પડેલો ધોકો હાથમાં લઈ ઘુમાવતાં ઘુમાવતાં બોલી : 'મારા રોયા તુંય જો હવે, ને એણે જોરથી ઘરનું બારણું બંધ કર્યું. ઘરમાં ધમાચકડી મચી ગઈ હતી. અંદરથી રૂખીની ચીસો અને મકાનમાલિકના હાકોટા – ધુબાકા બહાર સુધી સંભળાતા હતા. આ ધમાલની સાથે બાજુમાં ચાલતું રૂ કાંતવાનું મશીન પણ દેકારો દેતું હતું. મશીનમાં ખટાખટ ખટાખટ અવાજ અને તીણી સિસકારી ઊઠી. છેલ્લે ભૂંગળામાંથી સફેદ સફેદ રૂના ગુચ્છા ઊડવા લાગ્યા. ઓયડી બહાર આજુબાજુના લોકો ટોળે વળ્યાં હતાં. 'શું થયું?શું થયું?'

સૌ એકબીજાને પૂછવા લાગ્યાં. રૂખીની છોકરી રમલી રોતી રોતી બોલી :

'મારી માને ઘરમાં ઘાલીને પેલો ગુંડો મારે છે.'

સૌને કુતૂહલ થયું. 'અલ્યા... દોડો પેલો મકાનમાલિક કપાતર રૂખીને મારી નાખશે.'

સૌ આઘાપાછા થવા લાગ્યા. પણ ,રૂખીના ઘરની અંદર કોઈને જવાની હિંમત ન ચાલી. મકાનમાલિકના માણસો પણ આંગણામાં આગળ લાકડીઓ પકડીને અડીખમ ઊભા હતા. સૌ દોડી દોડીને પાછું પડતું હતું. ને એને તેડેલો એનો ભાઈ રડતો હતો. રમલી એને છાનો રાખવા મથતી હતી. પણ, એ છાનો રહેતો ન હતો.

થોડી વાર થઈને બારણું ખૂલ્યું. રૂખી પેલા માણસને મારતી મારતી બહાર નીકળી. પેલો માણસ ગડથોલું ખાઈને નીચે પડ્યો. પગ પછાડીને, હોઠ ભીડી રૂખીએ પાટું મારવા જેવું કર્યું. પણ, પગ ભોંય પર જ પછડાયો. જાણે વાગ્યું હોય તેમ પેલાએ બૂમ પાડી. તેને ધોકો ઉગામતાં રૂખી બોલી;

'મારા રોયા... જો આવ કદી ઓય આયો સ અ તો તારો ટોટિયો ભાજી નોખીશ...'

પેલો માણસ દોડીને રિક્ષામાં ચડી બેઠો ને એની સાથે એના માણસો પણ રિક્ષામાં બેસી ભાગ્યા.

હારબંધ ઊભેલી ઓડિયોમાંથી લોકો બહાર નીકળવા માંડ્યા. પહેલાં કરતાં હોબાળો વધી ગયો. ફળિયાનાં બધાં બૈરાં રુખીની પીઠ થાબડવા માંડ્યાં. હા આ ઓરડિયોમાં કેટલાક લોકો ભાડેથી રહેતા હતા. એમને સારું લાગ્યું.

'રૂખીએ જબરો મેથીપાક આલ્યો. પણ, એને જવા દીધો એ ખોટું કર્યું. પોલીસને હવાલે કરવાનો હતો. ..!'

'બૈરું માણહ થઈન આદમીન પહોંચી વળી. એ જ શાબાશી કહેવાય.'

'હારું કર્યું. ..રોજની માથાકૂટમાંથી છુટકારો.'

જેટલાં મોઢાં એટલી વાતો. રૂખીની હિંમત માટે સૌ વખાણ કરતાં થાકતાં ન હતાં.

સ્ત્રીઓ પુરુષ સામે જોઈ બોલી :' તમે પોચકા પડો સો. જે કોમ તમાર કરવાનું હતું એ રૂખીએ કરી બતાયું. ઈની હેમત તો જુઓ.'

આ બધાં હડમાલા વચ્ચે રૂખીનું મરક મરક થતું હાસ્ય સાવ ફિક્કું હતું. હીબકાં ભરતી રમલી પાસે જઈને એણે એની પીઠ પર હાથ ફેરવી પછી છોકરાને તેડ્યો. ત્રણ વર્ષનો છોકરો તરસી આંખે રૂખી સામે જોઈને ખડખડાટ હસતો હતો. વિલાયેલા મોંએ રૂખીએ હળવેથી એને ચૂમી લીધો.

'મારા ભા ના દિયોર...તન હસવું આવ સ અ... અન ઓય મારો જીવ જાય સ અ... આ હાથ પગ તો તૂટી જાય સ અ. અન કમર તો જોણે અમણાં ભાંગી જઈ.' કહીને રૂખીએ પોતાના હાથેથી જ પોતાના હાથ-પગ દબાવવા લાગી. પછી હસતા છોકરાના કમરમાં ઠુંહો મારતાં બોલી :

'મારા રોયા... મારા પેટ... આ બધું તમારા ઓલે બાકી રૂખી કોઈના...' વાક્ય અધૂરું છોડી રૂખીએ રડતા છોકરાના માથે હાથ ફેરવી ચૂપ કર્યો. રૂખી એ છોકરાને રમલીને આપ્યો. પછી ઘરમાં જઈને વિર રણ પાડેલાં વાસણ સરખાં કરવા લાગી. ત્યાં જયંતી ફટાફટ ચંપલ કાઢીને ઘરમાં પ્રવેશ્યો. એના મોઢા પર ચિંતાનાં વાદળ ઘસી આવ્યાં હતાં. એ હાંફતો હાંફતો બોલ્યો :

'આ બધું શું સે?'

'પેલો ભાનો દિયોર આયો તો, ઈને મારું ઘર વેરણછેરણ કર મેલ્યું.'

'પણ મેં જોણ્યું ક તી ઈને ખૂબ માર્યો.'

'માર્યો એટલ... આવ ખોડ ભૂલી જહે. મન નથી લાગતું ક અ...આવ એ ભાડું લેવા આવ.'

જયંતી રસોડામાં ગયો. એની પાછળ જતાં જતાં ભોંય પર પડેલો ડાઘ જોઈ રૂખીને હાયકારો થયો. જયંતી ન જુવે એ રીતે એણે ડાઘ પર પગ મૂકી દીધો. તે દરમિયાન છોકરો દોડતો દોડતો એના બે પગમાં પેઠો. ડાઘ પર પગ ઘસતાં ઘસતાં લાચારી વલુરતી રૂખીએ દીકરાને આઘો ઠેલ્યો. આ વખતે રૂખીએ છોકરાને બહુ ઝીણી ચૂંટલી ખણી. પણ છોકરો રડ્યો પણ નહીં અને હસ્યો પણ નહીં. ઠાલું ઠાલું હસીને રૂખીએ એને તેડી લીધો. જયંતીની પાછળ રસોડામાં જતાં એણે પાછળ નજર કરી તો ડાઘનું નામોનિશાન ન હતું. એની જગ્યાએ એને મજબૂરી અને લાચારી ફેરફુદરડી ફરતી દેખાઈ.

■

ખીલો

અંકુર બૅન્કર

તેરમાની વિધિ પૂરી થઈ. એક પછી એક બધાં કામ આટોપી લેવાયાં. ખુરશી પર મુકાયેલ ધનસુખલાલનો ફોટો લઈને દીકરાએ એને બેઠકખંડની દીવાલ પર ખીલી લગાવીને ટાંગ્યો. પછી જીવીબહેનને પૂછ્યું,

"મમ્મી, હવે ક્યાં?"

એમણે રસોડા તરફ ઇશારો કર્યો. દીકરો ફોટાની થપ્પીમાંથી એક ફોટો લઈ હાથમાં ખીલી અને હથોડી સાથે રસોડા તરફ વળ્યો. રસોડામાં પહેલેથી જ નાનો દીકરો અને બંને વહુઓ જીવીબહેનના આવા વર્તનની વિસ્મયપૂર્વક ચર્ચા કરી રહ્યાં હતાં. આશ્ચર્ય થવું સ્વાભાવિક હતું; કારણ કે વહુઓ તો ઠીક પણ બંને દીકરાઓને પણ ક્યારેય એવું લાગ્યું નહોતું કે મમ્મી-પપ્પા વચ્ચેનો સંબંધ ઉષ્માભર્યો હોય. એ જ મમ્મીએ પપ્પાના આટલા બધા ફોટા બનાવડાવ્યા!

જીવીબહેને બેઠકખંડની બધી જ દીવાલો પર લગાવેલ ધનસુખલાલના ફોટાઓ પર નજર ફેરવી. મુખ્ય દરવાજાની સામે જ લટકાવેલ ફોટા પર એમની નજર અટકી. ધનસુખલાલનો સપાટ ચહેરો અચાનક લાલઘૂમ દેખાવા લાગ્યો અને જીવીબહેન પહોંચી ગયાં ત્રીસ વર્ષ પહેલાંના લાલઘૂમ થઈ રહેલા ધનસુખલાલ સુધી.

"આવું ડહાપણ કરવાનું કોણે કહ્યું?"

"પણ મને એમ કે...."

એક થપ્પડ ગુંજી અને ધનસુખલાલના ચહેરાની લાલાશ જીવીબહેનના ગાલ પર છપાઈ ગઈ.

"આવા ખીલા-ખીલીઓ કોઈ મારા ઘરમાં ઠોકે એ મને બિલકુલ પસંદ નથી. હવે પછી આવું ન થવું જોઈએ, નહીંતર એ જ ખીલો તારા કપાળ પર ઠોકી દઈશ."

રસોડામાંથી ખીલી ઠોકાવાનો અવાજ આવતાં જીવીબહેન વર્તમાનમાં પાછાં આવ્યાં. ઊભાં થયાં. સાડીનો છેડો ખુરશીની ખીલીમાં ભરાયો. તેમણે એક નજર ધનસુખલાલના ફોટા તરફ નાખી ને સાડીનો છેડો ખીલીમાંથી હળવેથી કાઢી ઉંબર પર આવી ઊભાં. શીતળ હવાની લહેરખી એમના ચહેરાને સ્પર્શી અને ઘરમાંથી અગરબત્તીની ફેલાયેલી વાસને ધક્કો મારતી સામી બારીએથી નીકળી ગઈ.

■

ચેકર્ડ કોટધારી કૉમનમૅન

અનુપમ બુચ

હું એમને મળી આવ્યો. એ જ સીધો, સાદો, ભોળોભટ્ટાક કૉમનમૅન. આ માણસ સાથે મારી દોસ્તી આશરે સાડા પાંચ દાયકા પહેલાંની. રોજ મળવાનું, રોજ હસવાનું, રોજ વિચારવાનું. એમની સાથે બે ઘડી તણાવમુક્ત જીવનઘડતર માટે ઉપયોગી નિર્ભેળ હાસ્યની છાલકથી તરબતર રહેવાતું. કહો, દોઢ મિનિટમાં આખા દિવસની બૅટરી ચાર્જ થઈ જતી હતી. એક અખબારનું કાર્ટૂન નહીં, સમાજનું પ્રતિબિંબ, સંવેદનાનું સરનામું.

અમારી દોસ્તી આશરે ૧૯૬૪-૬૫ પછી ઉત્તરોત્તર ગાઢ બનતી ગઈ હતી. મારા મોટા કાકાને ઘેર પોસ્ટમાં મુંબઈ 'ટાઇમ્સ' આવતું. ઘરની ઓસરીમાં એમનો ગાદી અને ટેકાવાળો 'સ્વતંત્ર' ઝૂલો હતો. ઝૂલો ખાલી હોય ત્યારે પણ કોઈ બેસવાની હિંમત કરતું

નહીં. બપોર પડે એટલે ઘડિયાળના કાંટે કાકા વામકુક્ષી કરવા ઉપર જતા અને ચા ટાણે નીચે ઊતરતા. બપોરના સન્નાટા વચ્ચે છાનામાના મુંબઈ 'ટાઇમ્સ'માં નજર ફેરવવાની અને જેટલું સમજાય તેટલું વાંચવાનો મને ચસકો ચડી ગયો. બસ, એ દિવસો દરમ્યાન મને સરળ કૉમનમૅનની કંપની ગમવા લાગી હતી. મને અંગ્રેજી ભાષા ગંભીરતાપૂર્વક શીખવાની ચાનક ચડાવનાર એકમેવ ગુરુ જો કોઈ મળ્યો હોય તો એ કૉમનમૅન!

હું કૉમનમૅનની આંગળી પકડી અંગ્રેજી ભાષાને પ્રેમ કરતો થયો અને એ જ ભાષાએ મારી આંગળી પકડીને મને અંગ્રેજીનો પ્રાધ્યાપક બનાવ્યો એ ઋણ ચૂકવવાની ક્ષણ મેં થોડી ક્ષણો માટે જીવી લીધી.

આ માણસ આમ ઓછું બોલે પણ એના ઢગલો બોર વેચાય. એ મરકાવે, હસાવે અને વિચારતા કરી મૂકે. ક્યારેક એમના વાંસા પર ધબ્બો મારવાની ઇચ્છા થઈ આવે તો ક્યારેક છાતીસરસો ચાંપવાનો ઊભરો આવે. એ આસપાસ કે સામે ન હોવા છતાં એમના હોવાનો અહેસાસ કરાવે. યેસ, ધ કૉમનમૅન!

આ માણસને કોણ ન ઓળખે? કૉમનમૅન હંમેશાં ન્યૂઝપેપરની ડાબી બાજુની પ્રથમ કૉલમ પર અચૂક હાજર હોય. ન્યૂઝપેપર હાથમાં લેતાંવેંત નજર પણ ત્યાં જ જઈ અટકે.

વર્ષોનાં વહાણાં વાયાં. 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના ફ્રન્ટ પેજના ડાબી તરફની એક કૉલમ વત્તા પાંચ સેંટિમીટરના ચોકઠામાંથી કૉમનમૅન બહાર આવ્યો અને કૅમેરા સામે સસ્મિત ઊભો રહ્યો. આજે મારા જિગરીને રૂબરૂ મળવાની મારી ભૂખ ભાંગી. મેં કૉમનમૅનને ખભે હાથ મૂક્યો અને ભૂતકાળમાં અનુભવેલાં સ્પંદનો ફરી જીવંત થયાં.

મેં ક્યાંક વાંચ્યું હતું કે પુણેમાં કૉમનમૅન (સર્જક પદ્મભૂષણ આર. કે. લક્ષ્મણ) મ્યુઝિયમ આકાર અને આવકાર પામ્યું છે. સદ્નસીબે તાજેતરમાં મારે એક દિવસ માટે પુણે જવાનું થયું. બે જ સ્થળોની મુલાકાત મારા માટે ટૉપ પ્રાયોરિટીમાં હતી. દગડુશેઠ ગણપતિનાં દર્શન અને કૉમનમૅન મ્યુઝિયમમાં લટાર.

આ માણસ એક કલ્પનાતીત કાર્ટૂન કૅરેક્ટર હોવા છતાં એક જીવંત હસ્તી તરીકે વર્ષોથી આપણાં દિલોદિમાગમાં છવાયેલ રહ્યો છે. સર્જક આર. કે. લક્ષ્મણનાં અગણિત કાર્ટૂનોમાં મારા, તમારા અને આપણામાં વસતો એક સમાન્ય નાગરિક આ મ્યુઝિયમમાં સચવાયો છે. અહીં અસંખ્ય કાર્ટૂનોમાં કૉમનમૅન અનેક રાજકારણીઓને, સમાજશાસ્ત્રીઓને, સત્તાધીશોને, નાગરિકોને માણસાઈના પાઠ ભણાવતો જોવા મળે છે.

આ મ્યુઝિયમની મુલાકાત દરમ્યાન પ્રત્યેક કાર્ટૂન વાંચવું અને માણવું અશક્ય હોવા છતાં સ્મૃતિઓ ઢંઢોળીને વિશ્વના એક મહાન કાર્ટૂનિસ્ટ અને સોશિયલ રિફૉર્મરને અંજલિ અર્પવાનું અહોભાગ્ય સાંપડે તો જીવન ધન્ય થાય. આ કોઈ સંગ્રહાલય જ નથી, એક કાલ્પનાતીત પાત્રની સ્થાવર આત્મકથા છે. એક એવો સામાન્ય માણસ જેમને વિશ્વની મહાન હસ્તીઓએ અસામાન્ય સન્માન આપ્યું છે.

ઝીણી ચોકડીવાળો કોટ અને પોતડી પહેરેલા કૉમનમૅનને એમના સર્જક આર. કે.

લક્ષ્મણથી જુદો હોવાની કલ્પના કરવી અશક્ય છે. બન્નેનું જાણે એક જ અસ્તિત્વ છે. જેમ સર આર્થર કૉનન ડોયલ અને શેરલૉક હોમ્સ એકબીજાથી ભિન્ન હોવાની વાત ગળે ઉતારવી સહેલી નથી.

અહીં મેં કૉમનમૅનની સચવાયેલી કાર સાથે અને કૉમનમૅનના મૉડર્ન મેસ્કોટના ખભા પર હાથ મૂકી ફોટો પડાવ્યો ત્યારે ધન્ય થયો. થોડાં પુસ્તકો અને સુવેનિયર્સમાં પણ કૉમનમૅન સચવાયો છે એ વાતનું ગૌરવ થયું. થોડાં સ્મૃતિચિહ્નો અને સ્મૃતિપુસ્તકો ખરીદી હું ધન્ય થયો. સંગ્રહાલયની મુલાકાતનાં સંભારણાં.

આવા વિશિષ્ટ મ્યુઝિયમની મુલાકાતનાં ફૂટફોલ્સ નહીંવત્ હોય એ સ્વાભાવિક છે. ખાલીખમ ભાસતા આ સ્થૂળ નહીં, પરંતુ જીવંત સ્મૃતિ સંગ્રહાલયની ઉપેક્ષા થતી હોવાની ગ્લાનિ અનુભવી. આ ડિઝાઇનર મ્યુઝિયમના ફ્રંટેજ ટૉપ પર ગર્વભેર ઊભા રહી મુલાકાતીઓને આવકારતા કૉમનમૅન પર ચડેલી ધૂળ અને શુષ્ક વાતાવરણ જોતાં થોડો રંજ પણ અનુભવ્યો.

ખેર, સારું થયું કૉમનમૅને સમજીને સમયસર સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારી લીધી અને એમનું સ્વમાન અને દબદબો આ સંગ્રહાલયમાં કાયમ માટે સચવાઈ ગયાં.

આજકાલ એમેઝોન કે બિગ બઝાર કે પિઝાની જાહેરાતનું જૅકેટ પહેરેલું 'ટાઇમ્સ' હાથમાં આવતાં નજર ભોંઠી પડે છે. કૉમનમૅન ખોવાઈ ગયો છે. બે અંગૂઠા જેટલી જગ્યામાં ઘૂઘવતું બૌદ્ધિક અને મનોરંજક સાહિત્ય વિરમી ગયું હોવા છતાં સચવાયું હોવાનું આશ્વાસન લેવું રહ્યું.

■

આપણા સમાજનાં જુદાં જુદાં થરોનાં જીવનનો જેટલો પરિચય ધૂમકેતુને છે એટલો ભાગ્યે જ એમના કોઈ સમકાલીન વાર્તાકારને હશે. ધૂમકેતુની બધી વાર્તાઓમાંનાં પાત્રો ભેગાં કરવામાં આવે તો ગામડાનાં 'અઢારે વરણ' અને 'તેર તાંસળીના આદમીઓ' એમાંથી અવશ્ય મળી રહે. શહેરી જીવનનાં પાત્રોનું જે વૈવિધ્ય બકુલેશ અને જયંતિ દલાલમાં છે, એવું ગ્રામજીવનનાં પાત્રોનું વૈવિધ્ય ધૂમકેતુ અને મેઘાણીમાં છે. ધૂમકેતુના સંવેદનની વ્યાપ્તિ ઘણી જ વિશાળ છે. એ કારણે જ એમનાં સર્જનનો ફાલ બહોળો અને બહુવિધ છે.

ધૂમકેતુની ઘણી ચુનંદી વાર્તાઓ વિશ્વસાહિત્યમાં બેધડક સ્થાન પામી શકે એમ છે. લેખકની વાર્તાઓ મુખ્યત્વે ત્રણ પ્રકારની છેઃ 'ગોવિંદનું ખેતર' અને 'ભૈયાદાદા' જેવી ગ્રામજીવનની કથાઓ, 'ઠંડી ક્રૂરતા' જેવી શહેરી કથાઓ, અને 'આત્માનાં આંસુ' જેવી ઐતિહાસિક કથાવસ્તુ પર ગૂંથાયેલી કવિત્વમય વાર્તાઓ. વાર્તાઓના ગોંફનો કસબ આ લેખક પાસે એટલો તો સાહજિકતાભર્યો અને સબળ છે કે કોઈ પણ વસ્તુને તેઓ સહેલાઈથી વાર્તામાં રમતી કરી શકે છે.

(ચુનીલાલ મડિયા)

‘નથી જવું’ની હઠના કિસ્સા

પારુલ ખખ્ખર

માત્ર એક જ વાક્ય બોલી શકાયું ‘નથી જવું’ એ સાથે જ ‘જવું તો પડશે ને?’, ‘જવું જ જોઈએ’, ‘અત્યારે નહીં તો ક્યારે?’. ‘જતાં-આવતાં રહીશું’ના પડઘા આ તરફ ફેંકાયા. આમ તો કહેવું હતું કે ‘ન જઈએ તો?’ પણ ખબર નહીં કેમ પહેલી વખત આમ ‘નથી જવું’ જેવું નિર્ણાયક વાક્ય બોલાઈ ગયું! ક્યારેય પડઘા સામે પડઘો નથી પાડ્યો અને એનાં પરિણામો ખમવાની ત્રેવડ પણ નથી તેથી ‘જવાનું છે’નો ફેંસલો માથે ચડાવી લીધો. પૂરજોશમાં તૈયારીઓ ચાલે છે. ઘર ખાલી થઈ રહ્યું છે. એવી તમામ ચીજો કે જે વર્ષોથી આ સમય માટે જ સાચવી રાખી હતી. જેની પ્રાઇઝ ટૅગ હજુ નથી કાઢી, જેનાં રેપર હજુ નથી ખૂલ્યાં, જે નવા મકાને જઈને વાપરશું એવી મનશા સાથે જ માળિયામાં સાચવી હતી એવી વસ્તુઓનો ખડકલો થયો છે. સાચવીને, સંભાળીને, જરાય નુકસાન ન થાય તે રીતે પૅક થઈ રહી છે. મોટા ભાગનો સામાન ગંતવ્ય પર પહોંચવા લાગ્યો છે. હવે માત્ર ઠાકોરજી અને અમે બે માણસ જ બાકી રહ્યાં છીએ.

એ નોકરીના છેલ્લા દિવસો પૂરા કરવા રોજ નિયત સમયે ઑફિસ ચાલ્યા જાય છે. દસ વાગે એટલે હું એકલી પડું છું. કશાય કારણ વગર આખા ઘરમાં ભમ્યા કરું છું. મારા સ્વભાવ વિરુદ્ધ હું પડી રહેલા કામને જોયા કરું છું. ટી.વી. કૅબિનેટ પર ધૂળ જામવા લાગી છે, સોફાનાં કવર ધોયાં હતાં એને ત્રણેક મહિના થવા આવ્યા છે, રસોડાની ટ્યૂબલાઇટ બગડી ગઈ છે, સિંકનો નળ ટપકે છે, ડ્રોઅરનું હૅન્ડલ ઢીલું થઈ ગયું છે, પણ કશું સરખું કરવાનો ઉમળકો જાગતો નથી. કશું પણ સરખું કરી શકાતું હોત તો ‘નથી જવું’ની હઠ જ શાને હોત! અત્યાર સુધી જે ગમ્યું છે તે જ કર્યું છે. ન ગમ્યું તે કોઈએ બળજબરીથી કરાવ્યું નથી તેથી મન આ ‘જવું પડશે’ના આદેશાત્મક વલણથી વળ ખાઈ ગયું છે. આમ તો ‘પડશે’માં પડવું અભિપ્રેત છે, પરંતુ મન ફૂંફાડો મારીને બેઠું થઈ ગયું છે, એને ક્યારેય આ ‘પડશે’નો સામનો કરવાની ટેવ જ નથી. એ નિઃસહાય હોવાથી એકલું એકલું છટપટે છે. એનું છટપટવું અકારણ નથી. એને જાણ છે કે આ પ્રથમ ‘પડશે’ છે. હવે પછી આવા અનેક ‘પડશે’ની તૈયારી રાખવાની છે. અનેક ‘પડશે’નો સ્વીકાર, અનેક ‘પડશે’ સામે હાર અનેક ‘પડશે’ સામે શરણાગતિ થશે. તેથી જ આ ‘પડશે’ના પ્રથમ પગથિયે જ તે હઠપૂર્વક બેસી ગયું છે. એક વખત ‘જવું પડશે’નો અમલ થશે એ સાથે જ ઘણા બધા ‘પડશે’ કૂચકદમ કરતા આવી પહોંચશે એની ખાતરી છે. પડીને બેઠાં

થતાં એ માંડ માંડ શીખ્યું છે. પણ આ 'પડશે' સામે ટકવાની એની જરાય હિંમત નથી. એ ભવિષ્ય જોઈ શકે છે કે આ 'પડશે'ના ક્લાસરૂમમાં પ્રવેશ થશે પછી આજીવન 'પડશે' એને ઊઠબેસ કરાવશે, ક્લાસની બહાર કાઢી મૂકશે, હથેળીમાં ફૂટપટી મારશે, કમર પર સોટી મૂકશે, બેંચ પર ઊભા રખાવશે, પાંચસો વખત 'પડશેનો સ્વીકાર કરું છું' એ વાક્ય લખાવશે અને એ નમાયા બાળકની જેમ મારી સામે ફરિયાદભરી આંખે જોઈ રહેશે.

હું આજેય કશું બોલી નથી શકતી તો ત્યારે તો શું બોલીશ? ક્યા શબ્દોમાં એને આશ્વાસન આપીશ? કઈ રીતે સ્વીકારની સલાહ આપીશ? ક્યા મોઢે સહન કરવાનું સૂત્ર આપીશ? એને અગમની એંધાણી છે તેથી એ મને ચેતવે છે કે 'રોકાઈ જા, નથી જવું, જ્યાં છીએ ત્યાં જ સ્વર્ગ છે, આ બારસાખના તોરણને અહીંયાં જ રહેવા દે. ત્યાં ભલે નવાં તોરણ બંધાય, નવા લાભ-શુભ ચિતરાય તારાં લાભ અને શુભ માત્ર અહીંયાં જ છે. ત્યાં ઉંબર પર તને આવકારવા ચાર ચાર પેઢી તત્પર છે, પણ એ ચારેય પેઢીએ એકસાથે ઉંબરની અંદર રહેવાનું છે. ચાર પેઢીના પ્રશ્નો, ચાર પેઢીની જવાબદારીઓ, ચાર પેઢીની ફરિયાદો અને ચાર ચાર પેઢી વચ્ચે રહેલા ઉંમરના ખાંચા પૂરવાના થશે. તું આ માટે કાચી નહીં પડે?'

હું ઘૂંટણ વાળીને જમીન પર બેસી પડું છું. સોફા પર માથું ઢાળી દઉં છું. ક્યારે ડૂસકે ચડી જાઉં છું એની સરત નથી રહેતી. જળભરેલી આંખો ખોલવાનો પ્રયત્ન કરું છું. આંખની બરાબર સામેની દીવાલ પર ઠાકોરજીની છબી છે. એને ધા નાંખું છું, 'કંઈક એવો ચમત્કાર કરો કે 'જવું પડશે' 'નથી જવું'માં ફેરવાઈ જાય' પણ અચાનક જ અનેક અમંગળ વિચારો ઘેરી વળે છે અને હું કરેલી ધા ત્વરિત પાછી ખેંચી લઉં છું. વરસતી આંખે બે હાથ જોડી પ્રાર્થના કરું છું 'હે નાથ, અમારું મંગલ કરજો, અમને સહનશક્તિ આપજો, અમને સદ્‌બુદ્ધિ આપજો.'

અનેક અનેક કારણો લઈને હું 'નથી જવું'ને વજનદાર બનાવું છું, પરંતુ એની પાસે 'જવું પડશે'નું એક જ કારણ છે અને એ એવું તો બળૂકું છે કે મારાં તમામ કારણો એના વજન તળે ભરભર ભુક્કો થઈ જાય છે. હું એની કરચો વીણ્યા કરું છું. એ ક્યારેક ત્વચા પર, ક્યારેક આંખમાં તો ક્યારેક હૃદય પર છરકો કરતી જાય છે અને હું લોહીઝાણ થતી રહું છું. માણસ ભલે કારણ-વિનાકારણની ચર્ચામાં જીત્યા-હાર્યા કરે, પરંતુ મન તો કારણ-અકારણ-સકારણથી પર છે. એને ભૂત-ભવિષ્ય-વર્તમાનનાં પડળો બાંધી નથી શકતાં, એ બધા જ કાળમાં અને બધા જ કાળખંડોમાં વિચરતું રહે છે અને તેથી જ એ દરેક શ્વાસે આલબેલ પોકારે છે, 'રોકાઈ જા, આપણે નથી જવું.' હું હારી જાઉં છું. થાકી જાઉં છું. મારી પાસે એવો કોઈ મધ્યમ માર્ગ નથી કે જેના પર ચાલીને રોકાઈ જવાના નિર્ણય સુધી પહોંચી શકું. સમાજની દૃષ્ટિએ હું એવી ભાગ્યશાળી વ્યક્તિ છું જેને માથે ઘેઘૂર વડલાની છાયા છે, મોજીલું અને મજબૂત થડ છે કે જેની ઓથે ટકી શકાય, ગમતી ડાળીઓનો હોંકારો છે અને ભોંમાંથી નીકળેલા કૂણાં કૂણાં તરણાંઓનું વહાલ છે. છતાંય એ લીલીવાડી વચ્ચે એકલી પડી જઈશ એવી બીક લાગે છે. હું જ જાણું છું કે પ્રશ્ન માત્ર મારો છે, મારા મનનો છે અને એનો કોઈ ઉત્તર નથી. આ પ્રશ્ન એવી વ્યક્તિનો છે કે જેનામાં હવે નવી માટીમાં મૂળિયા નાંખવાની હામ નથી. એ જે જગા પર ઠરીને ઠામ થઈ

છે એ જગા પર જ ઠરી જવા માંગે છે. અલબત્ત નવી માટી, નવું પાણી, નવી આબોહવા અને નવુંનક્કોર આકાશ એને સાદ પાડે છે, એના આગમનને વધાવી લેવા તત્પર છે પણ 'નથી જવું'ની હઠ ગૂંચળું વાળીને પડી છે. કાફલો તો ક્યારનો ઉચાળા ભરીને ચાલતો થવા માટે ઉતાવળો થયો છે, પણ આ મન પાણીમાં બેસી ગયું છે.

સાવ અજાણ્યા આકાશને તાકતી હોઉં તેમ દૂર સુધી જોતી રહું છું, વિચારું છું... હજુ તો 'Me Time' શરૂ થવાનો હતો, હજુ તો કેટલાય એકલપ્રવાસો...ના, ના બેકલપ્રવાસો કરવાના હતા, હજુ તો નોકરીની સમયસારણીમાંથી મુક્ત થઈને એક જણ માત્ર મારો થઈને રહેવાનો હતો, હજુ તો નીલગગનનું પંખી નિરાંતની ડાળે ઝૂલતાં ઝૂલતાં માળો સાચવીને બેઠેલી પંખીણીના હાલ-ચાલ પૂછવાનું હતું- આ બધી જ સ્વપ્નિલ ક્ષણો આવે એ પહેલાં જ આખેઆખું આકાશ બદલાઈ જવાની ક્ષણો આવી પહોંચી છે. ધારેલું કશું ન થઈ શક્યાનો વસવસો તો છે જ પણ ન ધારેલું હસતા મોઢે સ્વીકારવાનો અફસોસ વધુ પીડે છે. હું મારી જાતને સાવ અસહાય થતી જોઈ રહું છું.

બેઠી છું ત્યાંથી ઊભી થાઉં છું. પાણી પી લઉં છું અને ફળિયામાં જાઉં છું. જવાની તૈયારી રૂપે કપાવી નાંખેલાં આંગણાનાં મોટાં વૃક્ષો તો હવે નથી જ ઊગવાનાં એ વાસ્તવનો સ્વીકાર કરી લઉં છું. પરંતુ હજુ પંદર દિવસ પહેલાં જ કૂંડામાં રહેલા જે છોડને નિર્મમતાથી કાપી નાંખ્યા હતા તેને રતુંબડાં પાન બેઠાં છે. ખાલી થયેલાં કૂંડાઓમાં કચરાના ઢગલામાંથી લઈને જાડી જાડી ડાળીઓનું પુનઃસ્થાપન કરેલું તેને કોટાં ફૂટ્યા છે. મરવા પડેલો રોગગ્રસ્ત ગુલાબ ફરી જીવતો થયો છે, કળીઓ ઊઘડું ઊઘડું થઈ છે. પાણીની મોટર પાસે ભીની જગ્યામાં તુલસીનો તાજો રોપડો ડોકું કાઢીને બહાર આવ્યો છે. તૂટી ગયેલા કૂંડામાંથી સાચવીને કાઢી લીધેલ વિદેશી છોડ નવા કૂંડામાં પોતીકા બળે વધી રહ્યો છે. જેની માયા છોડવાના પ્રયાસ રૂપે રહેંસી નાંખ્યો હતો એ જ બગીચો નવા રંગેરૂપે પ્રસ્તુત થયો છે, મને ન જવા માટે લલચાવી રહ્યો છે.

હું પાગલની જેમ વાસ્તવથી ભાગી છૂટવા મથું છું. ઘરમાંથી ફળિયામાં અને ફળિયામાંથી ઘરમાં આવજાવ કર્યે રાખું છું. આખુંયે ઘર મને વળગી પડ્યું છે. ચારેય દીવાલો, છત અને જમીન ઓક્ટોપસની જેમ મને જકડી લેવા મરણિયા બન્યા છે. કબાટમાંથી એક એક પુસ્તક બહાર આવી વટસાવિત્રી પૂનમનું દૃશ્ય રચે છે. પુસ્તકો મારી ફરતે ચકરાવા લેવા લાગે છે અને કોઈ અદૃશ્ય તાંતણા વડે હું બંધાવા લાગું છું. રસોડાનાં વાસણો દીવાલ બનીને ડેલીએ ખોડાઈ જાય છે. સોફા-ખુરશી-પડદાં-ટિપાઈ અને પગલૂછણિયાં સુધ્ધાં 'નથી જવું' 'નથી જવું'નો જાપ જપવા લાગે છે. હું ભાંગેલા પગે ફળિયા સુધી પહોંચું છું. જરા આઘેના ગુલમોર પરથી એક બુલબુલ ઊડીને આવે છે. ઉદાસ આંખે મારી ઉદાસ આંખોમાં જુએ છે અને ઉદાસી બેવડાય છે. સમગ્ર પરિવેશ એ બુલબુલ સામે આશાભરી મીટ માંડીને બેઠો છે. એ કશું બોલવા ચાંચ ખોલે છે, હું કાન સરવા કરું છું અને એ 'એય પારુ... એય પારુ' કહીને મને ન જવા વીનવે છે. આખોય બગીચો બુલબુલના સ્વરમાં સૂર પુરાવે છે અને હું 'નહીં જ જાઉં' કહીને સંતુલન ગુમાવી બેસું છું.

■

માંકડા હનુમાન

પ્રવીણ સરવૈયા

ગીરમાં સિંહોની સંખ્યા વધી છે એટલે એનો રહેઠાણ અને રક્ષિત વિસ્તાર ટૂંકો પડવા લાગ્યો. સિંહો ગીરની બહાર નીકળવા માંડ્યા. સાસણના વાંહાઢોરથી પૂર્વ દિશાએ નાંદિવેલે થઈ ખાંભાની ડુંગરમાળમાં થતાંકને ક્રાંકચ – લીલિયાથી શેત્રુંજીના કાંઠે કાંઠે રાણીગામ-જેસર તથા ભાવનગર જિલ્લાના પાલિતાણા પાસે હસ્તગિરિ – શેત્રુંજય પર્વત અને તેની આસપાસ સુધી એણે નવાં રહેઠાણ શોધી લીધાં. બીજી બાજુ સાસણથી કનરા ડુંગરે થઈ જૂનાગઢથી છેક પોરબંદર સુધી તેમજ સોમનાથની દરિયાપટ્ટીએ રાજુલા-મહુવા અને બગદાણા-તળાજા સુધી પણ પોતાના નવા વિસ્તાર વિકસાવ્યા. ગીર પરિસરની બહાર સિંહોને સારું ફાવ્યું. તેની પેઢીઓ વિસ્તરવા માંડી. ગીરમાં રહેતા અને ગીરની બહાર વસતા સિંહોની લાક્ષણિકતા અને તેના ખોરાક-રહેઠાણ-વર્તણૂક સંબંધી અભ્યાસો પણ થયા. છેવટે ગીર બહારનો ભાવનગર જિલ્લાનો સિંહોનો રહેઠાણવિસ્તાર 'બૃહદ ગીર' તરીકે સરકારી ચોપડે અસ્તિત્વમાં આવ્યો. વન્યપ્રાણીઓ માટે શેત્રુંજી ફૉરેસ્ટ રેન્જ ઊભી કરાઈ. આથી એશિયામાં એકમાત્ર ગીરમાં જોવા મળતા એશિયાટિક લાયનની પ્રજાતિના સંવર્ધન અને તેના વંશવેલાને ટકાવવાનું ગીર બહાર બીજું એક ક્ષેત્ર સામે આવ્યું.

જોકે ઇતિહાસ કહે છે કે આશરે ચારસો વર્ષ પહેલાં ભાવનગર – શિહોર પંથકમાં સિંહોનો વસવાટ હતો. આ તો વર્ષો પછી એની ભૂંસાયેલી – ભુલાયેલી ભોમકા પર તેઓ પરત આવ્યાં એવું થયું.

આવા બૃહદ ગીર વિસ્તારમાં માંકડા હનુમાને અમારે જવું છે.

જિજ્ઞેશભાઈ શેત્રુંજી પ્રકૃતિ મંડળ હેઠળ પશુ-પંખી અને પ્રકૃતિ માટે સારી પ્રવૃત્તિઓ કરે છે. અમે સૌ મિત્રો તેમાં જોડાઈએ છીએ. તેમની આગેવાની હેઠળ ડૉ. મહેન્દ્રસિંહ વૈદ્ય, જયેશ શાહ, મનસુખભાઈ બોરીચા, મહેશભાઈ મોરી, રોનિતભાઈ વિસાણી, મનીષભાઈ ગોટી, મુન્નાભાઈ તથા ગદ્યસભાના જિજ્ઞેશ જાની, ભાવિન રાઠોડ અને હું; અમે બધા મિત્રો પાલિતાણાથી જેસર રસ્તે વડાળ આશ્રમે અમારાં વાહન રાખી સૌપ્રથમ દડની જગ્યાએ જવા વાડીવિસ્તારના મારગે જઈએ છીએ.

પાલિતાણા જેસર માર્ગની દક્ષિણે અમે છીએ. પાછળ ફરીને જોઈએ છીએ તો હસ્તગિરિ અને શેત્રુંજય પર્વતશિખરે જૈન ધર્મનાં ધવલ મંદિરો એની આકાશી ઊંચાઈને

કારણે સ્પષ્ટ કળાઈ રહ્યાં છે. આ બંને પવિત્ર પર્વતોની ફરતે આંટી મારીને વહેતી શેત્રુંજીનો સફેદ પટ સમતળથી જરા ઊંચે હોય એમ તબકી રહ્યો છે. બંને પર્વતોની જેમ શેત્રુંજી પણ પવિત્ર છે. તેને 'શેતલ ગંગા' જેવું ઉપનામ મળેલું છે.

નદીઓ વહે છે એટલે બધી નદીઓ પવિત્ર છે. વહેવું એ શુદ્ધ હોવાનું પ્રમાણ છે. બંધિયારપણું જળ હોય કે મન બંનેને બગાડે છે. બંધિયારતા એ સંકુચિતતાની સાબિતી છે.

નદી તરફથી મોં હટાવ્યું કે જમણી બાજુ દૂર નાનકડો કદંબગિરિ પર્વત અને તેની સાથે જોડાયેલ ડુંગરમાળ જાણે સાદ દઈ રહ્યાં હોય એમ પાસે બોલાવે છે. અમારે અત્યારે ત્યાં નથી જવું એટલે ગંતવ્યસ્થાન તરફ ગતિ કરી.

ખાસ્સું ત્રણ-ચાર કિલોમીટરનું અંતર કાપ્યા પછી જંગલવિસ્તાર શરૂ થયો. ડૉ. મહેન્દ્રસિંહ વૈદ્ય કેટલીક વનસ્પતિઓ અને દુર્લભ જડીબુટ્ટીઓની ઓળખ કરાવતા જાય છે. દરેકનાં મહત્ત્વ સાથે એક સંસ્કૃત શ્લોક તો હોય જ. બધા મિત્રોને તેની સાથે મજા આવે છે. જ્ઞાનનું ગુમાન તેઓની પાસે નથી. સાવ સરળ અને સહજ વિદ્યા તેઓ બાળકોને ચૉકલેટ વહેંચે એમ વહેંચી રહ્યા છે.

વડાળ, કદંબગિરિ, મોરચુપણા, શેવડીવદર, વિરપુર, કરમદિયા, બગદાણા, નવાગામ, કળમોદર અને વાવડી થઈ ફરી પાછા વડાળ પહોંચો તો એની વચ્ચેનું જે વર્તુળ રચાય છે એમાં 'ગેબર ફૉરેસ્ટ' છે. એ સિંહોનો એક રક્ષિત વિસ્તાર છે.

અમે સૌપ્રથમ દડની જગ્યાએ જઈએ છીએ. રસ્તામાં એક નાનો આશ્રમ આવ્યો. આશ્રમ નહીં, ઝૂંપડું કહેવાય. સાધુ માટે તો સાધનાનું જ મહત્ત્વ હોવું જોઈએ. સાધન ગમે તેવું હોય, સાધના હશે તો બધું પવિત્ર છે.

નાનકડી જગ્યાને ફરતે કાંટાની વાડ કરીને રક્ષણ કર્યું છે. અંદર પ્રવેશતાં જ તૂટીફૂટી એક નાની ઝૂંપડી આવે છે ને સામે એક ધૂણો છે. એમાંથી ધુમાડો નીકળી રહ્યો છે. સાધુ દેખાતા નથી, પણ ક્યાંક આટલામાં જ હશે. પાસે એક કૂઈ છે. પાણી સાવ ઉપર છે. પાણી સીંચવા માટે ડોલ અને સીંચણ છે. આજુબાજુ થોડાં શાકભાજી અને ફૂલછોડ વાવેલ છે. આ જંગલવિસ્તાર છે. સલામતીથી રહેવા માટે ઝૂંપડી બહુ યોગ્ય નથી, એથી સામે જ એક ઊંચો મેડો કરેલ છે. ચાર જાડાં લાકડાં ઊભાં ખોડી તેની સાથે નિસરણીની જેમ આડાં નાનાં લાકડાં બાંધીને ખાસ્સી ઊંચાઈએ એક ખાટલો બાંધવામાં આવ્યો છે. ને ઉપર છાંયો કરેલ છે. જંગલી જાનવરથી બચવા આ મેડો બનાવ્યો હોય એવું લાગે છે.

અમે અહીં બપોરાં કરીએ છીએ. થોડી વારમાં સાધુ આવ્યા. અમને જોઈને રાજી થયા. તરત તેમણે ખીચડીનું તપેલું ધરી દીધું. અમે હોંશથી પ્રસાદ આરોગ્યો. જમ્યા પછી ચાલવાનું મન કોને થાય? થોડી વાર આડા પડ્યા કે જિજ્ઞેશભાઈએ સૌને ચાલવા માટે આદેશ કર્યો.

પ્રવાસ હોય કે યાત્રા, ગ્રૂપ હોય તો લીડરને અનુસરવું પડે. નહીંતર હેરાન થવાય. જિજ્ઞેશભાઈ આ બધી જગ્યાએ ફરી વળ્યા છે. એથી ક્યારે ક્યાં પહોંચવું એ તેમને ખબર

હોય છે. આમ તો તેઓ કોઈને ભાગ્યે જ કાંઈ સૂચના આપે છે. સૌ પોતપોતાની મસ્તીમાં મોજ કરે. પણ સૌને સમયપાલન કરાવે. સમૂહકાર્ય હોય તો પહેલાં તેઓ શરૂ કરે, અંત સુધી જોડાયેલા રહે ને ખંતથી કામ પૂરું કરે. લીડરના બધા ગુણ તેઓમાં છે, એટલે તો અમે તેઓને લીડર તરીકે સ્વીકાર્યા છે.

સાધુને દક્ષિણા આપી, અમે રવાના થઈએ છીએ.

હવે ગીરનો અહેસાસ થાય એવી જંગલકેડી છે. વૃક્ષોનો બહુ વૈભવ નથી, પણ સારી એવી ઊંચાઈવાળાં ઘાસની સાથે વૈદરાજ દિવ્ય ઔષધિઓની ઓળખ આપતા રહે છે. તેઓ અમને જણાવી રહ્યા છે કે આ ઔષધીય વનસ્પતિઓનો સમૃદ્ધ વિસ્તાર છે. આવો ગીરનાં બચ્ચાં જેવો આ ભૂભાગ અમને ખરેખર જંગલમાં હોવાનો અનુભવ કરાવે છે. થોડું ચાલ્યા કે દૂર સામે વૃક્ષોની ઘટા દેખાઈ. ફરતે જર્જરિત વંડીની વચ્ચે જાંબુ, પીપર, પીપળો, વડ, રાયણ, આંબા જેવાં ઊંચાં ઘેઘૂર વૃક્ષો ઊભાં છે. અમે અંદર પ્રવેશ્યા કે વિશાળ ઊંચા ઓટલા પર બેત્રણ નાનાં પુરાણાં મંદિરો દેખાયાં. ને તેની ઉત્તરે હમણાં જ બનીને જર્જરિત થઈ ગયેલાં થોડાં મકાનો છે. જાણવા મળ્યું કે એ કોઈ ક્રિશ્ચિયન પાદરીએ નિર્માણ કરેલું ને પછીથી છોડી દીધેલું.

એક યુવાન સાધુ મંદિર પરિસરના વિશાળ ઓટલા પર એક ગોદડું પાથરી પોતડીભેર ઊંધા ગોઠણ નાખી ચલમ ફૂંકે છે. કૃષ કાયા પર કાળી ચામડી કુપોષણ, વ્યસન કે કઠોર સાધનાની ચાડી ખાય છે. એકબે સેવકો આ યુવાન સાધુની આસપાસ છે. સાધુની પાસે તરબૂચ વગેરે ફળો છે, પણ તેને તો ચલમમાં વધુ રસ છે. ન તેના મોં પર સ્મિત કે ન તો સાધનાનો સંતોષ. આંખોમાં કોઈ પરિતૃપ્તિના ભાવો નહીં.

સાચા સંન્યાસી આનંદમાં ડૂબેલા હોય. નિજાનંદ એની મજા હોય અને ભજન એનો ખોરાક હોય. પણ આનામાં અમે એવાં કોઈ લક્ષણો ભાળ્યાં નહીં.

અમે તેમને 'નમો નારાયણ' કરી ઓટલા પર આડા પડ્યા. વૃક્ષો પર પંખીઓની ચહલપહલ દેખાય છે. ધ્યાનથી જોયું તો અધરંગ, નાનો રાજાલાલ અને દૂધરાજની હાજરી જણાઈ રહી છે. રોનિતભાઈ સારા ફોટોગ્રાફર અને અચ્છા પ્રકૃતિપ્રેમી શિક્ષક છે. તેઓ ફોટોગ્રાફીમાં વ્યસ્ત બની ગયા છે. ચારેતરફ જંગલનો માહોલ અને મધ્યમાં આ આશ્રમ જેવી જગ્યા મનને આકર્ષિત કરે છે. પેલા સેવકો કહે છે કે હજી ગઈકાલે ભરબપોરે આ સામેના ગેટ આગળથી એક સાવજ પસાર થયેલો. એક સેવકે ઉતારેલો વીડિયો પણ અમને બતાવ્યો.

ગીરમાંથી માઇગ્રેશન કરી આ વિસ્તાર અનુકૂળ આવતાં સિંહ અહીં રહી ગયા છે, એની આ સારી સાબિતી છે.

અમારે અહીં બહુ રોકાવું નથી. ફરી પાછી ચાલતી પકડી. હવે જંગલ થોડું ગાઢ આવ્યું છે અને કેડી પણ માંડ દેખાય છે. આવા અડાબીડ વિસ્તારમાંથી પસાર થતાં ફરી ગીરનું સ્મરણ સ્વાભાવિક થઈ જાય છે.

ગાઢ વનરાજીમાંથી બહાર આવ્યા કે ખુલ્લી ટેકરાળ જમીન દેખાઈ. સામે ડામરનો રસ્તો છે. જે કદંબગિરિથી વાવડી તરફ જતો હોવાનું જણાય છે. આ રસ્તો ક્રૉસ કરી અમે માંકડા હનુમાન જવાના કાચા રસ્તે ચડ્યા. હવે અમે માંકડા હનુમાનવાળા બૃહદ ગીર વિસ્તારમાં છીએ. એકધારું ઘણું ચાલીને થાક્યા છીએ... સાંજ ઢળવા આવી છે. એટલે હવે ઝટ પહોંચવું છે.

ઢળતી સાંજમાં ચારેબાજુ પ્રકૃતિએ સોનેરી પહેરવેશ ઓઢી લીધો છે. ઝાંખરાંવાળી સૂકી ટેકરીઓ એથી ઝગમગી ઊઠી છે. શાંત માહોલ ગીર જેવો જ ભાસે છે. ડાબી તરફ સપાટ કાળી મેદાની જમીનમાં ઊંચાઈવાળા સૂકા ઘાસના થોડા ઢૂવા છે. અચાનક કાંઈક ચહેલપહેલ થઈ. કોઈ જનાવર ઝડપથી ઘાસના ઢૂવામાંથી નીકળીને બાજુમાં આવેલ દેશી બાવળની કાંટ્યમાં અંદર ઘૂસી ગયું. ચબરાક નજરવાળા જિજ્ઞેશભાઈની આંખે બરાબર નોંધ લઈ લીધી. અમને સૌને નાક પર આંગળી રાખી ચૂપ રહેવા જણાવી બધાને એકઠા કરી લીધા. પછી સાવ ધીમેથી કહ્યું, 'બાવળની કાંટ્યમાં સિંહણ ગઈ છે!'

અરે! ગાઢ અડાબીડ જંગલમાં હતા, ત્યારે કંઈ જોવા ન મળ્યું અને અહીં સિંહણ છે!

થોડી વાર થઈ કે મુડદાલ માંસની વાસ આવી. હવે નક્કી થઈ ગયું... અંદર મારણ પણ પડ્યું હોવું જોઈએ. બેએક દિવસ પહેલાંનું હશે. એટલે વાસ આવે છે. ત્યાં તો 'કાંઉ કાંઉ' એવો બચ્ચાંનો અવાજ પણ આવ્યો. અરે! આ તો બચ્ચાંવાળી માદા છે! હવે અહીં ન રોકાવાય.

દિવસ આથમી ગયો છે. ઘડીભર પહેલાંની સોનેરી પ્રકૃતિ બદલાઈ ગઈ છે ને તેણે અંધકારનો કાળો કામળો ઓઢી લીધો છે. દૂર ક્યાંક ક્યાંક વાડી વિસ્તારની લાઇટોના દીવા ઝગે છે. પૂર્વ દિશાએ વાવડી ગામમાં પણ લાઇટોનો આછેરો ઝગમગાટ છે. અંધારે ચાલતા અમે સૌ માંકડા હનુમાન પહોંચ્યા.

દરવાજે એક ઑટોમૅટિક સોલર લાઇટ છે. અવરોધ ઊભો થાય કે સેન્સરથી લાઇટ પ્રકાશી ઊઠે. તૂટીફૂટી ખડકી ઉઘાડી અમે સૌ અંદર પ્રવેશ્યા. માંકડા દાદાના નાનકડા મંદિરને અઢેલીને બે દિશામાં પતરાં ઢાંકીને લાંબાં છાપરાં બનાવેલાં છે. આધેડ ઉંમર વટાવી ચૂકેલા જગ્યાના સેવક નકા ભગત ગાય દોહીને કોઢમાંથી બહાર આવ્યા. જિજ્ઞેશભાઈને તેમની સાથે સારો પરિચય છે. અમને આવકાર આપી તેમણે બીડી પેટાવી. અમે બધા ખૂબ થાકેલા છીએ. સૌને પહેલાં ચા પીવી છે.

દેશી ગાયના તાજા દૂધની આદુ-તુલસીવાળી ચાએ બધામાં સ્ફૂર્તિ લાવી દીધી. હવે જાતે રસોઈ પકાવવાની છે. સૌ મિત્રો શાક સમારવાથી માંડીને નાનાંમોટાં કામ કરવા માંડ્યા ને જોતજોતામાં શાક-પુલાવ તૈયાર!

સાથે ડુંગળી, મરચાં ને છાસ.. પણ શું એનો સ્વાદ! આમે પણ વગડામાં જાતે ચૂલા પર રાંધેલો ખોરાક વધુ સ્વાદિષ્ટ લાગે છે.

ભરપેટ જમી સૌ આડા પડ્યા કે થાકને લીધે ક્યારે આંખો ઘેરાઈ ગઈ એનો ખ્યાલ ન રહ્યો.

ભરઊંઘમાં અંધારામાં મારી ચાદર કોઈ ખેંચતું હોય એવું લાગ્યું. જોઉં છું તો મહેશભાઈ કહે, 'અહીં દરવાજા આગળથી હમણાં સિંહ હૂકતો હૂકતો ગયો!'

અમે સૌ જાગ્યા. મોબાઇલમાં જોયું તો વહેલી સવારના પાંચ વાગ્યા હતા. નકા ભગત બીડી પીતા જાગતા હતા. લાગલું જ મેં તેમને પૂછ્યું, 'સિંહ હૂકતો હતો, તમે સાંભળ્યો?' તો એ કહે, 'હું તો આખી રાત જાગતો જ હોઉં. મને ઊંઘ ઓછી આવે. મને એના ટેમની પણ ખબર હોય. પણ જનાવરને આપડે હું કામ નડવું. આપડે નો નડીએ તો ઈ આપણને નો નડે ને બચારા એને કેડે હાલ્યા જાય.'

નકા ભગત કાંઈ ભણ્યા નહીં હોય. પણ એમની સમજ ભારે ઊંચી હતી.

પછી તો અમે બંને વાતોએ વળગ્યા.

સાવ લઘરવઘર, મેલાઘેલા પહેરવેશવાળા, અસ્સલ ગામડિયન નકા ભગતની વાતો સાંભળીને એમની સેવાને વંદન થઈ ગયાં.

વાત એમ હતી કે વર્ષો પહેલાં બાજુના ગામેથી નકા ભગત અને એનાં ઘરવાળાં બહેન, બંને જણ આ જંગલવિસ્તારમાં દરરોજ વહેલી સવારે લાકડાં કાપવા આવે. સૂરજ ઊગી જાય ત્યાં સુધીમાં લાકડાંના ભારા તૈયાર કરી નાખે. ભારા બાંધી માથે ઉપાડીને આ દેરીએ લાવે. ત્યાં આરામ કરે. પણ ત્યાં સુધીમાં સાથે લાવેલું પાણી ખૂટી ગયું હોય. ભયંકર તરસ લાગી હોય....

નકા ભગત કહે, 'ચોમાસાના ચાર મહિના પછી એકાદ બે મહિના પાણીના વોંકળા ચાલુ રહેતા હોય ને પછીના છ મહિના પાણી વિના માણાહ ને જનાવર માતર વલવલે. પાછાં ઈ દુકાળિયાં વરહ. તે કારક તો આખેઆખાં ચોમાહાં કોરાંધાકોર ગ્યાં હોય તઈ પાણીનો પોકાર બોલી જાય. ને આંયાં આ માંકડા હનુમાને ઢોરા પર નાનકડી દેરી સિવાય બીજું કાંઈ નો મળે. એક વાર અચાનક આવી ચડેલ એક વટેમાર્ગુ પણ પાણી ગોતતા હતા. પણ પાણી તો હતું નહીં! એ વખતે જ મનમાં ગાંઠ વાળી લીધી... આંયાં પાણીનું પરબ કરવું છે.'

ને એ દિવસે બગદાણે ભારા વેચી આવીને તેના પૈસામાંથી બે માટલાં ખરીદ્યાં. પતરાંના બે ડબ્બાની કાવડ બનાવી. બીજા દિવસે બંને જણે લાકડાં કાપ્યાં પણ પરબ માટે. આડાં-ઊભાં લાકડાં ગોઠવી ખાસ્સું ઊંચું બે માટલાંનું પરબ તૈયાર કરી નાખ્યું. પછી ગાઉ દોઢ ગાઉ છેટે એક જીવતી વાડીમાંથી કાવડે પાણી ભરી લાવીને માટલાં ભરી દીધાં.

એ દિવસ તો ઘરે તાવડી ટેકો લઈ ગયેલ. પણ તે દિથી જ નક્કી કરેલું : 'છોકરા વાડી ખેતર સંભાળતા થઈ જાય પછી કાયમને માટે આંયાં જ સેવા કરવી છે. બે દીકરા છે.. ઈ વેવાર સંભાળે એવડા થયા કે પછે કાયમને માટે ઘર છોડી દીધું. તે આજની ઘડી સુધી - વરસો વયાં ગ્યાં, એક દિ પરબ પાણી વગરનું નથી રહ્યું. માણાહ - જાનવર હૌ પાણી પીવે ને ઈની આંતરડી ઠરે. મનેખ અવતારમાં કાંઈક સેવા કરી હોય તો લેખે, બીજું હું?'

'હવે તો હેઠે નેરમાં એક કૂવો ગાળ્યો છે. લાઇટ પણ લઈ લીધી છે. કૂવાની પાસે જ અવેડો બાંધ્યો છે. તે હવે ચાપ પાડીએ ને બધે પાણી પાણી. માણાહ - જનાવર - પંખીડાં સૌ પાણી વિના નો જાય એની બરોબર કાળજી લીધી છે. આ જુવોને, હમણે ઓલ્યો નો ગ્યો? હાવજ, ઈવડો ઈ ન્યાં હેઠે અવેડે પાણી પીઈને એનાં ઠેકાણે વયો જાહે.'

મેં કહ્યું, 'અરે વાહ! નકા ભગત તમે તો પાણી માટે જીવન હોમી દીધું... કોઈ કાંઈ આપે છે? મદદ કરે છે?'

'મારે આંયાં હું જોવે? તમારા જેવા જે આવે ઈ રોકાવું હોય તો શાકભાજી, ચા-ખાંડ કે દાળ-ચોખા લેતા આવે. મારી પાસે હાજર હોય ઈ હું ધરી દઉં. બાકી દાદાની મોગળ પતરાંની એક નાની પેટી રાખી છે, એમાં જેને નાખવું હોય ઈ નાખે.. એમાંથી દીવેલનું થઈ રે છે. કોઈની પાંહે માગવાનું નય.. ઘટે તો છોકરા છે. એની પાંહેથી માગી લઉં... મારું આમનેમ માંકડો દાદો રોડવે છે... તે રડ્યું જાહે...'

નકા ભગતની દેશી વાસ્તવિક વાતો સચ્ચાઈ ને માનવતાવાદી હતી.

વહેલી પરોઢનું ઝાંખું અજવાળું ધીરે ધીરે ધરતીને સ્પર્શીને વાતાવરણમાં દિવ્ય ચેતના પ્રસરાવતું હતું. પંખીઓ મોજમાં આવીને સૂર્યનારાયણને આવકારતાં આતુરતાભર્યાં ગાન ગાઈ રહ્યાં હતાં.

નકા ભગતએ ઊભા થઈને ગાય છોડી મૂકી.

મને શંકા થઈ.

'આ સાવજનો વિસ્તાર છે, ગાયને જોખમ નહીં?'

'માંકડાદાદા ઈની રક્ષા કરે છે.'

પછી થોડા અટકીને કહે, 'એક વાર મધરાતે આવડો આ ઠેઠ માલીપા આવી ગ્યો તો. ગાય બાંધું છું ન્યાં જાળીએ આખો ઊભો થઈ ગ્યો. ગાય ભાંભરડા નાખવા મંડી. હું જાગી ગ્યો. મેં લાકડી ખાટલા હાર્યે પછાડી ને રાડ્ય નાખી... હાલતો થા... તારું ખાજ છે ઈ સાચું, પણ આંયાં માંકડોદાદો બેઠો છે. ઈની રક્ષા કરવા.. નીકળ્ય આંયથી... ને હાવજ હાલતો થ્યો તો..!'

થાકેલા મિત્રોમાંથી કોઈ કોઈ આડ્યા અમારો વાર્તાલાપ સાંભળતા હતા...

મેં અમસ્તા જ પૂછ્યું: 'ભગત! આ જગ્યાને માંકડા હનુમાન કેમ કહે છે?' તો ભગત કહે, 'ઈની કાંય ખબર્ય નથ્ય હોં!'

પછી પોતાની જગ્યાએથી ઊભા થતાં ભગત કહે, 'લ્યો તંઈ... વાતુંમાં ને વાતુંમાં પ્રાગડ વાહી ગ્યું... તમે હૌ નાવ ધોવ.. ન્યાં લગીમાં હું છાશ ફેરવી વાળું... ને પછી આરતી કરઈ...'

સૌ વારા ફરતી જાગી નાહીધોઈ માંકડાદાદાની આરતીમાં જોડાયા...

ને ઝાલરનો મધુર રણકાર બૃહદ ગીરની કંદરાઓમાં પડઘાઈ રહ્યો.

■

ઘાસ-૨

નીલેશ ગોહિલ

કોળિયામાંથી કાંકરો અને ખેતરમાંથી ખડ કાઢે જ છૂટકો. ખડની નગટાઈએ ચારે બાજુ જમીનમાં ઊંડે ઊંડે મૂળિયાં ભરાવી દીધાં હોય. ગમે તેટલી વખત નાક વાઢો તોય કાંઈ ફેર ન પડે. શરમ નેવે મૂકીને ઊગે તો એમ જાણે કે, આભનું ફાંડું પૂરી દેવાનો ઠેકો માથે ન રાખ્યો હોય! ખેતરમાં મૂળ પાક ઊગવાને એક ભવની વાર હોય, બીજ હજુ ભોમાં જ વાતું કરતું હોય પણ ખડ! ખડ તો જાણે તોરણ ચૂકી જવાનું હોય તેમ હરખપદૂડું થઈને ઊગ્યે પાર કરે. પોતે મીર માર્યો હોય તેવા વટથી ઝંડો ઊંચો કરે. ખડને પછેડી પલાળ વરસાદ વરસી જાય પછી કોઈની સાડીબાર નહીં. ઊગવામાં શરમ કે આળસ ક્યાં ક્યારેય હતી? એમાં ઓછામાં પૂરું બાકી હતું તે કવિઓએ કલમના ગોદે ચડાવ્યું. ઘાસ, તરુ, તૃણ જેવાં ઉપનામથી નવાજીને સડીકે ચડાવ્યું, ખડ તે ફૂલણ ચકલી, ફુલાઈને દડા જેવું થયું. ઉપર જતાં રોફ પણ એવો જમાવે પહેલા વરસાદ પછી નીરવ શાંતિ છવાઈ જાય. પવનને કોઈએ ભોંમાં ભંડારી દીધો હોય તેમ તે રહ્યો રહ્યો ભોમાંથી ઉકળાટ બહાર ફગાવે. આખા ડિલે ઘામ થાય, બરફ ઓગળીને ટીપાં પડે તેમ પરસેવો પડે. એકાદ ટીપું હોઠને અડે. જીભ ચરણામૃત સમજી લબરકો કરી પરસેવાનું આચમન કરે. વાડમાંથી સુકાઈ ગયેલાં પાંદડાં કોહવાતાં હોય તેની મધરી મધરી ગંધ આવ્યા કરે. વરસાદ પછીનો તડકો કાને ડુંભાણા અડાડ્યા કરે. કાન બળવા માંડે. હાથમાં ખડની ગંધ બેસી જાય. હાથ ઘસો તો ઘસતા જ રહી જાવ. ગંધ હાથમાં ઘર કરી જાય. નખમાં ભીની માટી ભરાઈ જાય. નૈયા છોલાય ને લોહી નીકળે. પણ ખડને આમાંનું કાંઈ મનમાં નહિ.

સવારથી સાંજ સુધી તડામાર ખડ સાથે દ્વંદ્વ યુદ્ધ કર્યા પછી પણ માગ ન આપે તો સમજી લેવાનું કે થઈ રહ્યું, હવે એકલા ગજ નહિ લાગે. હવે દાડિયાં કરવાં પડશે. સાંજે વાડીએથી એક ગાઉ છેટે ગામમાં જવાનું, દાડિયે જતાં હોય એને ઘરે જઈને પૂછવાનું કે, ‘નીંદવા આવશો?’ પણ ભડના દીકરા કોઈ મોઢામાંથી ‘હા...’ એમ ન બોલે. જાતભાતના આલાંબાલાં બતાવે, ‘તમારી વાડી લંકાના સરે સે... હું હાલીન્ નો આવું, ફલાણાને હા પાડી સે... ફલાણાનું એઠું કર્યું સે... નઈ મેળ આવે... કોકનું અધૂરું કેમ મેલાય?’ આખું ગામ ખૂંદી વળો ત્યારે માંડ દસ બાર ડોશીઓ હા પાડે એ પણ એવી રીતે હા પાડે કે ‘પૂગ્યે પરમાણ.’ વરસાદે માંડ ખરાડ દીધી હોય, આખા ગામમાં દાંતડિયું ઊડતી હોય,

દાડિયાં માટે પડાપડી થતી હોય ત્યારે દાડિયાં મોકો જોઈને લાડે જાય. એક બાજુ નીંદણની લેતાણ હોય બીજી બાજુ વરસાદ ખાંગો થઈને પડું પડું થતો હોય. પચીસ પચાસનો ચડાવો કરાવે તોય દાડિયાં તો પગ જ ભરાવે કતલખાને હાંકી જતા પાડાની જેમ. બીજે દિવસે સવારે અધ્ધર જીવે દાડિયાંની વાટ જોવાની. દાડિયાં નહીં આવે તો? આ પ્રશ્ન મૂંઝવી મારતો, કંઈ સૂઝવા ન દે. બીજા વિચારો પણ હમશી ખૂંદતા હોય. કોઈ વચ્ચેથી દાડિયાંને વાળી જશે, દાડીમાં ચડાવો કરીને કોઈ એના ખેતરે તો નહીં ઢસડી જાયને? દાડિયાં ગામતરે તો નહીં જતા રહેને? દસ બાર દાડિયે હા કીધું હોય ત્યારે માંડ પાંચ સાત પૂગે. ત્યારે બીજા વિચારો હેઠા બેસે. 'ન મામા કરતાં કાણો મામો શું ખોટો.' એમ કરીને મનને બાળાગોળી પાવી પડે. સૂરજનારાયણ તો ક્યાંયના ક્યાંય અધ્ધર ચડી ગયા હોય ત્યારે તો એ દાડિયાં શેઢે પહોંચે. મોડાં પહોંચીને પણ સારપ લેવાનું તો કેમ ભૂલે! 'મોડું તો નથી થયું ને?' મોડું તો એક ભવનું થઈ ગયું હોય પણ આપણે ઉત્તર એ રાજી રહે તેવો જ આપવાનો 'ના ના તમતમારે તમે ટેમે જ આવ્યો છો.' આનું નામ ગરજ.

સવારના પહોરમાં દાડિયાં ભારે બળમાં હોય પણ પછી એવાં ઢીલાંઢફ થઈ જાય 'પટેલની ઘોડી પાદર સુધી.' એમાં દાડિયાંનોય વાંક નથી. ખડ એવું ભોથે પડી ગયું હોય કે બળ કર્યા વગર ખડનાં મૂળિયાં માટીની માયા મૂકવા તૈયાર ન થાય, અમારા બાપાની વૃત્તિ જેમ. એમાંય ઘ્રો તો આંગળીમાં બ્લેડ જેમ વાગે, રીતસરનો ચેકો પાડી દે. લોહી નીકળે એટલે પાણાફાટ ગોતવાની. એને મસળીને વાગ્યા ઉપર લગાવી દેવાની અને જો પાણાફાડ ન મળે તો વાડ આડે જઈને વાગ્યા માથે પેશાબથી 'પેક્ષાલન' કરી લેવાનું એટલે પાકે નહીં. અમારા માટે તો એ જ 'ડરેસિંગ'. વાઢતી વખતે દાતરડું કે જુવારનાં છોડની સોય વાગે ત્યારે અમારી પાસે આ એક રામબાણ ઇલાજ કાયમ હાથવગો રહેતો. બળતરા એવી થાય કે વાત ન પૂછો. થોડી વાર લવકારા લોહીમાં બે બે આંચળ ઘાવેલા વાસડાં માફક ઠેકડે ચડે. પણ પાકે નહિ એની ગૅરંટી. અગિસન(ઇન્જેશન)ની જરૂર પણ શું પડે? ખડમાં દયા નામનો છાંટોય ન મળે. ખડને તો મનમાં એમ જ કે, 'દયા ડાકણને ખાય.' લોહી પીનારું ખડ લોહી પીને પણ ધરાવાનું નામ ન લે. શરીરના એકેએક અંગની અગ્નિપરિક્ષા લેવાય. બેસીને નીંદતા પગ જકડાઈ જાય. ઢીંચણ દુઃખે. કેડ તૂટે. પગનાં તળિયાં ચસકે. બાવડાં ફાટે. હથેળી બળે. આખું ડિલ થાકીને લોથ થઈ જાય. દાડિયાં સારાં હોય તો સારું નહીંતર ખડ રહે ખડને ઠેકાણે અને ગાંઠનું ગોપીચંદ જાય. વગર જોઈતી પીડા પેટ ચોળીને શૂળ ઊભું કર્યા જેવું થાય. દાડિયાંને તો બસ સાંજ પડવાથી મતલબ. દાડિયાં હોય ત્યારે ઘરધણીને પણ ખૂબ ચાડ રાખવી પડે. ઘરધણી સૌથી પાછળ ઢસરડા કરતા હોય તો દાડિયાં વાતુંના વડા જ કરે કે બીજું કાંઈ! અલકમલકની ખૂટે જ નહીં ને બેઠા બેઠા ટેશથી કામ કરે. પણ ઘરધણીનો જીવ તાળવે ચોંટ્યો હોય. તોય ઘરધણીને હોંકારા ભણવા પડે, બધી વાતમાં હાયે હા કરવું પડે. નહીં તો તંત થઈ જાય. ગટુરગસ (ઘટોત્કચ) માફક દાંતરડી ફગાવીને થાય ચાલતા. 'આ રહ્યું તમારું દાતરડું અમારે નથી નીંદવું.'

ખડ કાઢવાનાં ભાતભાતનાં યંત્રો આવી ચૂક્યાં પણ ખડને જળમૂળથી કાઢવું એ તો આભની સાથે બાથ ભીડવા જેવું છે. પહેલા બળદથી સાંતી ચાલતાં હતાં ત્યારે જમીન

લાપસી જેવી રહેતી. વળી દેશી ગળતિયું ખાતર નાંખીએ તો મોલ ઝાલ્યોય ન રહે. દાણો પણ મતિયાર થતો. હવે ખડ કાઢવા યંત્રોએ જમીનમાં ટોર બેસાડી દીધો. જમીન થઈ ગઈ સઙ્ઙડબમ. મોલ રહે સળી ડાખળાં જેવો માયકાંગલો. જાણે સૂકવા ન થઈ ગયો હોય! ભોં થઈ જાય કઠણ પાણા જેવી, એમાં મૂળ બિચારું જાય તો જાય ક્યાં? ખડ કાઢવાની લાયમાં ઊઠ પાણા પગ ઉપર. ખડ રહ્યું ખડના ઠેકાણે. હાથનાં કર્યા હૈયે વાગ્યાં એ કોને કહેવા જવું? જમીનને ખડે કસ ચૂસી ચૂસીને રસ કાઢેલા શેરડીના છોતા જેવી કરી નાખી. મોલને બિચારાને ઘણું વકરવું હોય પણ એ માયેલું જોમ લાવવું ક્યાંથી? ઉપર ઉપરથી કસ તો ખડ ભૂંગળી જેવા મૂળથી સ્વાહા કરી જાય. પાકનાં મૂળ ઊંડે ઊતરે ત્યારે મેળ પડે. પણ ભૂખ્યા બાળકને થાનેલું મોંમાં લે એટલુંય બળ તો હોવું જોઈએ ને! ત્યારે વળી વગર જોઈતી પીડા વહોરવી પડે. મોલને માવજત આપવી પડે. એક બાજુ ખિસ્સું ઢીકે શ્વાસ લેતું હોય ત્યાં પાછો ખર્ચ કર્યા વગર છૂટકો નહિ. ટાણું ચૂકી જવાય તો ખળું લઈએ ત્યારે ઠણઠણગોપાલ. ખર્ચ કર્યા પછીય મોલ થાય ત્યારે થયો કહેવાય, નહિતર લાખના બાર હજાર તો થાય જ.

ખડને મારે એટલું જ કહેવાનું કે, આખો મલક પડ્યો છે, આખા મલકમાં મન ફાવે ત્યાં ભલેને ઊગે પણ એક આ ખેતરમાં ન ઊગે તો કાંઈ ખાટુંમોળું નહિ થઈ જાય. પણ ખડ તે કોઈનું કાંઈ કાને ધરે? મારે મન ખેતરમાં ખડ એટલે કોળિયામાં કાંકરો, એને કાઢે જ છૂટકો.

■

ટૂંકી વાર્તાને જીવનના પ્રશ્નો સાથે અતિ નિકટનો સંબંધ છે. જીવનના પ્રશ્નોને તે જેવી રીતે છેડી શકે છે અને જરાક ઇશારત કરી આખું સ્વરૂપ દેખાડી શકે છે. તેવી રીતે કદાચ સાહિત્યની બીજી કોઈ પણ કૃતિ નહીં કરી શકતી હોય. ટૂંકી વાર્તાને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્વરૂપ પર લઈ જવાનો જો કોઈ પ્રયત્ન કરે અને સર્વદેશી અને સર્વસમયના પ્રશ્નો-પુરાણના, ઇતિહાસના અને સમાજના, ભૂતકાળના, વર્તમાનના અને ભવિષ્યના—કુંભાર જેવી ઝડપથી દોરી મૂકીને પોતાનો ઘાટ સાંગોપાંગ ચાકડા પરથી ઉતારી લે છે તેવી ચપળતાથી અને સલૂકાઈથી ઉતારી લે, તો તે પ્રજાનું માનસ ફેરવી શકે અને જીવનમાં અત્યંત અગત્યના અંકુરો મૂકી શકે. કદાચ એટલા માટે એક મિત્રે કરેલું અનુમાન સાચું હોય કે ટૂંકી વાર્તાનો સારામાં સારો ફાલ ઊતરે ત્યારે પ્રજાજીવન ખરો પલટો લે છે.

ડુંગરાઓમાં રહેનારાઓને ખબર છે કે ત્યાં બે માળનું મકાન હોય તો તેમાં ઉપલા માળની એક નાની સરખી બારી એ ઘરનો કીમતીમાં કીમતી ભાગ ગણાય છે. જેમ શરીરમાં રહેલી નાનકડી આંખ વિશાળ ક્ષેત્ર માપી લે છે, તેમ આ બારી દૂરદૂરના સુંદર દેખાવો નજર આગળ ખડા કરે છે. એક રીતે કહીએ તો ટૂંકી વાર્તા એ પ્રજાજીવનની આંખ છે. આંખ જો સાચી હોય તો વિશાળમાં વિશાળ મેદાન આંગણું જ બની રહે.

(**ધૂમકેતુ** : તણખા મંડળ બીજું-૧૯૨૮)

ડૉ. જયંત ખત્રીના 'પોતાના જગત'નાં સાથી – પ્રથમ પત્ની બચુબહેન સાથેનો પત્રવ્યવહાર

અજય સોની

કચ્છના અખાતમાં આવેલા બંદરીય શહેર મુંદ્રામાં, કચ્છ રાજ્યના સરકારી તબીબ ડૉ. હીરજી હંસરાજ ઘેલા(ખત્રી)ને ત્યાં ૧૯૦૯ની ૨૪મી સપ્ટેમ્બરના જયંત ખત્રીનો જન્મ થયો. પિતા માનવતાવાદી લોકપ્રિય તબીબ હતા. જેમનો વારસો આગળ જતાં જયંત ખત્રીએ નિભાવ્યો. માતા જમનાબહેન ધાર્મિક વિચારનાં અને ઘરે રોજ રામાયણનું વાંચન થાય. નાનપણથી જયંત ખત્રી પર આ ગ્રંથની ઊંડી અસર થઈ અને આજીવન રહી. એટલે જ જયંત ખત્રીના પ્રિય સાહિત્યગ્રંથ તરીકે રામાયણ મુખ્ય છે.

ડૉ. ખત્રીએ પત્રલેખનની શરૂઆત ક્યારથી કરી હશે એનો ચોક્કસ આધાર મળતો નથી. લગ્ન બાદ પહેલો પત્ર એમણે પત્નીને લખ્યો હોવાની સંભાવના વધુ છે. ડૉ. ખત્રીનાં પ્રથમ લગ્ન ૨૦ વરસની ઉંમરે કચ્છના નખત્રાણા તાલુકાના મોરજર ગામનાં બચુબહેન સાથે ઈ.સ. ૧૯૨૯માં થયેલાં. લગ્ન બાદ પણ જયંત ખત્રીનો અભ્યાસ ચાલુ હતો. મુંબઈમાં મોટા ભાઈ શિવજીભાઈ અને માણેકભાભીને ત્યાં રહીને જયંત ખત્રી ડૉક્ટરનો અભ્યાસ કરતા હતા. એમણે ૧૯૩૫ માં નૅશનલ મેડિકલ કૉલેજ, મુંબઈમાંથી L.C.P.S.ની ડિગ્રી મેળવી હતી. (જયંત ખત્રી એક ટર્મમાં નાપાસ થયેલા અને એક ટર્મની પરીક્ષામાં નહોતા બેસી શક્યા.) લગ્ન બાદ ચારેક મહિનાના સહવાસ બાદ જયંત ખત્રી મુંબઈ ચાલ્યા ગયેલા અને બચુબહેન મોરજર એમના પિયરમાં રહેતાં. અમુક સમયે બચુબહેન મુંબઈ જતાં તો ક્યારેક ખત્રી મોરજર આવતા. એ રીતે બન્નેનો લગ્નસંસાર બે છેડેથી ચાલતો. દૂર રહેવાથી બન્ને વચ્ચે પત્રો દ્વારા સારો એવો સંવાદ રચાયો. બચુબહેન લખી-વાંચી શકતાં એટલે એમનો જયંત ખત્રી સાથે પત્રવ્યવહાર થયો. બચુબહેનના પત્રોમાંથી આપણને બચુબહેનના હૃદયમાં સચવાયેલા ખત્રીની ઝાંખી થાય છે. સાથોસાથ યુવાન જયંત ખત્રીના જીવન, વિચાર અને વ્યક્તિત્વની વિગતો મળે છે. બચુબહેને જયંત ખત્રીને લખેલા પત્રોમાંથી મોટા ભાગના પત્રો સચવાયા છે. જ્યારે જયંત ખત્રીના માત્ર ચાર પત્રો જ સચવાયા છે.

એ સમયના એરેન્જડ મૅરેજમાં ઉંમર અને શિક્ષણનો તફાવત સામાન્ય બાબત ગણાતી. ડૉ. ખત્રીનાં પ્રથમ પત્ની સાથેના પત્રવ્યવહારની વિગતોમાં ઊતરતાં પહેલાં એની પૃષ્ઠભૂમિ સમજવી જરૂરી છે. ખાસ કરીને એ સમયનું કચ્છ અને દેશમાં ચાલતી ચળવળની થોડી વિગતો આ સંદર્ભે તપાસી જઈએ.

કચ્છ એ સમયે દેશી રજવાડું હતું. શ્રી ખેંગારજી (ત્રીજા) ભુજની ગાદી પર હતા. એક જ નૅરોગેજ ટ્રેન સવારે ભુજથી ઊપડે, બપોરે કંડલા પહોંચે. જામનગર કે નવલખી રસ્તે કચ્છ બહારથી આવેલા પૅસેન્જરોને લઈને સાંજે પાછી ફરે. દરિયાઈ રસ્તે માંડવીથી મુંબઈ જવાતું. ભુજ માંડવી વચ્ચે ૧૯૨૧માં બસ સર્વિસ એક ખાનગી કંપની દ્વારા શરુ થયેલી. સ્વરાજ પહેલાં ભુજ, માંડવી કે અંશતઃ અંજારને બાદ કરતાં કચ્છનાં ગામડાંઓમાં ઇલેક્ટ્રિસિટી નહોતી. રૂપિયાને બદલે કોરીનું ચલણ ચાલતું હતું. ભુજમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલ હતી. પણ મુન્દ્રામાં ૧૯૦૮થી હાઈસ્કૂલ શરૂ થયેલી. ૧૯૫૦માં માંડવીમાં ગર્લ્સ હાઈસ્કૂલ સ્થપાઈ. ૧૯૫૪મા ભુજ મૅટ્રિક પરીક્ષાનું કેન્દ્ર બન્યું. એ જ વરસમાં ભુજમાં લાલન કૉલેજની પાયા વિધિ થઈ. છેક ૧૯૫૫માં કચ્છમિત્ર અખબાર શરૂ થયું અને ૧૯૬૪માં આકાશવાણી ભુજની સ્થાપના થઈ. દેશમાં આઝાદીની ચળવળ ચાલતી હતી. નવી દિલ્હીની સેન્ટ્રલ ઍસેમ્બ્લીમાં ભગતસિંહ અને બટુકેશ્વરે બૉમ્બ ફેંક્યા એ ૧૯૨૯નું વરસ હતું. એના બરાબર એક વરસ બાદ ગાંધીજીએ દાંડીથી મીઠાનો સત્યાગ્રહ શરૂ કર્યો હતો.

ડૉ. ખત્રીએ પ્રાથમિક શિક્ષણ મુન્દ્રા અને પાટવાડી દરબારી શાળા, ભુજમાં લીધું. ન્યૂ ભરડા હાઈસ્કૂલ મુંબઈથી ૧૯૨૮માં મૅટ્રિક થયા. એક વરસ કૉલેજનો અભ્યાસ કરીને તેમણે દાકતરીના અભ્યાસ માટે મુંબઈની નૅશનલ મેડિકલ કૉલેજમાં એડમિશન લીધું. બરાબર આ સમયે એમનાં લગ્ન થયાં. ડૉ. ખત્રીને એક સ્પષ્ટવક્તા, ડાબેરી લોકનેતા, કે પછી ચિત્રકાર, સંગીતના જાણકાર, વાર્તાકાર, માનવતાવાદી ડૉક્ટર એમ જુદા જુદા સ્વરૂપે લોકો ઓળખે છે. લગ્ન સમયે યુવાન જયંત ખત્રીના વ્યક્તિત્વનાં મોટા ભાગનાં પાસાં હજુ ઉજાગર થયાં નહોતાં. નવેમ્બર ૧૯૨૮માં લખાયેલી તેમની કેટલીક કવિતાઓ મળે છે. ૧૯૩૦થી તેમણે નોંધપોથી લખવાની શરૂઆત કરી હશે. ઇંગ્લૅન્ડસ્થિત અંગ્રેજમિત્ર સાથેનો પત્રવ્યવહાર ૧૯૩૪ના વરસથી મળે છે.

ડૉ. મનુ પાંધીએ "સંસ્મૃતિ"ના વિશેષ અંકમાં નોંધ્યું છે એ મુજબ કૉલેજકાળ દરમિયાન એમની ચિત્રકાર તરીકેની પ્રતિભા વિકાસ પામતી હતી. એ અરસામાં હિન્દુસ્તાન-પ્રજામિત્ર પ્રગતિશીલતાનો અડ્ડો ગણાતો. જયંત ખત્રીને અહીં ઉદ્દામવાદી સાહિત્યની સોબત મળી. દાસકૅપિટલ, ફ્રોઇડ અને વિદેશી સાહિત્યકારોની કૃતિઓનો અભ્યાસ કરવાનો અવસર મળ્યો. તેમણે ભૂગર્ભમાં રહીને એક ગોરા અફસરની મોટર ગૅરેજમાંથી આઝાદીની પ્રેરણા આપતી પત્રિકાઓનું પ્રકાશન કરેલું. પ્રોગ્રેસીવ રાઇટર્સ ઍસોસિયેશન, ફિલ્મ જર્નાલિસ્ટ ઍસોસિયેશનના સભ્ય તરીકે મિત્ર બકુલેશ સાથે જયંત ખત્રી બુદ્ધિજીવીઓની નિકટ આવ્યા. આમ જયંત ખત્રીનું મુંબઈ શહેરે જુદી રીતે ઘડતર કર્યું.

બીજી બાજુ ચારસો-પાંચસો જેટલી વસ્તી ધરાવતા મોરજર જેવા ગામનાં એમનાં પ્રથમ પત્ની બચુબહેન, લખી-વાંચી શકતા એટલે અનુમાન કરી શકાય કે પ્રાથમિક શિક્ષણ પામ્યાં હશે. બચુબહેનને નાનપણથી જ સંસાર પ્રત્યે માયા નહોતી. કબીરપંથ પ્રત્યે આકર્ષાયાં હતાં. જીવન ભક્તિભાવમાં વિતાવી દેવું એવી રઢ લઈને બેઠાં હતાં. એટલે સુધી કે ઘરવાળાને કહી દીધું હતું કે બળજબરીથી લગ્ન કરાવશો તો આપઘાત કરીશ. કાચી ઉંમરે તેમના મન ઉપર પડેલી આવી અસર, જયંત ખત્રી સાથેના સંબંધ પછી થોડા સમયમાં કેવી બદલાઈ એનું ઉદાહરણ તેમનો ૧૭/૧૦/૧૯૩૧નો પત્ર છે.

પ્રિય જયંતનું સંબોધન કરીને તેઓએ કબૂલ્યું છે, "જેમ પાણીમાં મીન રહી છે, તેને લઈને ઘરમાં મૂકીએ ને તેની પાસે ગમે તેવી વસ્તુ રાખીએ તોપણ તે પાણીમાં જ સુરતા રાખી શકે છે, તેમ મને હવે તમારી જ ચાહના છે. બીજું સંસારમાં કોઈ વાતની ઇચ્છા નથી."

૧૯૩૪માં બચુબહેન એક બાળકીને જન્મ આપી સુવાવડ દરમ્યાન અકાળે અવસાન પામે છે. આઠ માસમાં બાળકી પણ અવસાન પામે છે. જયંત ખત્રી અને બચુબહેનના પાંચ વરસના સંસારનું ચિત્ર એમના પત્રો મારફત મળે છે. જોકે એ સમયનો તકાદો એવો હતો કે પતિ-પત્ની વચ્ચે પણ પત્રવ્યવહાર ખાનગી રાખવો પડતો. ૯/૧૧/૧૯૩૧ પત્રમાં બચુબહેન લખે છે કે, "હું કાગળ લખું છું તેની મારી ભાભીને ખબર પડી ગઈ છે તો હવે લખું કે ન લખું? એમને તો ખબર પડે તો મને કાંઈ કહેશે નહિ. પણ તમારે ત્યાં ખબર પડી જાય અથવા કોઈ કહી દે તો તમને કોઈ કાંઈ કહેશે નહિ ને તે જવાબમાં લખશો. " સામે જયંત ખત્રીએ પોતાના પત્રો કોઈના હાથમાં ન જઈ ચડે માટે પત્રોનો વાંચીને નાશ કરવાની બચુબહેનને સૂચના આપેલી. તા. ૮/૪/૩૨ ના પત્રમાં બચુબહેને લખી જણાવ્યું હતું કે, "મુંબઈથી આવ્યા બાદ જેટલા આપના પત્રો આવ્યા હતા તે સર્વ ગઈકાલ સુધી મારી પાસે પડ્યા હતા. પરંતુ આપે તે પત્રો ફાડી નાખવાનું કહ્યું તેથી ગઈ કાલે મેં સર્વ ફાડી કૂવામાં ફેંકી દીધા, કારણ કે કોઈ આપના અક્ષર જોઈ ન શકે." આ કારણે જયંત ખત્રીએ લખેલા ચારેક જેટલા પત્રો જ બચ્યા છે.

મુંબઈમાં રહીને ખત્રીએ બુદ્ધિનું પરિમાર્જન કરવાની સાથે હૃદયની અવગણના નથી કરી. પોતાના સમયની પરંપરાની સામે થવા કરતાં ખત્રીએ ખાનગી રીતે પત્ની સાથે સંપર્ક જાળવી રાખવો મુનાસીબ માન્યો. એમ કરીને તેમણે અશિક્ષિત પત્નીને કેળવણી આપી, વાંચનરસ જગાવ્યો, દુનિયાનો પરિચય કરાવ્યો, જાહેર જીવનમાં ભાગ લેવાની પ્રેરણા આપી.

વ્યક્તિસ્વાતંત્ર્ય અને પ્રગતિશીલ દૃષ્ટિબિંદુ ઉપર જયંત ખત્રીના વિચારોના ઘડતરનો આ કાળ હતો. તેઓ જાહેરજીવનમાં આવ્યા તે પહેલાંથી જ એમના વિચારો આ દિશામાં ઘડાઈ રહ્યા હતા. બચુબહેનને એમણે વાંચન, લેખન અને સ્વતંત્ર રીતે વિચારતા કર્યા. બચુબહેનના શરૂઆતથી અંત સુધીના પત્રો વાંચતાં એ સ્પષ્ટ જોઈ શકાય છે કે ગુજરાતી ઉપરાંત અન્ય ભાષાઓમાં પણ એમની અભિવ્યક્તિ ઘડાઈ છે અને વિચારોમાં સ્પષ્ટતા આવી છે. બચુબહેન જાણે અને લખે એવું જયંત ખત્રી ઇચ્છતા હતા. તેથી જ ૨૨/૧૧/૧૯૩૧ના પત્રમાં બચુબહેન લખે છે કે, "અંગ્રેજી અક્ષર હવે લખાય છે ને કંઈ વાંચ્યા જેવું હોય તો વંચાય પણ છે. તમને જે અંગ્રેજી સરનામાવાળો કાગળ લખ્યો, ત્યારે બરોબર લખાતા નહીં, પણ હવે લખાય છે. હિન્દી અક્ષર પણ હવે લખાય છે." તો ૨૬/૧૧/૧૯૯૧ ના પત્રમાં લખે છે કે, "હવે હિન્દી અક્ષર બરાબર લખતાં આવડે છે. ને લખું પણ છું."

પતિથી દૂર રહેવાના કારણે બચુબહેન વિયોગમાં હિજરાતાં હતાં. મન અસ્થિર રહેતું. તેથી જયંત ખત્રી બચુબહેનને પુસ્તકોનું વાંચન કરવાનું અને મન એ તરફ પ્રવૃત્ત રાખવાનું કહેતા હતા. પુસ્તકો પણ મોકલતા. જેના કારણે બચુબહેને ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં.

૯/૧૧/૧૯૩૧ના પત્રમાં બચુબહેને લખ્યું છે કે "સત્યાર્થપ્રકાશ : ૧૦૦ સુધી વાંચી ગઈ છું. શુભ સંગ્રહ : ૨૭૦ : સુધીનાં પાનાં વાંચ્યાં છે. તમે જે દયાનંદની વાત કરતા હતા તે પણ વાંચી ગઈ છું." બચુબહેનને સમજમાં ન આવતું હોવા છતાં મક્કમ મને એમણે વાંચનની રુચિ કેળવી. ૨૨/૧૧/૧૯૩૧ ના પત્રમાં લખ્યું છે કે, "સત્યાર્થપ્રકાશ વાંચું છું ને સમજવામાં બરોબર આવતું નથી, કારણ કે જ્યારે મન બરોબર આનંદમાં હોય ત્યારે વાંચું તો વચન સમજું ને જ્યારે વિચાર આવતા હોય ત્યારે પહેલાં તો ચોપડી પર ક્રોધ થઈ જાય, પણ પછે ધીરે ધીરે સમજવામાં બરોબર આવે." ધીરે ધીરે મનને સ્થિર કરવાની ક્ષમતા બચુબહેને વાંચન થકી મેળવી હશે. જે પત્રોને રૈખિક રીતે વાંચતા જોઈ શકાય છે. બચુબહેન જેવી અર્ધશિક્ષિત યુવતીની આંતરિક શક્તિઓ ખીલવવામાં જયંત ખત્રી કેવા પ્રેરણારૂપ થયા હશે, એનો અંદાજ પણ આવે છે. જયંત ખત્રી નારીશક્તિના હિમાયતી હતા. બચુબહેને ૨૮/૬/૩૪ના અંતિમ પત્રમાં કબૂલ્યું છે. "પ્રાણ! કોઈ દિવસ નહીં તો આજે જ કંઈક લખવા મન થાય છે. આપના જેવા સુસંસ્કારી, કેળવાયેલ પતિ મળતાં હું મારું જીવન ધન્ય માનું છું. આપની સાથે જીવન ગૂંથાવાથી જાણે હું કોઈ દિવ્ય ભૂમિમાં વિહરતી હોઉં તેવો આભાસ થાય છે. આપ મને જંગલી જીવનમાંથી મનુષ્યજીવનમાં રસ લેતી કરી. મને જ્ઞાનસુધાનું પાન કરાવ્યું. સ્વાતંત્ર્યનાં સૂત્રો શીખવ્યાં. જગતની અન્ય પ્રગતિમાન સ્ત્રીઓની પ્રવૃત્તિથી માહિતગાર કરી. મનની સંકુચિત ભાવના કંઈક વિદારી. જીવનક્ષેત્ર વિશાળ બનાવ્યું. લાજ-શરમ, વધુ પડતી મર્યાદાનાં બંધનો તોડ્યાં. સર્વનાશની લોખંડી દીવાલો ભેદી જાહેર જીવનમાં રસ-ભાગ લેવા પ્રેરણા કરી. અને તેથી જ કરીને આજે આ મારામાં લખવા જેટલી શક્તિ આવી."

બચુબહેને પોતાનામાં આવેલ પરિવર્તનનું કારણ જયંત ખત્રીને માન્યું છે. એક સમયે સાધ્વી બની જવાની હઠ લઈને બેઠેલાં બચુબહેનને જીવનનો રંગ ચડ્યો અને પ્રગતિના પંથે વિહરતાં થયાં. જયંત ખત્રીની અંદર બેઠેલ સુધારાવાદી વ્યક્તિત્વ જાહેરજીવનમાં તો બહુ પછીથી આવ્યું. પહેલાં ઘરેથી શરૂઆત કરેલી.

સાડા ત્રણેક વરસના ગાળામાં લખાયેલા થોડાક પત્રો વાંચવાથી ખ્યાલ આવે છે કે બચુબહેન ખત્રીની કવિતાઓ વાંચવાની સાથે, પોતે પણ કવિતા રચવા પ્રેરાયા અને ચારેક લીટીની કવિતા રચી હતી. (જુઓ પત્ર તા.૧૬/૦૩/૩૨)

બચુબહેન લાંબા અને વિગતે કાગળો લખતા અને જવાબમાં જયંત ખત્રી જરૂરી વિગતો સાથે ટૂંકા જવાબી પત્રો લખતા. ક્યારેક તો બચુબહેને રોષમાં પણ લખી નાખ્યું છે. જયંત ખત્રી મુંબઈ અભ્યાસ કરતા હતા એ દરમિયાન આ પત્રવ્યવહાર થયો. તેથી શક્ય છે કે ક્યારેક સંશયભર્યા પત્રો પણ લખ્યા હશે. અભ્યાસની વ્યસ્તતાના કારણે જયંત ખત્રી ટૂંકા પત્રો લખતા. બચુબહેનને એવું લાગતું કે જયંત ખત્રી એમની લાગણી સમજી શકતા નહોતા અને પોતાની લાગણીને ફિતૂર ગણે છે. પરંતુ જયંત ખત્રીના બે લાંબા પત્રો અને નોંધપોથી જોતાં એવું જરાય નથી લાગતું. ૧૬/૫/૩૪ના પત્રમાં ખત્રી લખે છે કે, "પ્રિયતમા, તું તો જાણે છે ને કે તારા માટે મારું દિલ કેટલું દ્રવે છે? બે દિવસ ઉપર જ અહીં અગાસીમાં સૂતો હતો. ઊંઘ ન આવી અને અડધો કલાક એમ જ વીતી ગયો. મેં આકાશમાં જોયા કર્યું. કેટલા બધા તારાઓ! કોઈ નાના, કોઈ મોટા, કોઈ

ઝાંખા, કોઈ પ્રકાશભર્યા, કોઈ શાંત અને ગંભીર સમાધિએ બિરાજેલા, કોઈ ઋષિવર જેવા, અને કોઈ ચમક ચમક કરતા. જાણે મશ્કરીભર્યું હસતી તારી આંખોએ મારા દર્દને ભુલાવી મને હસાવ્યો હશે એવી તારી અધબીડી, મસ્તીખોર તેજ ફોરતી બે આંખો મારી પર અતુલ વહાલ વરસાવતી લાગી.

પ્રિય, મારી પાસે અત્યારે તો કશુંય નથી કે જેથી તારા કોડ પૂરા પાડું. છે મારી પાસે એક મારું વિહ્વળ થઈ જતું હૃદય જે હું અત્યારે પોકળ શબ્દોમાં તને કહેવાનો પ્રયાસ કરું છું. મને એ બધું સૌ અધૂરું જ ભાસે છે."

૨૪/૧૦/૩૧ના રોજ નોંધપોથીમાં ખત્રી લખે છે કે," એના બે પત્રો પણ આવી ગયા. ભલે અશિક્ષિત તોય કેટલી વ્યથા? એ પત્રોનો અમુક ભાગ હૃદયમાં બેસે એવો સચોટ છે. મારો વિયોગ એને કેટલો સાલે છે એનો એ સાક્ષાત્ પુરાવો છે. છૂટા પડ્યા તેના બે દિવસ આગળથી એની આંખમાં પાણી સુકાયાં નો'તાં. અને છેલ્લી ઘડીએ? ઓ પ્રભુ! હું એ વિષય પર વધારે નહિ લખું—લખવાથી શું ફાયદો? મારું અને એનું મન એકમેકના સાક્ષીરૂપ છે. ભાભી કહેતાં'તાં કે એણે સ્ટીમરમાં અને માંડવીમાં પણ રડ્યા કર્યું હતું અને એ કાગળમાં લખે છે કે એ હજીય રડ્યા કરે છે! અરેરે! હું કેટલો નિર્દય શિકારી છું, પરોક્ષ રીતે હું જ એના મનની શાન્તિને હણી રહ્યો છું, પણ, એ પ્રેમ, એ માયાબંધન ઇચ્છું છું કે જીવનભર રહે. અમારા કુટુંબ તરફથી જે મમતા એણે અનુભવી છે અને એણે આકર્ષ્યા છે એ ઊજળા ભવિષ્યની આગાહી માત્ર છે."

બચુબહેનના પ્રેમ, લાગણી અને ચિંતાનો જવાબ જયંત ખત્રીએ કેવો અર્થપૂર્ણ આપ્યો છે તે જોઈ શકાય છે. પત્નીના વિરહ અને પ્રેમની આટલી સુંદર અભિવ્યક્તિ જયંત ખત્રીએ કરી છે. એ જોતાં બચુબહેનનો રોષ સંશય માત્ર લાગે છે. બચુબહેનના પ્રેમને સમજી શકનારા ખત્રી દ્વારા જ ભવિષ્યમાં લખડી, કસ્તૂર, રાણલ જેવાં વિલક્ષણ સ્ત્રી-પાત્રો પ્રગટ્યાં છે.

જયંત ખત્રીના ચાર જ પત્રો અને એમની નોંધપોથી ઉપરથી બચુબહેન કેવાં જીવનસાથી રહ્યાં એનો ક્યાસ કાઢવો રહ્યો. "હિંદુ લગ્ન ભયંકર સાહસ છે, એક વીમો છે." એવું જાણતા ખત્રીએ નોંધ્યું છે, "education હું આપી શકું – શિષ્ટાચાર શીખવી શકું. દુનિયાદારીની જવાબદારીઓ હું બતાવી શકું પણ, જોવાની ઇચ્છા હોય ત્યારે ને? એની ખાતરી મેં પહેલેથી જ કરી જોઈ હતી. અને ત્યાર પછી જ ખાડામાં પડ્યો હતો. પણ શંકા તોય હતી. કદાચ મારી ખાતરી ખોટી હોય? કદાચ એ શિષ્યવૃત્તિથી રહેતી હોય તો? તો જીવન પ્રયોગમાં સાથ ક્યાંથી મળે?" બચુબહેન માટે સાશંક ખત્રીએ પછીથી આમ પણ નોંધ્યું છે, "અનુમાન બાંધ્યાં હતાં – અને લગભગ બધાંય ખરાં પડ્યાં – પણ એ નિર્મળ સ્વભાવની પ્રેમાળ જ્યોતિથી ત્યારે અંજાયો નહોતો." એમણે એવી કબૂલાત પણ કરી છે. "...મારી બધી આશાઓ ફળીભૂત થઈ છે. એટલું જ નહીં પણ નવી આશાઓ બંધાવાની પ્રેરણા મળી ચૂકી છે. આજે મન પ્રફુલ્લિત છે. ઉલ્લાસમય છે." (૧૩-૦૫-૧૯૩૧ની નોંધપોથી જુઓ) લગ્ન અંગેના યુવાન ખત્રીના વિચારો, ટૂંકા દાંપત્યજીવનના અનુભવોથી ધીરે ધીરે દૃઢ થયા હશે. એની સાક્ષી બચુબહેનના અવસાન બાદ લખાયેલી ૧૧, માર્ચ

૧૯૩૫ની આ નોંધ પૂરે છે. “તારી બહેન ઝવેર સાથે સગપણ થયું અને ક્યારેક વિવાહ પણ થશે. બચુ, મને અત્યારે એક જ વિચાર સતાવે છે કે અત્યારે તું જીવતી થાય તો મારા માટે તું શું ધારે? મને તું ધિક્કારે કે એવું ને એવું જ ચાહે? તેં તો મને કહ્યું જ હતું કે ‘હું મરી જાઉં તો બીજી વાર પરણજો.’ તારાં બલિદાન તો એટલાં બધાં હતાં કે તેં એ ખરા દિલથી જ કહ્યું હશે. પણ હું આજે ફરી પરણવા તૈયાર થયો છું.” એ જ દિવસની નોંધપોથીનો વધુ એક અંશ જુઓ. “મારા ઘણાખરા મિત્રોએ ધાર્યું હતું કે હું કોઈ Revolutionary marriage કરીશ... અને મેં ઝવેર સાથે પરણવા હા કહી. કારણ કે તારા ઘણા બધા અંશો એનામાં છે... લગ્ન કાંઈ કાપડની બજાર નથી કે જોઈને અને હાથ ફેરવીને સોદો કરી શકાય. એમના સ્વભાવની, ચારિત્ર્યની મને શું ખબર? મેં ઝવેર માટે હા કહી. કારણ કે હું એને અને એને એકલીને જ સંપૂર્ણ ઓળખું છું.”

ખત્રીના મિત્રો જેમ આપણે પણ એવા મતના હોઈએ કે એમના જેવો બુદ્ધિજીવી યુવાન, જીવનસાથી બાબતે આધુનિક વિચારનો હોવાનો. બીજા લગ્ન વખતેનું ખત્રીનું વલણ રૂઢિવાદી જણાય. માટે જ તેઓ આવો નિર્ણય લોકોને સમજાવી શકતા નથી. પણ જરાક ઊંડા ઊતરતાં એમનો દૃષ્ટિકોણ સ્પષ્ટ થવા માંડે. શિક્ષણ કે આધુનિકતાથી ઉપર તેઓ એ જીવનસાથીના સ્વભાવ અને ચારિત્ર્યનું મૂલ્ય આંક્યું છે. અશિક્ષિત પાત્રને કેળવી શકાય છે. એવું પાત્ર હૃદયમાં સ્થાન પામ્યું હોવાનો એમનો નિજ અનુભવ છે. પ્રથમ પત્નીના ઘણા અંશો જેમનામાં એમણે જોયા, જાણ્યા છે, એવા ઝવેરબહેનને પસંદ કર્યાનો એકરાર એટલે જ તેઓ મૃત પત્ની પાસે કરે છે! ત્યારે એમને એક જ આશંકા છે, પ્રથમ પત્ની જીવતી થાય તો....? જીવનસાથીની પસંદગીનો આ વિલક્ષણ કિસ્સો છે. સાથોસાથ ખત્રી અને બચુબહેન જેવાં પ્રથમ નજરે લાગતાં કજોડાંના સફળ દાંપત્યને સમજવાની ભૂમિકા પૂરી પાડે છે. આ સંદર્ભે ૧૬-૧૨-૧૯૩૫ની ખત્રીની નોંધપોથીનું આ મંતવ્ય જુઓ “...તારી પાસે એવું બીજું કંઈક હતું જેને માટે હું મરી ફિટતો. એ તારું અનોખું સ્ત્રીત્વ દરેક સ્ત્રીમાં જુદું – ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે તે એવી રીતે કે અમુક પ્રકારનું સ્ત્રીત્વ અમુક પ્રકારના પુરુષને જ આકર્ષે છે અને બાકીનાને નથી આકર્ષી શકતું. કદાચ આવા જ કારણે કજોડાં અથવા સજોડાં નીપજે છે.” ફ્રોઇડની સંજ્ઞા ઇડિપસ કૉમ્પ્લેક્ષ અને ઇલેક્ટ્રા કૉમ્પ્લેક્ષ વિશે ખત્રી સાથે મતાંતર થયું હતું, એવું ચંદ્રકાંત બક્ષીએ લખ્યું છે. એવા ખત્રીનું ઉપર જણાવેલ મનોવિશ્લેષણ વિચારણીય છે.

* * *

૧૯૩૦માં કૉંગ્રેસના પૂર્ણ સ્વરાજ્યના ઠરાવ પછી, દેશમાં ચળવળે જોર પકડ્યું. ખત્રી દંપતી પણ એની અસરમાંથી બાકાત નહોતું રહ્યું. બચુબહેનનો ૨૨-૦૩-૧૯૩૨નો પત્ર જુઓ. “...આપ સ્વરાજના કામમાં ભાગ લઈ રહ્યા છો એ જાણ્યું. બીજું આપનો કોણ મિત્ર જેલમાં છે?....પ્રિય આપ સ્વરાજમાં ભાગ લઈ રહ્યા છો. તેમાં જો મારી મદદની જરૂર હોય તો હું તે કરવા તૈયાર છું. છાપામાં કેટલીક છોકરીઓના ફોટા આવે છે. તેઓ પણ સ્વરાજ વિશે કાર્ય કરી રહી છે. પણ હું એવું કંઈ કરી શક્તી નથી.” તા. ૦૩-૦૧-૧૯૩૨ના પત્રમાં પણ બચુબહેન સ્વરાજના કામમાં ભાગ ન લઈ શકવાની ફરિયાદ કરતાં લખે છે, “ બીજું તો ખેર, પરંતુ મને તો તમારા ઘર તરફથી વિદેશી કપડાંનો બહિષ્કાર

કરવાની પણ પરવાનગી આપેલ નથી. ત્યારે બીજું શું કરી શકીએ? સ્વરાજમાં તમારો જ ભાગ છે, અમારો તો તેમાં કંઈ નહીં કે? ”

તો શું લગ્નજીવનના આદર્શને સિદ્ધ કરવા જતાં, કે સ્વરાજ્યની પ્રવૃત્તિમાં જોડાવાને કારણે ખત્રીનું દાંપત્ય શુષ્ક બનીને રહી ગયું હશે? ના, એવું નહોતું. એમના દાંમ્પત્યમાં પણ મધુરતા મહોરતી હતી. વર્તમાનની ભીંસ વચ્ચે ભવિષ્યનાં સપનાં પણ ગૂંથાઈ જતાં. એકબીજાનો વિરહ રડાવી જતો. રિસામણાં-મનામણાં પણ ચાલતાં. કાળજી કે ચિંતા કરવાની સાથે ઈર્ષ્યાનો ભાવ પણ જાગી જતો. ફરિયાદ રહેવાની સાથે હૃદયની ઉત્કટ ઊર્મિઓથી એકબીજાને ભીંજવવાનું પણ બનતું. મુગ્ધપ્રેમીઓની જેમ ઘેલછાની સાથે ખરા દિલનો પસ્તાવો પણ પ્રગટ થઈ જતો. બેઉ વચ્ચેના પત્ર-વ્યવહારમાં આવા દાંમ્પત્યની પ્રતીતિ થાય છે.

બચુબહેનને પત્રો મારફત નહીં કહી શકાઈ હોય એવી કેટલીય ભીની કબૂલાતોથી છલકાતી નોંધપોથીમાં જયંત ખત્રીની એક જુદી જ છબી ઊપસે છે. એમાંની કેટલીક જોઈએ-

“એને કેળવવામાં જેટલું ધાર્યું હતું એટલું નથી બની શકતું. વાંક મારો જ છે.” (તા. ૧૩-૦૫-૧૯૩૧)

“અરેરે! હું કેટલો નિર્દય શિકારી છું. પરોક્ષ રીતે હું એના મનની શાંતિને હણી રહ્યો છું.” (તા. ૨૪-૧૦-૧૯૩૧)

“એનામાં નરી સરળતા છે... મારામાં દંભનો સાગર ભર્યો છે. અને તેથી જ વાસનાના કીડાનો ડંખ અસહ્ય લાગે છે.” (તા. ૨૩-૦૯-૧૯૩૨)

“હું તને આટલું બધું ચાહી શક્યો કારણ કે તું મારો સ્વાર્થ પૂરી શકી. તેં મારે માટે સહન કર્યું – તારા સિદ્ધાંતો મેં જેમ ઘડ્યા તેમ ઘડવા દીધા. મારી સગવડ સાચવવા અને મારી ઉછ્રૃંખલતાઓ પોષવા તેં તારું વ્યક્તિત્વ મારામાં સમાવી દીધું.” (તા. ૧૬-૧૨ ૧૯૩૪)

“...મેં એક ઘર આવા ઘાટમાં વસાવ્યું છે. અને દર સવારે અને સાંજે આપણે એકબીજાની ડોકમાં હાથ ભેરવી ફરવા નીકળીએ છીએ. આપણને કોઈ નથી જોતું. જ્યાં સૌન્દર્યનો દરિયો ઢોળાઈ ગયો છે. ત્યાં હું અને તું સ્નાન કરીએ છીએ, હસીએ છીએ, રમીએ છીએ અને ગંભીર બનીએ છીએ ત્યારે આવા પૂજ્ય સૌન્દર્યમાં પ્રગટ થતા પ્રભુને પ્રણમીએ છીએ. (તા. ૧૬-૧૨-૧૯૩૪).

જયંત ખત્રીને મોડેથી ભાન થયું કે તેમનું સ્થાન આ કહેવાતા સુધારેલા જગતમાં નથી. તેઓ પોતાને કુદરતનું બાળક માનતા. વરલીના કે ચર્ચગેટના દરિયાકિનારે એકાન્તમાં એમને ‘પોતાના જગતનાં’ સ્વપ્ન આવતાં. એવા ‘પોતાના જગતમાં’ બચુબહેનનો ટૂંકો સાથ મળવાથી, જીવનનો બાકીનો પથ કાપવા તેઓ બચુબહેનની પ્રતિકૃતિ જેવાં ઝવેરબહેન સાથે જોડાવા રાજી થયા હશે.

■

ગુજરાતી ભાષામાં નિષિદ્ધ પ્રયોગો

ડૉ. રતિલાલ કા. રોહિત

ભાષા સતત પરિવર્તન પામતો પદાર્થ છે. 'ભાષા ક્ષણે ક્ષણે વ્યક્તિએ વ્યક્તિએ બદલાતી હોય છે' (કોઠારી : ૧૯૭૩). આ પરિવર્તન ચાર રીતે જોવા મળતું હોય છે: ધ્વનિપરિવર્તન, વ્યાકરણગત પરિવર્તન, અર્થપરિવર્તન અને શબ્દભંડોળનું પરિવર્તન. આ પૈકી સૌથી વધુ પરિવર્તન શબ્દભંડોળમાં થતું હોય છે. નિષિદ્ધ પ્રયોગો પણ ભાષાપરિવર્તનનું જ એક ઘટક છે. એનો સમાવેશ શબ્દભંડોળના પરિવર્તનમાં થાય છે.

નિષિદ્ધ એટલે મના કરેલું, ત્યાજ્ય, બાધિત. ભાષાનો આ વિશિષ્ટ શૈલીભેદ છે. શરમ, જુગુપ્સા, અશુચિતાનો ભાવ ધરાવતી ક્રિયાઓ કે શુકન-અપશુકનની માન્યતા કે અનુચિત, અમંગલકારી, અશિષ્ટ લાગતા શબ્દો વગેરેને ઉચિત, મંગલકારી, શિષ્ટ, હળવા, શોભન કે શુકનવંતા શબ્દોથી વ્યક્ત કરવા માટેની આ વિશિષ્ટ પદ્ધતિ છે. ભાષાની આ વિશિષ્ટ ઘટનાને 'નિષિદ્ધ પ્રયોગ' તરીકે ઓળખવામાં આવે છે. શુચિતા, સભ્યતાપૂર્ણ જીવનરીતિ કે સામાજિક., ધાર્મિક ઇત્યાદિ માન્યતાઓમાંથી આ શબ્દો જન્મતા હોય છે. અશિષ્ટતા, અમંગળતા, ગ્રામ્યતા, આઘાતજનક પરિસ્થિતિ કે મૃત્યુ જેવી અમંગળ ઘટના વગેરે માટે નિષિદ્ધ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. દરેક ભાષામાં આ પ્રકારના નિષિદ્ધ પ્રયોગો હોય છે. અંગ્રેજીમાં એને માટે taboo સંજ્ઞા પ્રયોજાઈ છે. ઊર્મિ દેસાઈએ 'નિષિદ્ધ પ્રયોગો' સંજ્ઞાને બદલે 'શિષ્ટોક્તિ'/'ચાટૂક્તિ' (Euphemism) સંજ્ઞાનો ઉપયોગ કર્યો છે. (દેસાઈ : ૨૦૧૯)

મને નિષિદ્ધ પ્રયોગવાળી એક ઘટના ખાસ યાદ રહી ગઈ છે. બાળપણમાં ઉનાળુ વૅકેશનમાં મામાના ઘરે જવાનું બનતું. એ વખતે મામા કોઈ સામાજિક પ્રસંગે અથવા ખરીદી અર્થે બહારગામ જતા હોય ત્યારે હું સહજપણે એમને પ્રશ્ન પૂછું કે, "મામા ક્યાં જાવ છો?" ત્યારે મામા કંઈ જવાબ આપે એ પહેલાં તો મારાં નાની મને ટોકતાં અને કહેતાં કે, "ક્યાં જાવ છો એવું નહીં બોલવાનું, 'શીદ જાવ છો' એવું બોલવાનું". એ પાછળનું કારણ પૂછતો ત્યારે નાની કહેતાં કે "'ક્યાં જાવ છો' એવું બોલીએ તો મામા જે કામથી જાય છે એ કામ ન થાય, કામમાં વિઘ્ન આવે એટલે 'શીદ જાવ છો' એમ બોલવાનું, એનાથી શુકન થાય". જોકે, એ કિશોરાવસ્થામાં અને એ પછી પણ મેં ક્યારેય 'ક્યાં'ને બદલે 'શીદ' શબ્દનો પ્રયોગ નથી કર્યો. એ માટે કદાચ મારા વતનના ઘરનું

ભાષાવરણ પણ જવાબદાર હોય. કારણ કે, મારા ઘરમાં મેં કોઈને 'ક્યાં'ને બદલે 'શીદ' શબ્દપ્રયોગ કરતાં સાંભળ્યાં નથી. મારું મોસાળ અને વતન બંને ચરોતરમાં – આણંદ તાલુકામાં આવેલા છે. મારી નાનીવાળા આ ઉદાહરણમાં શુકન-અપશુકનની માન્યતા કારણરૂપ છે. મતલબ કે, શુકન-અપશુકનની માન્યતા પણ ભાષા પર અસર કરતી હોય છે.

આ 'ક્યાં'ને બદલે 'શીદ' જેવા શબ્દપ્રયોગો-ભાષાપ્રયોગોને ભાષાશાસ્ત્રની પરિભાષામાં 'નિષિદ્ધ પ્રયોગો' તરીકે ઓળખવામાં આવે છે. 'ક્યાં' એવું બોલવાથી માણસ જે કામ અર્થે જાય છે તે સફળ નહીં થાય અથવા એ કાર્યમાં કોઈ વિઘ્ન આવશે એવી માન્યતા ધરાવનાર લોકો 'ક્યાં'ને બદલે 'શીદ' જેવા શબ્દ પ્રયોજતા હોય છે. અને પછી એ પરંપરા પણ બનતી હોય છે. વળી, અહીં બીજો પ્રશ્ન એ પણ થાય કે, 'ક્યાં' માટે બીજો કોઈ શબ્દ નહિ અને 'શીદ' શબ્દ જ કેમ વપરાવા લાગ્યો? તો "'શીદ' એ બીજું કશું નથી, માત્ર 'સિદ્ધ'નો જ સરળ ઉચ્ચાર છે." (ભાયાણી : ૧૯૮૩) 'સિદ્ધ' પરથી 'શીદ' શબ્દ બન્યો. 'સિદ્ધ' એટલે સફળ. મતલબ કે, કોઈ વ્યક્તિ 'શીદ જાઓ છો' એમ બોલે ત્યારે એ વાક્યમાં જ સફળનો ઉલ્લેખ હોય એટલે માણસ જે કાર્ય માટે જઈ રહ્યો છે તે સિદ્ધ થશે એવું શુકન ત્યાં મળે છે. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં 'ક્યાં જાઓ છો' ને બદલે 'સતકામ જાવ સો' શબ્દપ્રયોગ કરવામાં આવે છે. 'સત' શબ્દમાં પણ આ શુકન-અપશુકનની માન્યતા રહેલી છે. લોકમાન્યતા ભાષા પર અસર કરતી હોય છે.

બાળકને હેડકી આવે ત્યારે કેટલાક લોકો હેડકીને બદલે 'વાધરી' શબ્દ પ્રયોજતા હોય છે. હેડકીમાં તો મરણનો સંદેશ રહેલો છે. પણ 'વાધરી'માં બાળક વધે, વૃદ્ધિ પામે એવો શુભસંદેશ રહેલો છે. એટલે હેડકીને બદલે 'વાધરી'નો શબ્દપ્રયોગ કરવો લોકોને ગમતો હોય છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગમાં બાળકને બારમું વર્ષ ચાલતું હોય તો એને વડીલો 'વાધતું વર્ષ' કહે છે. વ્યક્તિના મૃત્યુ પછીના બારમા દિવસે મૃત્યુ પાછળનાં ક્રિયાકર્મ માટે 'બારમું' શબ્દ પ્રયોજાય છે, જે અશુભ હોવાથી 'બારમું'ને બદલે 'વાધતું' શબ્દનો કેટલાક લોકો પ્રયોગ કરે છે. એ રીતે, 'દીવો હોલવવો' એમ ન કહેતા 'દીવો રાણો કરવો' 'દીવો રાજ કરવો' 'દીવો વધાવવો' એવા નિષિદ્ધ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં 'હોલવવું' શબ્દપ્રયોગ મૃત્યુ સૂચવનાર હોવાથી એનો ત્યાગ કરીને 'રાણો' 'રાજ' 'વધાવવો' જેવા સમૃદ્ધિ-વૃદ્ધિદર્શક શબ્દોનો ઉપયોગ કર્યો છે. વ્યાપારીઓ રાત્રે દુકાન બંધ કરે ત્યારે તે 'દુકાન બંધ કરી' એમ ન કહેતા 'દુકાન વધાવી', 'દુકાન વસ્તી કરવી' એમ કહે છે. જો 'દુકાન બંધ કરી' એમ કહે તો દુકાન સદાને માટે બંધ થઈ જાય એવી અપશુકનરૂપી અને ભયરૂપી માન્યતાને લીધે 'દુકાન વધાવી' કે 'દુકાન વસ્તી કરવી' એવો શબ્દપ્રયોગ કરતા હોય છે. અહીં 'વધાવી' કે 'વસ્તી' એ શબ્દપ્રયોગમાં 'વધારવું', 'દુકાનની પ્રગતિ થાય' એવો ભાવ પણ રહેલો છે.

સ્વજન અથવા કોઈ વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે 'મરી ગયાં' એવો શબ્દપ્રયોગ અનુચિત અથવા અમંગલકારી લાગવાથી લોકોએ એકાધિક નિષિદ્ધ પ્રયોગો અમલમાં મૂક્યા છે. જુઓ, અવસાન પામ્યા, નિધન થયું, ગુજરી ગયા, પાછા થયા, દેહવિલય થયો, દેહ

મૂક્યો, દેહત્યાગ કર્યો, દેહાંત થયું, દેવગત થયા, પ્રાણ છોડ્યા, જીવનલીલા સંકેલી લીધી, જીવનદીપ બુઝાઈ ગયો, સદાને માટે આંખ મીંચી દીધી, હંસલો ઊડી ગયો, સ્વર્ગવાસ થયો, સ્વર્ગગમન કર્યું, વૈકુંઠવાસી થયા, દિવંગત થયા, કૈલાશવાસી થયા, નિર્વાણ પામ્યા, સદ્‌ગતિ પામ્યા, સદ્‌ગત થયા, દેવલોક પામ્યા, કાળધર્મ પામ્યા, પરમપદ પામ્યા, પરમમુક્તિ પામ્યા, પરલોકવાસી થયા, પરધામવાસી થયા, પરધામ સિધાવ્યા, પરલોકગમન કર્યું, પ્રભુને પ્યારા થયા, રામશરણ થયા, સાંઈશરણ થયા, શ્રીહરિશરણ થયા, શ્રીપ્રભુશરણ થયા, અક્ષરપદ પામ્યા, અક્ષરવાસી થયા, શ્રીજીચરણ પામ્યા, ગૌલોકવાસી થયા, અરિહંતશરણ થયા, મોક્ષપદ પામ્યા, બ્રહ્મકાલીન થયા, નિર્વાણ પામ્યા, બેહસ્તનશીન થયા, જન્નતનશીન થયા, ખુદાના પ્યારા બની ગયા, ઇન્તેકાલ થયો, ખુદાની રહેમતમાં પહોંચી ગયા, અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા, વીરગતિ પામ્યા, શહીદ થયા, કેસરિયા કર્યાં, પાળિયો બની ગયા, આત્મવિલોપન કર્યું, સતી થયાં, એ હવે નથી રહ્યા, ઓફ થયા વગેરે. આ નિષિદ્ધ પ્રયોગોમાં ધર્મ કે સંપ્રદાયનો પણ પ્રભાવ રહેતો હોય છે. આ ઉપરાંત, 'મરી ગયા' એમ બોલવું કે એના માટેનો નિષિદ્ધ પ્રયોગનો ઉપયોગ કરવો પણ યોગ્ય ન લાગે અથવા દુઃખદાયક લાગે ત્યારે એ શબ્દ અધ્યાહાર રાખવામાં આવે છે. જેમ કે, "હું દશ વર્ષનો હતો ત્યારે મારા પિતા ...". આ પ્રકારનાં વાક્યોને 'અધ્યાહાર નિષિદ્ધ પ્રયોગ' કહી શકાય. વળી, 'મરી ગયા' માટેના ઉપર્યુક્ત નિષિદ્ધ પ્રયોગોમાંથી કેટલાકનો રૂઢિપ્રયોગ તરીકે પણ આપણે ઉપયોગ કરીએ છીએ. મતલબ કે, નિષિદ્ધ પ્રયોગો ક્યારેક રૂઢિપ્રયોગનું પણ રૂપ લેતા હોય છે.

માણસના મૃત્યુ બાદ એના શબનો નિકાલ જુદી જુદી રીતે કરવામાં આવે છે. હિંદુઓ બાળીને અંતિમવિધિ કરે છે, તો મુસ્લિમ-ખ્રિસ્તીઓ શબને દાટીને અંતિમવિધિ કરે છે. પણ એ માટે 'શબ બાળવું' કે 'શબ દાટવું' એવો શબ્દપ્રયોગ ન કરતાં 'અગ્નિસંસ્કાર કરવો' કે 'દફનવિધિ કરવી' એવો શબ્દ પ્રયોજે છે. ગામડાંઓમાં 'બાળવા ગયા' એમ ન કહેતા 'લાકડે ગયા', 'ધોકે ગયા' એમ કહેવામાં આવે છે. તો શબને લઈ જવાના સાધનને માટે 'ઠાઠડી' શબ્દને બદલે 'નનામી' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. જે નામ વિનાની છે અથવા જે નામ લેવા જેવી નથી તે 'નનામી'. મૃતકના અગ્નિસંસ્કાર બાદ એના અસ્થિના નિકાલની વિધિ માટે 'હાડકાં નાખવા જવું' એમ કહેવામાં નથી આવતું પણ 'અસ્થિવિસર્જન કરવું', 'ફૂલ પધરાવવાં' જેવા શબ્દપ્રયોગોનો ઉપયોગ કરવામાં આવે છે. મૃત્યુ સાથે જોડાયેલી ઘણી વિધિઓમાં નિષિદ્ધ પ્રયોગોનો ઉપયોગ લોકોને અનુકૂળ પડતો હોય છે.

આપણે ત્યાં ભગવાનને ખુશ કરવા બલિ ચઢાવવાની પરંપરા છે. ભગવાનને ખુશ કરવા માટે પહેલાં માણસોનો બલિ ચઢાવતા, પછી માણસ થોડો સમજણો થયો એટલે માણસને બદલે પશુ-પક્ષીનો બલિ ચઢાવવાં લાગ્યો. આજે પણ ક્યાંક ક્યાંક બકરાં, પાડાં વગેરેનો બલિ ચઢાવવામાં આવે છે. આ બકરો-પાડો કાપવામાં આવે ત્યારે 'બકરો કાપ્યો', 'પાડો કાપ્યો' એમ ન કહેતાં 'બકરો ચઢાવ્યો' કે 'બકરો વધેર્યો', 'પાડો ચઢાવ્યો' કે 'પાડો વધેર્યો' એમ કહેવામાં આવે છે. 'કાપ્યો' શબ્દ ઉચિત ન લાગ્યો, હિંસાયુક્ત લાગ્યો એટલે 'ચઢાવ્યો' કે 'વધેર્યો' શબ્દ પ્રયોજ્યો. પછી માણસમાં વધારે સમજ આવી, માણસની જેમ

પશુ-પક્ષી પ્રત્યે કરુણાની લાગણી જન્મી. હિંસા-અહિંસાની સમજ વધુ વિકસી એટલે ઘણા લોકોએ પશુ-પક્ષીનો બલિ બંધ કર્યો. પણ ભગવાનને રીઝવવા કંઈક તો બલિદાન આપવું પડે. એટલે ફળનો અને એમાં પણ નાળિયેર(શ્રી-ફળ)નો ઉપયોગ કરવા લાગ્યા. નાળિયેરનો ઉપયોગ એટલા માટે કે છાલ કાઢ્યા બાદ નાળિયેરની ચોટલી, બે આંખ જેવા ચિહ્નો, નાળિયેરનો માથા જેવો ગોળ આકાર વગેરે માણસના મુખ જેવા લાગે છે. વળી, નાળિયેર ફોડીએ એટલે એના બે ટુકડા થાય છે. જેમ બકરો વધેરીએ અને બે ટુકડા થાય એમ. અંદરથી પાણીની છાલક વાગે છે, પશુના લોહીની સેરો ઊડે એમ. નાળિયેરની અંદરના ગર્ભનો ખાવાના કે પ્રસાદ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. જેમ બકરા કે પાડાને કાપ્યા બાદ તેના માંસનો ઉપયોગ કરવામાં આવે તેમ. પરંતુ ભગવાનને જ્યારે નાળિયેરનો બલિ આપવામાં આવે ત્યારે 'નાળિયેર ફોડ્યું' કે 'નાળિયેર તોડ્યું' એમ કહેવામાં નથી આવતું પણ 'નાળિયેર વધેર્યું' એવો નિષિદ્ધ પ્રયોગ કરવામાં આવે છે. જોઈ શકાય છે કે, અહીં 'ફોડ્યું', 'તોડ્યું', 'કાપ્યું' જેવા મૃત્યુસૂચક, જુગુપ્સાપ્રેરક અને નકારાત્મક ક્રિયાપદોને બદલે 'વધેર્યું', 'ચઢાવ્યું' જેવાં વૃદ્ધિ અને ચડતી દર્શાવતાં ક્રિયાપદોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 'શાક કાપવું' ને બદલે 'શાક સુધારવું' જેવા શબ્દપ્રયોગોમાં પણ એ જોઈ શકાય છે.

કેટલીક વાર અપમાનજનક લાગતા શબ્દોના વિકલ્પમાં પણ નિષિદ્ધ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિ માટે અગાઉ લૂલો, લંગડો, ખોડો, ઠૂંઠિયો, ખોંધિયો, રોંટો, આંધળો, બહેરો, બોબડો જેવા શબ્દો વપરાતા હતા. સ્વાભાવિક છે કે, આ શબ્દો એમના માટે અપમાનજનક હતા. એટલે પછીથી આવી વ્યક્તિઓને લોકો અપંગ, વિકલાંગ, હૅન્ડિકૅપ જેવા શબ્દોથી સંબોધવા લાગ્યા. તો વળી, ૨૦૧૫ (૨૭ ડિસેમ્બર) માં તત્કાલીન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિકલાંગો માટે 'દિવ્યાંગ' શબ્દ વહેતો મૂક્યો હતો. જોકે, આજના કેટલાક શિક્ષિત લોકો અપંગ વ્યક્તિ માટે 'ફિઝિકલી ચેલેંજ્ડ' અથવા 'ડિફરન્ટ એબલ્ડ' જેવા નિષિદ્ધ પ્રયોગનો ઉપયોગ કરે છે. 'દિવ્યાંગ' શબ્દમાં બધા જ પ્રકારની વિકલાંગતાનો સમાવેશ થઈ જાય છે. તેમ છતાં, ઘણી વાર અંધ વ્યક્તિ માટે બ્લાઈન્ડ, પ્રજ્ઞાચક્ષુ, સૂરદાસ તથા બહેરા-મૂંગા માટે મૂક-બધિર શબ્દોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. શાળાઓમાં મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓને 'પ્રિય વિદ્યાર્થી' તરીકે ઓળખવામાં આવે છે. શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિ માટેના આ નિષિદ્ધ પ્રયોગો પ્રયોજવા પાછળ એમની ગરિમા જાળવવાની ભાવના રહેલી છે. અહીં એ પણ નોંધવું જોઈએ કે, ૨૦૧૫ પછી માતા-પિતાએ પોતાના બાળકનું નામ 'દિવ્યાંગ' રાખવાનું ટાળ્યું છે. એ પૂર્વે દિવ્યાંગભાઈ કે દિવ્યાંગકુમાર નામધારી ઘણી વ્યક્તિઓ આપણને મળી આવે.

દિવ્યાંગોની જેમ અમુક વ્યવસાય સાથે જોડાયેલા લોકો માટે પણ અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેમાંથી કેટલાક શબ્દો કાયદા દ્વારા પ્રતિબંધિત થયા તો કેટલાક શબ્દો સભ્ય લોકોને ઉચિત ન લાગતાં એ વપરાશમાંથી ઓછા થઈ ગયા. એના વિકલ્પે જે-તે સમાજની ગરિમા જળવાય એવા શબ્દોનો ઉપયોગ થવા લાગ્યો છે. અલબત્ત, એ સભ્યતા હજી પૂરેપૂરી આવી નથી. પટાવાળા માટે 'સેવક' અને

હીજડા માટે 'કિન્નર' કે 'માસી' જેવા શબ્દો પણ નિષિદ્ધ પ્રયોગો છે. આ ઉપરાંત, સ્ત્રી-પુરુષ સમાનતાની સભાનતા પણ કેટલાક નિષિદ્ધ પ્રયોગો અસ્તિત્વમાં લાવે છે. જેમ કે, ચૅરપર્સન (ચૅરમૅન), બૅટર (બૅટ્સમૅન), વગેરે.

સ્ત્રીઓ સાથે જોડાયેલી કેટલીક બાબત માટે તો આ નિષિદ્ધ પ્રયોગોનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે, ગર્ભવતી મહિલા માટે 'સારા દિવસ જાય છે', 'પેટથી છે', 'બેજીવી છે', 'ભારે પગે છે', 'પ્રેગ્નન્ટ છે', 'ગૂડ ન્યૂઝ છે' જેવા નિષિદ્ધ પ્રયોગોનો ઉપયોગ કરવામાં આવે છે. માસિકધર્મ માટે પણ 'ઋતુધર્મ', 'રજસ્વલા', 'હાથ ચોખ્ખો ન હોવો', 'મહિનામાં છે', 'છેટી છે', 'કપડાં આવવાં', 'નાહ્યાં નથી', 'ટાઇમ પર છે', 'સારું નથી' જેવા નિષિદ્ધ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. 'માસિકધર્મ' શબ્દ પોતે પણ નિષિદ્ધ પ્રયોગ જ છે.

કુદરતી હાજતે જવાની ક્રિયા માટે તો અનેકવિધ નિષિદ્ધ પ્રયોગો આપણે ત્યાં જોવા મળે છે. જેમ કે, 'જાજરૂ જવું', 'સંડાસ જવું', 'હાજતે જવું', 'લેટ્રીન જવું', 'બાથરૂમ જવું', 'વૉશરૂમ જવું'', 'શૌચ માટે જવું', 'ડબલું લઈને જવું', 'લોટો લઈને જવું', 'લોટે જવું', 'લોટો ઢોળવા જવું', 'કળશ્યે જવું', 'બહાર જવું', 'ફરવા જવું', 'ખર્ચું કરવા જવું', 'તળાવે જવું', 'બાવળીએ જવું', 'વનમાં જવું', 'જંગલે જવું', 'બે નંબર જવું', 'બે એકી જવું', 'ટટ્ટી કરવા જવું', 'છી છી કરવી' વગેરે. આ કુદરતી હાજતે જવાની ક્રિયા માટે મારા એક મામા 'અડાસ જવું' શબ્દ વાપરતા. એ શબ્દમાં 'સંડાસ'નો પ્રાસ જળવાય છે અને વળી મામાના ગામ ખેરડાથી થોડે દૂર અડાસ નામનું ગામ પણ છે. એ ગામ મારાં મોટાં મામીનું પિયર પણ થતું હતું અને એક ગામથી બીજે ગામ 'જવું'માં સાદૃશ્યતા હતી. આ બધા સંદર્ભ ભેગા કરીને મામાએ 'સંડાસ જવું'ને બદલે 'અડાસ જવું' એવો નિષિદ્ધ પ્રયોગ વપરાશમાં મૂકેલો. એટલું જ નહીં પણ ફળિયાના કેટલાક છોકરા આ શબ્દનો પ્રયોગ પણ કરતા હતા. આજથી વીસ વર્ષ પૂર્વે જ્યારે ઘરે ઘરે સંડાસરૂમ નહોતા, એ વખતની આ વાત છે. તો 'મૂતરવા જવું'ને બદલે 'વાડામાં જવું', 'આઘાપાછા જવું', 'એક નંબર જવું', 'એકી જવું', 'વૉશરૂમ જવું', 'બાથરૂમ જવું', 'લઘુશંકા માટે જવું', 'બહાર જવું', 'પીપી જવું', 'ભૂ કરવા જવું', જેવા નિષિદ્ધ પ્રયોગો આપણે ત્યાં વપરાશમાં છે. મુતરડી માટે યુરિનલ, પેશાબઘર જેવા નિષિદ્ધ પ્રયોગો છે. તો સંડાસરૂમ માટે સંડાસ, જાજરૂ, શૌચાલય, વૉશરૂમ, સેનિટેશન, પે ઍન્ડ યૂઝ જેવા નિષિદ્ધ પ્રયોગોનો ઉપયોગ કરવામાં આવે છે.

કૉલેજમાં વિદ્યાર્થીઓ વૉશરૂમ કે એ માટેના શબ્દોનો વિશેષ ઉપયોગ કરતા નથી. પણ એ માટે આંખની કે ઇશારાની ભાષાનો ઉપયોગ કરે છે. અલબત્ત, અંગત મિત્રો વચ્ચે અઘવા, મૂતરવા જેવા શબ્દોનો ઉપયોગ થતો હોય છે. એટલે કે, નિષિદ્ધ પ્રયોગોનો ઉપયોગ મોટે ભાગે જાહેરમાં થતો હોય છે. કેટલીક વાર, એકદમ અંગત કે ખાનગીમાં પેલા અસભ્ય શબ્દોનો પ્રયોગ કરવાનું લોકોને ગમતું હોય છે.

નિષિદ્ધ પ્રયોગોમાં ઘણું વૈવિધ્ય રહેલું છે. સ્થળ-કાળની એના પર અસર થતી હોય છે. એક સમયે શિષ્ટ લાગતા શબ્દપ્રયોગો અમુક સમય બાદ અશિષ્ટ કે શરમજનક

લાગવા માંડે છે ને એટલે એને સ્થાને નવા (જે તે સમયે શિષ્ટ આદિ લાગતા) શબ્દપ્રયોગો અમલમાં આવે છે. જેમ કે, કુદરતી હાજતે જવાની ક્રિયા માટે એક સમયે 'અઘવા જવું' શબ્દનો ઉપયોગ થતો. (આજે તો એ શબ્દ સાંભળવોય નથી ગમતો). પછી એ પ્રયોગ અશિષ્ટ લાગતાં એને બદલે 'સંડાસ જવું' શબ્દ આવ્યો. આજે કેટલાક લોકોને એ શબ્દ પણ અશિષ્ટ લાગે છે ને એટલે કેટલાક લોકો 'વોશરૂમ જવું' શબ્દનો ઉપયોગ કરે છે. થોડાં વર્ષો બાદ 'વૉશરૂમ જવું' શબ્દ પણ અશિષ્ટ લાગી શકે છે, ને એને બદલે તત્કાલીન શિષ્ટ લાગતો શબ્દ ચલણમાં આવી શકે છે. એ રીતે, ગ્રામજનોના અને શહેરીજનોના; શિક્ષિતોના અને અશિક્ષિતોના; બાળકોના અને પુખ્તોના નિષિદ્ધ પ્રયોગો એકબીજાથી અલગ હોઈ શકે છે. મતલબ કે, નિષિદ્ધ પ્રયોગો સ્થળ-કાળ-વ્યક્તિ પ્રમાણે બદલાતા રહે છે. વળી, નિષિદ્ધ પ્રયોગોનો સમાવેશ શબ્દભંડોળના પરિવર્તનમાં થાય છે એમ એ અર્થપરિવર્તનની સીમાને પણ સ્પર્શે છે.

નિષિદ્ધ પ્રયોગોમાં હવે અંગ્રેજી શબ્દોનો ઘણો ઉપયોગ થવા લાગ્યો છે. જુઓ, 'ઑફ થઈ ગયાં' (મરી ગયાં), 'ટૉઇલેટ'(અઘવું), 'વૉશરૂમ' (અઘવું/મૂતરવું), 'બાથરૂમ' (અઘવું-મૂતરવું), 'સેનિટેશન' (અઘવા/મૂતરવા માટેનો ઓરડો), 'પે ઍન્ડ યૂઝ'(અઘવા/મૂતરવા માટેનું મકાન), 'યુરિનલ' (મુતરડી/પેશાબઘર), 'પ્રેગ્નન્ટ', 'ગુડ ન્યૂઝ' (સગર્ભાવસ્થા), 'હૅન્ડિકૅપ', 'ફિઝિકલી ચેલેંજ્ડ', 'ડિફરન્ટ એબલ્ડ' (વિકલાંગ), 'બ્લાઇન્ડ' (અંધ), 'ડિલિવરી' (પ્રસૂતિ) 'હગ' (બાથ) 'સિનિયર સિટીઝન' (વૃદ્ધ), 'સિસ્ટર' (સ્ત્રી નર્સ), 'બ્રધર' (પુરુષ નર્સ), 'સ્વીપર' (સફાઈ કામદાર) 'અંકલ' (કાકા), 'વાઇફ' (બાયડી, ઘરવાળી, પત્ની) 'હસબન્ડ'(ઘરવાળા, પતિ) વગેરે.

હાલની ગુજરાતી ભાષા જોતાં લાગી રહ્યું છે કે, ગુજરાતી ભાષાના નિષિદ્ધ પ્રયોગોમાં અંગ્રેજી શબ્દોની બહુમતી રહેશે.

સંદર્ભ :

કોઠારી, જયંત : ૧૯૭૩. ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ. અમદાવાદ : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. પૃ. ૪૧.

દેસાઈ, ઊર્મિ : ૨૦૧૯. ભાષાકીય પરિવર્તન. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. પૃ. ૨૧૦.

ભાયાણી, હરિવલ્લભ : ૧૯૮૩. શબ્દકથા. અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિષદ. પૃ. ૧૮૦.

ડૉ. રતિલાલ કા. રોહિત : મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, થરાદ (બનાસકાંઠા), Mo. ૯૮૯૮૨૩૧૪૫૭. Email : ratilalrohit૧૨@gmail.com

■

'દરબારગઢની બીજી મુલાકાત' : સમકાલીન સમસ્યાઓનું સંયમપૂર્ણ આલેખન

હીરેન્દ્ર પંડ્યા

['દરબારગઢની બીજી મુલાકાત'(વાર્તાસંગ્રહ) :
લે. દશરથ પરમાર, પ્રકાશક : ડિવાઇન પબ્લિકેશન્સ, પ્ર. આ. ૨૦૨૩, પૃષ્ઠ : ૨૩૨, કિં. રૂ. ૩૦૦]

'દરબારગઢની બીજી મુલાકાત' એ દશરથ પરમારનો ત્રીજો વાર્તાસંગ્રહ છે. પ્રથમ બે સંગ્રહની જેમ આ સંગ્રહમાં પણ એકવીસ વાર્તાઓ છે. આ સંગ્રહ તેમણે ગુજરાતી ભાષાના સાત સમર્થ વાર્તાકારોને અર્પણ કર્યો છે. 'દરબારગઢની બીજી મુલાકાત'માં સર્જક સમકાલીન સામાજિક, ધાર્મિક, રાજકીય સંદર્ભોને વણી લે છે. 'પારખું' સંગ્રહ દ્વારા ગ્રામજીવનની વાત કરનાર આ સર્જકની વાર્તાયાત્રા 'બે ઈ-મેઇલ અને સરગવો'માં સ્ત્રી-પુરુષ સંબંધોની સંકુલતાથી આગળ વધીને આ સંગ્રહમાં સામાન્ય માનવીને ચોતરફથી ઘેરતા પાવરના પ્રસરણ અને રાજકારણની અદૃશ્ય જાળને ઉઘાડી પાડવા સુધી પહોંચી છે. વાર્તાના વિષયોમાં પરિવર્તનના પરિણામે વાર્તાઓની સરેરાશ લંબાઈ પણ વધી છે. આ પ્રકારના વિષયોને આલેખવા માટે જરૂરી રચનારીતિની શોધ પણ તેઓ કરે છે. તેમના ત્રણેય સંગ્રહોનાં સ્ત્રી-પાત્રોમાં એક પ્રકારનું સાતત્ય જોવા મળે છે. વ્યક્તિ લિંગ, જ્ઞાતિ, ધર્મ, કુટુંબ, સમાજ એમ અનેક વિભાગમાં વહેંચાયેલો છે. આપણી સંકુલ સમાજવ્યવસ્થામાં આ ભેદભાવો પેઢી દર પેઢી વારસાગત જળવાય છે. જ્ઞાતિગત ભેદભાવ, સ્ત્રી-પુરુષ સંબંધવિષયક ખ્યાલો, સ્ત્રીની અવગણના કે તિરસ્કાર આદિ સંદર્ભે આ 'વારસો' ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે. 'નંદુ', 'લવસ્ટોરી-૨૦૧૪', 'અંતર્વાહી', 'દરબારગઢની બીજી મુલાકાત' જેવી વાર્તાઓમાં આ વિષમય વારસાગત સંસ્કારોનું અનેક કોણથી આલેખન થયું છે. આ અર્થમાં દશરથ પરમાર આપણી સામાજિક સંરચનાના DNAની તપાસ કરનાર વાર્તાકાર છે. 'તલાજીનું ખેતર', 'ચોકીદાર' તથા 'ખેતર અને હું'- આ ત્રણ રચનાઓ ખેડૂતવર્ગની મુશ્કેલીઓને આલેખે છે. 'બંધારણ સભા-એક અહેવાલ કથા' અને 'ફૂલચંદ જાદવના જીવનનો ઉત્તરાર્ધ' દલિત સંવેદનનું અલગ પરિમાણ પ્રગટાવતી વાર્તાઓ છે. 'ફોટો'માં સર્જક એક મુગ્ધાની ઝંખનાની પડખે નેતાઓની ફોટા, પ્રસિદ્ધિની લાલસા મૂકીને સરકારની સંવેદનહીનતાને તાગે છે. 'આફ્ટરશોક'માં ભૂકંપની વાત છે. 'આમાંથી કોઈ પણ નહીં'માં અટપટી ચૂંટણીપ્રક્રિયા અને નોટાના વોટની વાત થઈ છે. સંગ્રહની ૨૧ પૈકી ૧૩ જેટલી વાર્તાઓ કોઈક ને કોઈક સમકાલીન સમસ્યાને બાથમાં લે છે. ત્યાં સર્જકની બદલાયેલી ધરીનો ખ્યાલ આવી જાય.

'દરબારગઢની બીજી મુલાકાત' સર્વજ્ઞનું કથનકેન્દ્ર ધરાવતી પરિવેશપ્રધાન રચના છે. વાર્તાનો આરંભ 'એ જ્યાં ઊભી હતી ત્યાંથી રસ્તાના બે ફાંટા પડતા હતા' વિધાનથી થાય છે. આ વિધાન અદિતિની અવઢવભરી મનઃસ્થિતિ સૂચવે છે. તેના ઘરનાએ ચારેક દિવસ પહેલાં તેને જોવા આવેલા છોકરા જોડે તેની સગાઈ પાકી કરી દીધી છે, પરંતુ તે સહાધ્યાયી સોહમને ચાહે છે. સોહમ પણ અદિતિને પ્રેમ કરે છે. પિતાની ધાક, ઊંચું ખાનદાન, ભાઈ બલભદ્રસિંહનો ગાયત્રી સાથેનો પ્રેમપ્રસંગ આ બધાના લીધે તે પિતા સમક્ષ સોહમની વાત કરતાં અચકાય છે. ભાઈની ડાયરી વડે અંતરકુંવર ફોઈ અને વાલમ વણઝારાના પ્રેમ પ્રસંગને અદિતિ જાણે છે. આ સંબંધ અદિતિના પિતા અને નાનાને પસંદ નહોતો. અંતરને દૂર મોકલી તેઓ વાલમ સાથે અપકૃત્ય આચરે છે. અંતર પાછી ફરે છે ત્યારે હકીકત જાણતાં આઘાત અનુભવે અને એ જ વડ નીચે સતી થાય છે. લોકો પોતાના પ્રશ્નોના જવાબ માટે વડ નીચે આવતા અને લાલ ચૂંદડી ચઢાવતા. આજે અદિતિ પણ અંતરફોઈ પાસે આવી છે, ઉકેલ માટે. 'એ તરફ જોતાં જોતાં એની અંદર એક પાકો રસ્તો ઊપસી આવ્યો' આ વિધાનથી ભૂતકાળ ઊઘડે છે અને બીજી બાજુ અદિતિની અંદર જન્મતી દૃઢ નિશ્ચયાત્મકતા પણ સૂચવાય છે. ધ્વનિ અને દૃશ્યથી દરબારગઢનો આખો પરિવેશ બંધાય છે. સર્જકે ઘોડાઓના ડાબલા અને હણહણાટી, જીપની ઘરઘરાટી, ટિટોડીનો અવાજ, મોબાઇલની રિંગ, પવનમાં ફરફરતાં પાંદડાંનો ધ્વનિ, ચામાચીડિયાંની પાંખોનો, કબૂતરોનું ઘૂ ઘૂ, કાગડાઓનો કકળાટ, ચીબરીનો ચિત્કાર, ઊંટના ગાંગરવાનો, તમરાંનો અવાજ અને કાળાં-કાળાં ચોસલાં, રાતી-પીળી ટેકરીઓ, આકાશમાં રચાયેલો સફેદ પટ્ટો, અદિતિનું સ્કાય બ્લૂ જીન્સ અને પીળા રંગનું ટીશર્ટ, વડવાઈઓ પર લટકતી લાલ-પીળી ચૂંદડીઓના લીરા અને અંતરકુંવરના એકાંતવાસની સફેદ સાડી અને લાલ ચાંદલાના રંગો વડે પરિવેશને જીવંત કર્યો છે. વિવિધ અવાજો વડે અદિતિ ફ્લૅશબૅકમાંથી પાછી ફરે છે અને વર્તમાનમાં આવી જાય છે. અદિતિનો ભાઈ અંતરકુંવરને ઉદ્દેશીને ડાયરીમાં લખે છે, 'જે પરંપરાઓએ તમારી જિંદગીનો ભોગ લીધો હતો, ફોઈસા...! એને હું આગળ નહીં વધવા દઉં. ગાયત્રી સાથે લગ્ન કરીને હું પુરવાર કરીશ કે પ્રેમ ક્યારેય જ્ઞાતિભેદ જોતો નથી.' અંતે અદિતિ અંતરફોઈમાં પોતાની જાતને જુએ છે ત્યાં વાર્તા પૂરી થાય છે.

'અંતર્વાહી'માં સ્ત્રીના વિચારોની અવહેલના, પુરુષનું એકહથ્થુ શાસન, પિતાની હઠનો ભોગ બનતાં સંતાનો, કુટુંબમાં નાના ભાઈ-બહેન સાથે થતું વર્તન અને વારસાગત વૃત્તિઓને વાર્તાકાર આલેખે છે. વાર્તાકથક નાનો દીકરો ચિરાગ છે. ચિરાગ માને લઈને ગામડે જાય છે ત્યાંથી માંડી રાત્રે સૂઈ જાય છે ત્યાં સુધીનો-એક દિવસનો સમય વાર્તામાં રજૂ થયો છે. કથક ચિરાગનું ચિત્ત અતીત અને વર્તમાન વચ્ચે ઝોલાં ખાય છે. કથક મમ્મીની સાથે સ્વને પણ ધ્યાનપૂર્વક જુએ છે. તે મમ્મીની સાથે ગામમાં ફરે છે, એટલે તે પણ વર્તમાન પ્રસંગોમાં સીધેસીધો સંડોવાયેલો છે. કથકની આ પ્રકારની સંડોવણીના લીધે વાચકને ચિરાગ અને મમ્મી-બંનેની લાગણીઓનો આલેખ મળે છે. અંતે આવતું આ વિધાન 'મમ્મીના શરીરમાંથી કશુંક છૂટું પડીને જાણે મારા શરીરમાં સમાઈ રહ્યું' - આ વિચારયાત્રાના પરિણામે ચિરાગમાં પણ આવેલા પરિવર્તનને સૂચવે છે. એક તરફ મમ્મીનો

અંશ બનતો ચિરાગ અને બીજી તરફ પપ્પાનો ખરો વારસદાર મોટો ભાઈ સુમન – આ પ્રકારનો અંત વાચકને વિચારતા કરી મૂકે છે.

'ચોકીદાર' અને 'તલાજીનું ખેતર' – આ બંને વાર્તાઓ ખેડૂતના 'એક્ઝિસ્ટન્સ' તેમજ 'આઈડેન્ટિટી ક્રાઈસિસ'ની વાત કરે છે. એકમાં શારીરિક ભૂખ કેન્દ્રમાં છે તો બીજીમાં પેટની ભૂખ. આ વાર્તાઓમાં બીજું સ્તર છે સરકાર અને કંપનીઓની સાંઠગાંઠનું, ખેડૂતોની અવદશાનું અને તેના પરિણામે તૂટતી ગ્રામીણ અર્થવ્યવસ્થા અને સામાજિક સંરચના. 'તલાજીનું ખેતર'માં આરંભે જ તૂટતી વાણની દોરીનો ઉલ્લેખ અંતે તલાજી પણ તૂટી જશે તેનો સંકેત બની રહે છે. વાણની લટકતી દોરીઓને 'ઘઉંના લોટની સેવોની' ઉપમા આપી છે તે પણ નોંધપાત્ર છે. કથનકેન્દ્ર સર્વજ્ઞનું છે, પરંતુ વાર્તાકાર તલાજીની નજરે પ્રસંગો આલેખે છે. વાર્તાના અંતે દારૂ પીધેલો તલાજી પોતાના ખેતરની જગ્યાએ કંપનીનો વિશાળ ગેટ જુએ છે અને જાણે કે, વાણની દોરીની જેમ તડાક દઈને તેની અંદર પણ કંઈક તૂટે છે. જેનો ખ્યાલ તેના પ્રલાપ વડે મળે છે. ભૂતકાળનાં સુખદ સંસ્મરણોનો ભાર, વર્તમાન સમયની અવદશા અને ભૂખમરો તથા તેમાંથી છૂટવા વલખાં મારતો તલાજી ખેડૂત તરીકેની ઓળખ ભૂલી જાય છે. વાર્તામાં આરંભથી અંત સુધી ભૂખ અને સંસ્મરણોની ગૂંથણીમાંથી જ તલાજીનું ખેડૂત તરીકેનું ભૂંસાતું જતું અસ્તિત્વ સર્જકે ઉપસાવ્યું છે.

'ચોકીદાર'માં મહા મહિનાની વદ ચોથની કડકડતી ઠંડીની એક રાત્રિના થોડાક કલાકોનું આલેખન છે. પત્નીની હૂંફ ઝંખતો કમલેશ કંપનીના ગેટથી ઘર તરફ ચાલી નીકળે છે તે ક્ષણથી વાર્તા શરૂ થાય છે. રસ્તામાં તેને આવતા વિચારો અને સ્મૃતિઓ રૂપે વાર્તાકાર તેનો ભૂતકાળ વણી લે છે. તે બારીની સાંકળ ખખડાવે છે ત્યાં તેનો મોબાઇલ રણકે, સામેથી મૅનેજરની ગર્જના સાંભળીને કમલેશ લથડતી ચાલે કંપનીના રસ્તે પાછો વળે છે. ત્યાં પાછળથી બારી ખૂલવાનો અવાજ સંભળાય છે અને વાર્તા પૂરી થાય છે. ફોનની વાતચીતથી કમલેશના ચિત્તમાં પ્રણયનું સ્થાન વિષાદ લઈ લે છે એમાં જ વાર્તાની ચમત્કૃતિ રહેલી છે. વાર્તામાં આરંભથી જ શૃંગાર અને વિષાદ એમ બંને ભાવોને પોષક સામગ્રી સમાંતરે જોવા મળે છે. તેથી વાર્તાનો અંત ચોંટાડેલો લાગતો નથી. આરંભનું કંપનીના પરિવેશનું વર્ણન મલ્ટિનેશનલ કંપનીઓની નીતિ તરફ સંકેત કરે છે. શકુની યાદમાં ઘરે જતા કમલેશને હોર્ડિંગ પરની છોકરીમાં પણ શકુ દેખાય છે. હોર્ડિંગ, પોસ્ટર, સ્લોગન એ વર્તમાન જગતનું વાસ્તવ છે. જેની પાછળની દોટ હવે છેવાડાનાં ગામડાંઓ સુધી પહોંચી ગઈ છે.

'ખેતર અને હું'માં કથનકેન્દ્ર 'હું'નું છે. મુખ્ય પાત્ર વર્ષોથી શહેરમાં રહે છે. તે ખેતર વેચવા માટે ગામ આવવા નીકળે ત્યાંથી વાર્તા શરૂ થાય અને વેચાઈ ગયેલા ખેતરમાં નિરાધાર ઊભો હોય ત્યાં વાર્તા પૂરી થાય છે. આ 'હું' કોઈ પરંપરાગત ગ્રામીણ કથાનાયકનો 'હું' નથી. આ 'હું' સ્વની સાથે સમાજના પરિવર્તનોને જોનાર, ઝીલનાર સભાન અને સંવેદનશીલ એવા નાયકનો છે. તેથી વાર્તામાં નાયકના અંગત સંવેદનોની સમાંતરે સરકાર અને કંપનીની મિલીભગત, કંપનીઓનું જમીનો પચાવી લેવાનું ષડયંત્ર,

પારંપરિક ખેતી છોડી આધુનિક ખેતી તરફ વળેલા ખેડૂતોની કથળતી આર્થિક સ્થિતિ અને આત્મહત્યા, શિક્ષિત બેરોજગાર યુવાનોના પ્રશ્નો, જંતુનાશક દવાઓથી પ્રકૃતિને થઈ રહેલી હાનિ, વિકાસની ગુલબાંગો વચ્ચે પણ માળખાગત સુવિધા વિનાનાં ગામડાં જેવી અનેક બાબતો જોવા મળે છે. નહેરમાં પાણી નથી પણ સ્મશાન આધુનિક છે. ગામની અંદર રસ્તા નથી પણ કંપની તરફ જતો રોડ પાક્કો બની ગયો છે. પરિવેશથી સમજાઈ જાય કે સુવિધાઓ કંપનીઓ માટે છે, ગામલોકો માટે નહીં. આ ત્રણેય વાર્તાઓ તૂટતી ગ્રામીણ આર્થિક, સામાજિક સંરચનાનો આલેખ બની રહે છે. અલબત્ત, 'ખેતર અને હું' અન્ય બે વાર્તાઓની તુલનામાં થોડીક શિથિલ રચના છે.

'ફૂલચંદ જાદવના જીવનનો ઉત્તરાર્ધ'નો ફૂલચંદ એક પાત્ર નહીં પણ સિસ્ટમનું પ્રતીક છે. સર્વજ્ઞનું કથનકેન્દ્ર ધરાવતી આ વાર્તામાં બે ખંડ છે. પ્રથમ ખંડમાં નાયબ મામલતદારના પદેથી નિવૃત્ત થતા ફૂલચંદના વિદાય સમારંભનું વર્ણન છે. આ સમારોહનો બધો ખર્ચ સરકારી ખજાનામાંથી નીકળે છે. તેમાં ફૂલચંદ માટે પરદુઃખભંજન, ગરીબોના બેલી, પરગજુ, હસમુખા, વિવેકી, લાંચ-રુશવત વિરોધી, ન્યાયપ્રિય જેવાં વિશેષણો છુટ્ટા હાથે ફેંકાતાં રહે છે. બીજા દિવસે નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિમય રહીને કેવી રીતે આર્થિક ઉપાર્જન થતું રહે તેવા વિકલ્પો વિચારતા ફૂલચંદ જોવા મળે. આ વિકલ્પો ફૂલચંદના કોણથી આલેખાયા હોઈ સર્જક તેના ભ્રષ્ટ વ્યક્તિત્વને તંતોતંત ઉપસાવી શક્યા છે. છેવટે દીકરાની સલાહને અનુસરી, જ્ઞાતિનું કાર્ડ રમીને ફૂલચંદ નગરપાલિકાની ચૂંટણી લડે, જીતે અને સત્તા માટે સત્તાધારી પક્ષમાં જોડાય. પ્રમુખશ્રી તેમને સફાઈ કમિટીના અધ્યક્ષ બનાવવાની વાત કરે ત્યારે નાખુશ થઈ જતા ફૂલચંદ આર્થિક ગણતરી સમજ્યા પછી તૈયાર થઈ જાય. વ્યાજખોરોની ચુંગાલમાં સપડાયેલ વાલ્મીકિ સમાજના ઉદ્ધારક બનીને ફૂલચંદ આગળ આવે. તેમનો દીકરો પોતાની પેઢીમાંથી સફાઈ કર્મચારીઓનાં દેવાં ભરી દે અને પછી કર્મચારીઓના પગારમાંથી પાછલા બારણે રકમ કાપી લે. 'સમાજસેવાની સાથે સાથે આમાં તો બે પેઢીનો ઉદ્ધાર પણ થવાનો એ સમજી ચૂકેલા ફૂલચંદ પ્રમુખશ્રીના ચરણોમાં ઢળી પડે છે.'

'બંધારણ સભા-એક અહેવાલ કથા' અને 'લવસ્ટોરી-૨૦૧૪' – આ બંને વાર્તાનો આરંભ એક અંગ્રેજી વિધાન અને ડિસક્લેઇમરથી થાય છે. બંને વાર્તાના ડિસક્લેઇમર જુદાં છે. 'લવસ્ટોરી-૨૦૧૪'માં વાર્તાકથક વાર્તા અને વાસ્તવિક ઘટનાઓ વચ્ચે કોઈ સામ્ય જોવા મળે તો તે કેવળ અકસ્માત છે એમ કહીને પોતે કલ્પનાને આધારે વાર્તા લખી છે એવું ભારપૂર્વક જણાવે છે. 'બંધારણ સભા'માં તો પહેલા જ વિધાનમાં વાર્તાકથક પી.ડી.અગ્રવાલ પોતાને અહેવાલલેખક તરીકે ઓળખાવીને સત્યઘટના લખી રહ્યો છે એવું ભારપૂર્વક જણાવે છે. આ વાર્તાની સંકલના અને વાર્તાનો ટોન – આ બે તત્ત્વો વાર્તાની ખરી કમાલ છે. વાર્તાની સંકલના જોઈએ તો, સવારથી કથક પી.ડી.નું પ્લાનિંગ આડા પાટે ચઢ્યા કરે. ગુરુના દર્શને જાય અને ગુરુ ન મળતાં દર્શન કરવા સાંજ સુધી બેસી રહે ને બસ ચૂકે. જીપ મળે ને પંક્ચર થાય. પંક્ચર પણ એ જ ચાર રસ્તે થાય જ્યાં બાબાસાહેબની પ્રતિમાની બરાબર સામેના મેદાનમાં જ્ઞાતિની સભા ચાલતી હોય. સભાની અંદરનો અહેવાલ લખતાં લખતાં પી.ડી.ની અંદરનો વાર્તાકાર જાગી ઊઠે અને મૂળ વાત

બાજુ પર રહી જાય. પોતે સમાજથી અળગો રહ્યો હોવા છતાં સમાજના નિયમોની ટીકા કરતા યુવાનોની વાતો સાંભળીને તેની અંદરનો સમાજસુધારક જાગે. તે સમાજની બંધારણ સમિતિ સામે ઝંપલાવી દે. પરિણામે ચશ્માં તૂટે, શર્ટ ફાટે, નીચે પડે ને માંડ માંડ બચે. કથક પી.ડી.ની જેમ જ બંધારણ સભાના આગેવાનો પણ સ્વાર્થ માટે આખા સમાજને આડા પાટે ચઢાવે છે. વાર્તાની આ પ્રકારની સંકલના વિષયને વળ ચઢાવે છે. પી.ડી.નું પાત્ર પણ સેટાયર છે. ગુરુજીને મળવા જવાનું ન ચૂકનાર પી.ડી.એ સમાજ બાજુ વળીને જોયું નથી. તે પોતાની મર્યાદાઓ પણ કહેતો રહે છે. તે ખટપટિયો નથી. તેનો 'હું' સભામાં જવાથી તૂટે છે. 'હું'ની અહીં સર્જકે ઠેકડી ઉડાડી છે. આંબેડકરની પ્રતિમા અને તેમના જન્મદિને જ જ્ઞાતિનું બંધારણ ઘડવાની અર્થહીન પ્રક્રિયા એ મહત્ત્વના સંકેતો છે.

'લવસ્ટોરી-૨૦૧૪'માં અભય પ્રિયદર્શી દલિત છે. આરતી પટેલ સવર્ણ છે. વાર્તાના અંતે સગર્ભા આરતી અને અભયની કરપીણ હત્યા થાય છે. વાર્તામાં ત્રણ સ્પષ્ટ ભાગ છેઃ એક, આરંભે આવતું વાર્તાકથકનું ડિસક્લેઇમર, બીજું, વાર્તાકથકે મઠારીને મૂકેલી અભયની ડાયરી અને ત્રીજું, ડાયરીની બહારની ઘટનાઓનું કથક દ્વારા થતું વર્ણન. ડાયરીમાં આરતી સાથે અભય ભાગીને લગ્ન કરે ત્યાંથી માંડીને આરતી સગર્ભા હોવાનું જાણી, અભય બધું ભૂલી જાય એટલી જ ઘટનાઓ વર્ણવી છે. વાર્તાકાર પોતે શી રીતે અભયને મળ્યા એમ કહીને પોતાને વાર્તામાં કથક તરીકે સંડોવે છે. આરંભે અભયની ડાયરીથી દૂર ભાગતો વાર્તાકાર અંતે ડાયરીમાંથી ઊઠેલા પ્રશ્નોના ઉત્તરો શોધતો જોવા મળે છે. વાર્તાકથકનાં પણ બે રૂપ છે. એક, અભયની ડાયરી વાંચતો. બે, સત્ય શોધવા મથતો. કથકની આ પ્રકારની ગૂંથણીના લીધે માત્ર બે મહિનાની મહત્ત્વની વિગતો – તેમાંય સમકાલીન, રાજકીય, ધાર્મિક, સામાજિક સંદર્ભો વાર્તાનો અનિવાર્ય અંશ બન્યા છે. ડાયરીમાં એક મહિનાની નોંધ છે. તેમાં પણ નવ દિવસ અગત્યના છે. વાર્તાનું વ્યાપક વસ્તુ ચુસ્ત સમયસંકલના, કથનકેન્દ્ર, ડાયરી અને અખબારી અહેવાલની પ્રયુક્તિને લીધે કલાત્મક ઘાટ ધારણ કરે છે.

'ફોટો'ની ભીખીની એક માત્ર ઝંખના છે પોતાનો ફોટો પડાવવાની. મુગ્ધા ભીખીના બાળપણથી માંડીને લગ્ન સુધીના પ્રસંગો સર્જકે આવરી લીધા છે. એ રીતે અહીં ભીખીના જીવનનાં અઢાર વર્ષોનો આલેખ મળે છે. વાર્તામાં રાતથી લઈ બીજા દિવસની સાંજ સુધીનો સમય આલેખાયો છે. સર્વજ્ઞનું કથનકેન્દ્ર ધરાવતી આ વાર્તા વ્યંગ્ય-કટાક્ષસભર ભાષાના કારણે નોંધપાત્ર બની છે. સર્જકે ભીખીની ઘેલછા સામે વર્તમાનપત્રો, ટી.વી., પોસ્ટરોથી માંડી બધે જ છવાઈ જતા મંત્રીઓની લાલસા મૂકીને વાર્તાનું પરિમાણ બદલી કાઢ્યું છે. આ રીતે જનમાનસ પર પકડ જમાવી લેવાની રાજકારણીઓની વૃત્તિને સર્જકે ઉઘાડી પાડી છે.

વિષયવૈવિધ્ય, પરિવેશનો વિનિયોગ, એકાધિક સ્તરવાળી રચનાઓ, રચનારીતિની સભાનતા, ચુસ્ત સમયસંકલના, બદલાતી રાજકીય-સામાજિક પરિસ્થિતિ વિશેની ચોક્કસ અને સૂક્ષ્મ સૂઝ, સામાજિક વારસા રૂપે ઊતરી આવતા દુર્ગુણો-માન્યતાઓનું નિરૂપણ, સ્ત્રીના સંકુલ સંવેદનોનું સ્ત્રીના દૃષ્ટિકોણથી આલેખન, બારીક નકશીકામ – આ વિશેષતાઓના લીધે આ સંગ્રહ મહત્ત્વપૂર્ણ બની રહે છે.

■

‘પ્રતિશ્રુતિ’ : પિતામહ ભીષ્મની જીવનગાથા

દિવ્યરાજસિંહ યાદવ
(સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર)

स्वनिगममपहाय मत्प्रतिज्ञा मृतमधिकर्तुमवप्लुतो रथस्थः
धृतरथचरणोऽभ्ययाच्चलत्गुः हरिरिव हन्तुमिभं गतोत्तरिय।।

“પોતાની પ્રતિજ્ઞાની ચિંતા ન કરી; પરંતુ મારી પ્રતિજ્ઞાને સત્ય કરવા માટે, પોતે ચક્ર સાથે, ધરણી ધ્રુજાવતા, હાથી ઉપર ધસી જતા સિંહની જેમ ધસી આવ્યા ત્યારે તેમનું ઉત્તરીય સરકીને નીચે પડ્યું...”

ભીષ્મ સ્તુતિ

મહાભારત આપણું સર્વોત્તમ મહાકાવ્ય છે. આ મહાકાવ્ય એ તેના કર્તાની કેવળ કપોલકલ્પિત કલ્પના નથી; અપિતુ કાવ્યદેહ ધરી આપણી સમક્ષ પ્રત્યક્ષ થતો આપણો સાચો ઇતિહાસ છે. યુગો યુગોથી તે સમગ્ર માનવજાતને ઉદ્દેશીને અવિરત પ્રેરણા અને માર્ગદર્શન આપતું આર્ષકાવ્ય છે. ચાર પુરુષાર્થ તેમાં અક્ષરદેહે રજૂ થયાં છે. મહર્ષિ વેદવ્યાસ આ મહાકાવ્યના રચયિતા છે, કહો કે ભૂત, વર્તમાન અને ભવિષ્યનું દર્શન કરી તેને પોતાની રચનામાં નિરૂપિત કરનાર, ત્રિકાળદર્શી આર્ષદ્રષ્ટા છે! આ મહાકાવ્યમાં કંડારાયેલ વ્યક્તિચિત્રો, કુટુંબજીવન, રાજ્યવ્યવસ્થા સહિત અનેક પાસાંઓ ધરાવતું સમાજજીવન આજે પણ આપણને એટલું જ અદ્‌ભુત અને તાદશય લાગે છે.

મહાભારત આપણને અનેક જીવંત વ્યક્તિચિત્રો આપે છે. કહેવાય છે કે મહર્ષિ વેદવ્યાસ મહાભારતની મહાગાથાના પ્રત્યક્ષ દ્રષ્ટા છે. આથી તેઓએ પોતાની રચનામાં નિરૂપિત વ્યક્તિઓના જીવનસમગ્રને બધા દૃષ્ટિકોણથી જોઈ-તપાસીને, તેમનાં જીવનનાં સારાં-નરસાં પાસાંઓ ઉત્તમ રીતે આલેખ્યાં છે. મહાભારતની કથાનાં આ પાત્રોના જીવનસમગ્રને નૂતન દૃષ્ટિકોણથી, ગુજરાતી સાહિત્યના યશસ્વી સર્જક ધ્રુવ ભટ્ટ આપણી સમક્ષ મૂકી આપે છે. ધ્રુવ ભટ્ટકૃત પ્રથમ નવલકથા ‘અગ્નિકન્યા’માં યાજ્ઞસેની દ્રૌપદીનું જીવન કેન્દ્રસ્થાને છે. ભાવકો દ્વારા આ કૃતિને બહોળો પ્રતિસાદ મળ્યો છે. તદપિ સર્જક ધ્રુવ ભટ્ટ મહાભારતના કીર્તિમાન ચરિત્ર પિતામહ ભીષ્મની જીવનગાથા ‘પ્રતિશ્રુતિ’ના માધ્યમથી આપણી સમક્ષ રજૂ કરે છે.

પ્રથમ પુરુષ એકવચનની શૈલીમાં લખાયેલી આ કૃતિ જાણે વાસ્તવમાં આપણને પિતામહ ભીષ્મની આત્મકથા જ પ્રતીત થાય છે. આ કૃતિ ૨૦૧૭માં ‘ગૂર્જર ગ્રંથરત્ન

કાર્યાલય' દ્વારા પ્રકાશિત થયેલી છે. પિતામહ ભીષ્મનું સમગ્ર જીવન સર્જક ધ્રુવ ભટ્ટના દૃષ્ટિકોણથી આપણી સમક્ષ વિદ્યમાન થાય છે. કૃતિની પ્રસ્તાવના 'થોડી વાત...'માં ધ્રુવ ભટ્ટ નોંધે છે તેમ તેઓએ આ કૃતિ માટે મહાભારતની કથામાં આવતા અષ્ટવસુઓના શાપમાં આંશિક ફેરફાર કર્યો છે. અહીં તેઓએ ભીષ્મને આઠમા વસુ 'દ્યો' તરીકે નહીં, અપિતુ સપ્તવસુઓના અંશોથી પ્રગટેલા અલગ અસ્તિત્વ તરીકે નિરૂપ્યા છે. આ માટે તેઓએ મહાભારતના આદિપર્વમાં આવતા દેવી ગંગા અને વસુઓના સંવાદનો આધાર લીધો છે.

કથાનો પ્રારંભ દેવી ગંગા અને વસુઓના સંવાદથી થાય છે. બાણશય્યા પર સૂતેલા ભીષ્મને, શ્રીકૃષ્ણ પોતાનો સમગ્ર જીવનકાળ વાગોળવાનું કહી જાય છે, અને અનિચ્છા હોવા છતાં પણ પોતાનું અતીત સ્મરણ કરતા ભીષ્મ દ્વારા, આત્મમંથનના પરિપાક રૂપે આપણને આ કથા લભ્ય બંને છે. કથારંભે આવતો દેવી ગંગા અને વસુઓનો સંવાદ સમગ્ર મનુજો માટે અનુસરણક્ષમ અને સદા સ્મરણીય રાખવા જેવો છે. તેમાં મૃત્યુલોકને વ્યર્થ ગણતાં વસુઓને દેવી ગંગા દ્વારા અપાયેલ સમર્થ ઉત્તર છે,

"સાંભળો, વસુઓ, હું ત્રિપથગામિની છું, ત્રણેય લોક અને તેમના નિવાસીઓને પૂર્ણપણે જાણું છું. મનુષ્યલોકમાં મને જે આકર્ષે છે તે છે તેમનો એકબીજા પરનો અડગ વિશ્વાસ અને સંબંધો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા..."

કિશોરાવસ્થા સુધી પોતાના, સુરલોક અને મર્ત્યલોકના સત્યથી અજાણ દેવવ્રત મા ગંગાના સાંનિધ્યમાં જ ઉછેર પામે છે. તત્પશ્ચાત્ ગુરુ મહાભાર્ગવ પરશુરામની દૃષ્ટિ હેઠળ અજાણપણે જ ભરતવંશનો આ યુવરાજ વિદ્યાઓ અને કલાઓમાં પારંગત બનતો જાય છે. જન્મથી જ સાહસી અને જિજ્ઞાસુ એવો, વસુઓનું અંશાસ્તિત્વ ધરાવતો, દેવવ્રત પોતાના પિતા મહારાજ શાંતનુને મળે છે અને માતા-પિતા પાસેથી સ્વયંના જીવનના સત્યને જાણે છે. સત્ય જાણ્યા બાદ પોતે પુનર્જન્મ લેવો ન પડે તદર્થે જેમ કમળ કાદવથી અલિપ્ત રહે છે તેમ તે પણ બાકીના સંસારથી અલિપ્ત રહેવાનું ધ્યેય સાધે છે. આ માટે તેને સહાયરૂપ થાય છે, સત્યવતીના પિતા નિષાદને આપેલાં બે વચનો. આ વચનો જ દેવવ્રતને "ભીષ્મ"ની ખ્યાતિ અપાવે છે. ન ભૂતો ન ભવિષ્યતિ એવાં આ વચનયુગ્મના પ્રતિફળ રૂપે ભીષ્મને પિતા તરફથી 'અનુમતિ-મૃત્યુ'નું વરદાન પ્રાપ્ત થાય છે. હા, અનુમતિ-મૃત્યુ! ઇચ્છામૃત્યુ નહીં... જો ભીષ્મને ઇચ્છામૃત્યુનું વરદાન હોત તો ભીષ્મ તત્ક્ષણે મૃત્યુની ઇચ્છા કરી પૃથ્વીલોક પરથી પાછા ફરી સ્વર્ગે જઈ વસુઓમાં ભળી ગયા હોત. પરંતુ સત્યવતી તેમ થવા દે એમ ન હતું, તેથી જ તેઓએ ભીષ્મને પિતા દ્વારા ઇચ્છામૃત્યુનું નહીં અપિતુ 'ઇચ્છે ત્યાં સુધી મૃત્યુ લઈ જવાની રાહ જોશે' એવું 'અનુમતિ-મૃત્યુ'નું વરદાન અપાવ્યું.

પછીની કથા મહાભારતની કથા સાથે અનુસંધાન સાધતી આગળ વધે છે. સંસારથી અલિપ્ત રહેવાની ભીષ્મની ઇચ્છા ફક્ત ઇચ્છા જ રહી જવા પામે છે અને અજાણતાં જ તે સંસારપંકમાં ધસતા જાય છે. બે અનુજોના અકાળ અવસાન, કાશીરાજની કન્યાઓના અપહરણ અને રાજકુમારી અંબાના જીવનને વ્યર્થ કરવાની ગ્લાનિ, અંબાનો પ્રતિશોધરૂપી શાપ, વિચિત્રવીર્યનાં સંતાનોનો જન્મ, તેમનો ઉછેર, તેમના વિવાહો માટેની ખટપટો,

તેઓની સંતતિ વૃદ્ધિ, અનેક પ્રયત્નો તદપિ પાંડવો-કૌરવો મધ્યેનો સંઘર્ષ, કુળવધૂનું ભરી સભામાં અપમાન તથા તે સમયે પોતાની નિઃસહાય સ્થિતિ અને અંતે મહાભારતનું મહાયુદ્ધ... આ પ્રત્યેક ઘટનાઓ અને વ્યક્તિઓથી સભાનપણે અલિપ્ત રહેવાનો ભીષ્મનો સંકલ્પ ઠેર ઠેર દારુણ રીતે તૂટે છે. હસ્તિનાપુરનું રાજસિંહાસન ભીષ્મને સતત દોડાવ્યા કરે છે અને ભીષ્મ સતત દોડતા રહે છે. અને અંતે, પૂર્વજન્મનો પ્રતિશોધ લઈને જન્મેલી રાજકુમારી અંબા, શિખંડીના વેશે તેઓને મૃત્યુરૂપી ચિરશાંતિ પ્રદાન કરવા આવે છે. અંબાનો પ્રતિશોધ ભીષ્મના જીવન માટે આશીર્વાદરૂપ બને છે. અંતમાં સૂર્ય મકર રાશિમાં પ્રવેશી, ઉત્તરાયણનો થશે ત્યારે જ ભીષ્મ, બ્રહ્માંડમાં માત્ર તેમને જ લભ્ય એવા અનુમતિ-મૃત્યુના વરદાનનું આહ્વાન કરશે, એવી આશા સાથે ભીષ્મની આ જીવનગાથા ઇતિશ્રી પામે છે.

આમ, આજીવન અખંડ બ્રહ્મચર્યનું પાલન કરનાર ભીષ્મનું અસ્તિત્વ સ્ત્રીહઠના લીધે ઉદ્ભવે છે અને અંતે સ્ત્રી-પ્રતિશોધના અગ્નિ થકી ભસ્મીભૂત થાય છે. જીવનના અસ્તાચળે સતત આત્મમંથન કરતાં ભીષ્મ છેલ્લે જીવનનું વાસ્તવિક સત્ય પામે છે. દેવી ગંગાનાં શબ્દો, "વત્સ, પ્રકૃતિનું સર્જન જીવન કાજે કરાયું છે, મૃત્યુ તો નવસર્જન અર્થે પ્રકૃતિએ મૂકવું પડ્યું છે..." અહીં યથાર્થ સાબિત થતાં વર્તાય છે.

કૃતિમાં આદિથી અંત જોતાં તેનો સમય ફક્ત એક રાત્રિનો છે. શ્રીકૃષ્ણ રાત્રે ભીષ્મને મળવા આવે છે અને જીવનસમગ્રનું આત્મમંથન કરવાનું કહી જાય છે, ત્યાંથી લઈને એ વિચારરાત્રિને અંતે પ્રગટતા પરોઢે શ્રીકૃષ્ણ પુનઃ ભેટ કરવા આવે છે, ત્યાં સુધીનો સમય કૃતિમાં નિરૂપણ પામ્યો છે. કથામાં આવતાં ભીષ્મ સિવાયનાં તમામ પાત્રો એક નૂતન દૃષ્ટિકોણથી આપણી સમક્ષ પ્રત્યક્ષ થાય છે. તેમાંય સત્યવતી, ગાંધારી, કુંતી અને દ્રૌપદીનાં પાત્રો ઉત્તમ રીતે ઉઠાવ પામ્યાં છે. કથામાં વચ્ચે વચ્ચે આવતા મહાભારતના સંસ્કૃત શ્લોકો કૃતિનો મહાભારત સાથેનો અનુબંધ જાળવવા સમર્થ નીવડે છે. આ સમસ્ત કથા, ભીષ્મના સંઘર્ષપૂર્ણ જીવનનો હાર્દ શ્રીકૃષ્ણના વિનમ્રતાસભર શબ્દોમાં દેખાઈ આવે છે,

"કશું જ જુદું નથી, પિતામહ, જુદું તમે જીવ્યા છો. જુદું જીવવાની ઝંખનામાં તમને ક્યારેય એ ન દેખાયું કે મનુષ્યો સાથે સહજ રીતે જીવવા માટે આપણી મહાનતા દર્શાવવા કરતાં તેમનાં સુખદુઃખને અનુભવવાં, સમજવાં તે સરળ ઉપાય છે."

ભીષ્મના જીવનચરિત્રને રજૂ કરતી આ કૃતિનું શીર્ષક 'પ્રતિશ્રુતિ' સર્વથા સુયોગ્ય જ ઠરે છે. કેમ કે સમગ્ર મહાભારતમાં, ભીષ્મ સાથે જોડાયેલી પ્રત્યેક વ્યક્તિના જીવનક્રમ અને ઘટિત થતી ઘટનાઓમાં આપણને ભીષ્મ પ્રતિજ્ઞાની જ પ્રતિશ્રુતિ (પ્રતિજ્ઞા, ગુંજ, પ્રતિધ્વનિ) સતત વર્તાયા કરે છે.

સંદર્ભગ્રંથ :

'પ્રતિશ્રુતિ', ધ્રુવ ભટ્ટ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : અમદાવાદ, પ્રથમ આ. ૨૦૧૭.

■

તમારી પ્રિય કૃતિ પ્રશિષ્ટ છે કે કાલગ્રસ્ત?

કિરીટ દૂધાત

જે વાચકો ઈ.સ. ૧૯૭૦ની આસપાસ જન્મ્યા હશે એમણે 'જિગર અને અમી' નવલકથાનું નામ ન પણ સાંભળ્યું હોય. ભવોભવ વિસ્તરતી બે પ્રેમીઓની વાર્તાને લીધે એક જમાનામાં એની એટલી બધી લોકપ્રિય હતી કે ગામડાના પ્રાથમિક શિક્ષણ મેળવેલી કોઈ વ્યક્તિએ પણ એ ત્રણ-ચાર વાર વાંચી હોય જ. આજકાલ એનું પગેરું શોધવું હોય તો ગૂજરાત વિદ્યાપીઠ કે ગુજરાતી સાહિત્ય પરિષદનાં પુસ્તકાલયોમાં ખાંખાખોળા કર્યા પછી મળે તો મળે. જ્યારે એનાથી પહેલાં લખાયેલી 'સરસ્વતીચંદ્ર' આજે પણ લોકસ્મૃતિમાં અમર છે. કોઈ નવલકથા કે કવિતા સૌ પહેલાં લખાઈ હોવાથી કે એના સમયમાં અત્યંત લોકપ્રિય હોવાથી પ્રશિષ્ટ (classic) નથી થઈ જતી. એ રીતે પોતાના સમયમાં વેચાણના બધા રેકૉર્ડ તોડ્યા હોવા માત્રથી પણ પ્રશિષ્ટ કૃતિ બની નથી જતી, આવી રચનાઓ સમયના પ્રવાહમાં ગુમ થઈને કાલગ્રસ્ત (archaic) થઈ જતી હોય છે. નવલકથામાં ઉદાહરણ લો તો સારંગ બારોટ કે 'કોલક' કેટલા બધા વંચાતા હતા, પણ આજની પેઢી આગળ એમની તરફેણમાં બે વાક્યો કહેવાં હોય તો મુશ્કેલી પડે, ('કોલક' વિશે શું કહેવાય? એ બહુ શૃંગારી લખતા એટલે અમારી પેઢીમાં લોકપ્રિય હતા એવું ?)

ચંદ્રકાંત બક્ષીએ એક વાર આપણને માહિતગાર કરેલા કે ગોવર્ધનરામ કરતાં પોતાના વાચકો વધારે છે. આમ કહેતી વેળા એ નવલકથાકાર બક્ષીની વાત કરતા હતા કે વાર્તાકાર કે કૉલમિસ્ટ બક્ષીની સિદ્ધિઓ નોંધતા હતા એ સ્પષ્ટતા નહોતી આપી, પરંતુ માની લઈએ કે એ નવલકથાકાર બક્ષી વતી દાવો કરતા હોય તો આજે એ વિધાનની સચ્ચાઈની ખાતરી કરવાની જહેમત પણ કોઈ ન ઉઠાવે. ભૂતકાળમાં દર મહિને એક આવૃત્તિ થઈ હોય એવી રચનાઓ પણ કાલગ્રસ્ત બની જતી હોય છે. 'હિન્દુસ્તાન મધ્યેનું એક ઝૂંપડું' સાહિત્યમાં નોંધવાની દૃષ્ટિએ ગુજરાતીની પ્રથમ નવલકથા ગણીએ તો પણ આજે એનું વાચન કેટલું રસપ્રદ નીવડે એ પણ એક પ્રશ્ન છે. એક વાર મુનશી મોટા ગજાના કથાકાર છે કે ર.વ. દેસાઈ એવી ચર્ચા જોરશોરથી થતી પણ આજે ર.વ. દેસાઈની કથાઓ કાલગ્રસ્ત થતી જાય છે. નર્મદે એક વાર પ્રેમાનંદ કરતાં શામળને મોટો કવિ ગણાવ્યો હતો પણ આજે એ વિશે શું કહીશું? ખુદ મુનશીની જ પાટણત્રયી આજે ટકી છે, પણ એમની 'વેરની વસૂલાત' કે 'તપસ્વિની' કાલગ્રસ્ત થઈ ગઈ છે.

પ્રશિષ્ટ કે કાલગ્રસ્ત સિવાય મને લાગે છે કે એક ત્રીજા પ્રકારની કૃતિઓની પણ વાત કરવી જોઈએ. એ છે cult literature, સંપ્રદાય સાહિત્ય (એટલે કે કોઈ ધાર્મિક પંથનું સાહિત્ય નહીં પણ) એવી કૃતિઓથી પ્રેરાઈને રચનાના આધારે એવી અનેક કૃતિઓ લખાય. (હવે તો ખાસ કરીને cult ફિલ્મનો એક મોટો ચાહકવર્ગ છે.) આ ક્ષણે તરત યાદ આવે છે રમેશ પારેખનાં છોકરો અને છોકરીવાળાં ગીતો કે હરિગીતો. એ મૂળ કાવ્યો તો ટક્યાં છે પણ એના પરથી પ્રેરણા લઈને પણ કેટલાંક સરસ ગીતો લખાયાં છે. આ વાત ગુજરાતીમાં લખાતી ભગવા મિજાજની ગઝલો વિશે કરી શકાય. એટલે કોઈ પુસ્તકના કવરપેજ ઉપર 'દસ લાખ નકલો વેચાઈ ગઈ' એવો દાવો વાંચો તો એ તુરંત ખિસ્સામાં હાથ નાખવાને બદલે પંદર કે પચ્ચીસ વરસ બાદ એ પ્રશિષ્ટ, કાલગ્રસ્ત કે cult નીવડશે એ વિચાર પણ કરવો ઘટે.

■

ગામડાઓમાં વસતા આપણા વિશાળ લોકસમુદાયના જીવનનાં નૈતિક મૂલ્યો અને ધારક તત્ત્વોનો ધ્વનિ ધૂમકેતુની વાતોમાં પ્રધાનપણે જોવા મળે છે. શીલઢીલાં વિલા તરખા શહેરી જીવનની ઘણી વાતોમાં પણ લેખકનો દૃષ્ટિકોણ તો શહેરી જીવન ઉપર મેડી અને સર ગ્રામજીવનની સરસાઈ બતાવવાનો લાગે છે. ભદ્રલોકનાં જીવનની છીછરાશ અને બા પણી દેર કૃત્રિમતાનું આલેખન પણ લેખક ઘણી વાર કટુતાથી કરે છે.

ગાંધીજી આફ્રિકાથી આવ્યા બાદ ગુજરાતમાં સ્થિર થયા અને રાષ્ટ્રોત્થાનની પ્રવૃત્તિઓને ગ્રામાભિમુખ બનાવવા માંડી એ જ અરસામાં ધૂમકેતુની કલાત્મક વાર્તાઓનો ફાલ ઊતરવા માંડેલો અને એમાં પહેલી જ વાર ગામડાંની છબી ઝિલાવા લાગેલી. 'ગોવિંદનું ખેતર' એ ધૂમકેતુની જ નહીં, સમસ્ત ગુજરાતી વાર્તાસાહિત્યની એક માર્ગસૂચક કૃતિ છે. એ માર્ગસૂચકતા એ વાર્તાની ઉત્તમતાને કારણે નથી. પણ પછીના દાયકાઓમાં વાર્તા તેમજ નવલકથાક્ષેત્રે ગ્રામજીવનનું આલેખન કરતી કૃતિઓનો જે મબલખ પાક ઊતર્યો એના આરંભિક અંકુરો ધૂમકેતુએ ગોવિંદના ખેતરમાં રોપે

સે જાય રોજ હજા
સંયુ કે પ્રમકતા
જેલે એક લાડકો
Good am sure are dre
world not a sheir ward of
સ. જાને તેમને ફૂમકેતુની
ખાને સાજની રીમા લાગી જવતાના
Good is sure ill & Wi
ને રિની વાતો સાથે પણ
ના/ સ્વરસ મહવતાનિવારણ વર્ષ
ઉત તોવાસ વગેરેના અભ્યાસની
જાકીરા'ની જન્મ કોદર' વર્ગને

(ચુનીલાલ મડિયા)

સાભાર સ્વીકાર

કવિતા :

અજવાળું દીઠ્યું મધરાતે : ગોપાલ ધકાણ, મોહનનગર, હનુમાનપરા રોડ, હરિરાજ ચેરિ. ટ્રસ્ટ સામે, અમરેલી, ૨૦૨૪, ૩. પૃ. ૯૬. રૂ. ૧૮૦. ૭૫ ગીતોનો સંગ્રહ, • **છેલ્લો શ્વાસ : ઉલ્ફત' :** રાધનપુરી, પરિમલ ફાઉન્ડેશન, રાધનપુર, ૨૦૨૪. ડે. પૃ. ૧૦૪. રૂ. ૧૨૦. ૭૮ ગઝલનો સંગ્રહ.

નવલકથા :

ખારાં પાણીને ખમ્મા : વિષ્ણુ ભાલિયા, અમોલ પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૩. ડે. પૃ.૨૫૦. રૂ.૩૫૦. ખારવા અને ખારા જળ વિશેની સંઘર્ષની નવલકથા. • **વાલમ વેર ના કરીએ :** રમેશકુમાર કે. બારોટ, વિજય બારોટ, હરિઓમ પાર્ક, મધાપુરા રોડ, રાધનપુર, જિ. પાટણ, ૨૦૨૪. ડે. પૃ. ૧૧૨, રૂ.૧૨૦. નવલકથા.

લેખસંગ્રહ :

શિક્ષણની પગદંડી : નટવર પટેલ, વસુંધરા પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૪. ડે. પૃ. ૯૬. રૂ. ૧૪૪, ૧૯ શૈક્ષણિક લેખોનું પુસ્તક • **તારે જમીન પર (ભાગ-૬) :** ગોવિંદ શાહ, ૨૦૨૪. ડે. પૃ.૫૩. રૂ. ૨૫-૦૦. જેમાં લેખકની મૌલિક વાતો અને પ્રસંગો છે. • **અંતર મમ વિકસિત કરો :** હરેશ ધોળકિયા, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૧૬૦, રૂ.૨૫૦. ૩૧ લેખોનો સંગ્રહ.

બાળસાહિત્ય :

મીનીનું પ્રાણીઘર : કિશોર વ્યાસ, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૪૪, રૂ. ૭૦. પ્રાણીપ્રેમની બાળકથા.

વિવેચન :

અર્વાચીન સાહિત્ય : ઊર્મિકાવ્ય : ડૉ. વર્ષા પ્રજાપતિ, ઝેડકેડ પબ્લિકેશન, ૨૦૨૩. ડે. પૃ. ૨૪૦, રૂ. ૪૨૫, ઝેડકેડ સાહિત્ય સ્વરૂપ સ્વાધ્યાયક્ષેણી, સંપા. બળવંત જાની શ્રેણી ક્રમાંક-૪૧. • **મોતાડા :** નીલેશ પંડ્યા, વેદાન્ત પબ્લિકેશન, રાજકોટ, ૨૦૨૪, ડબલ ક્રાઉન, પૃ. ૧૪૬, રૂ.૨૦૦, ૧૬ લોકસાહિત્યના આસ્વાદ લેખોનો સંગ્રહ.

સંપાદન :

દીઠા સર્જક નોખા : સંપા. કિશોર વ્યાસ, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ.

૨૦૨૪. ડે. પૃ. ૧૬૪, રૂ. ૨૨૫, ૧૫૦ ગુજરાતી ભાષાના સમર્થ સર્જકોનાં પ્રસંગવિશેષ • **પથદર્શક પ્રતિભાઓ :** સંપા. રાહુલ પરમાર, પરિમલ ફાઉન્ડેશન રાધનપુર, ૨૦૨૪. ડે. પૃ. ૮૮, રૂ.૧૦૦, ૧૨ ચરિત્રાત્મક લેખોનો સંગ્રહ.

અનુવાદ :

બ્લૅક બ્યૂટી : એના સુઅલ, અનુ. હિતેષ જાજલ, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, ૨૦૨૪, ડે. પૃ. ૨૪૦, રૂ. ૩૫૦, એના સુઅલની વિશ્વવિખ્યાત નવલકથા.

■

જૂના વખતની ટૂંકી વાર્તાઓ હાલની વાર્તાઓથી અનેક રીતે જુદી પડે છે. જ્યારે છાપખાનાં નહોતાં અને ઘણુંખરું કામ કથાશક્તિ ઉપર જ નભતું, ત્યારે 'વસ્તુ' એ જ વાર્તાનો આત્મા હોય એ તદ્દન સમજી શકાય તેવી વાત છે. તેમજ આ વાર્તાઓ પણ ધ્વનિપ્રધાન હોવાને બદલે ઉપદેશપ્રધાન હોઈ શકે. આજે મનુષ્યનો બુદ્ધિવિકાસ થયો છે અને સીધા ઉપદેશ કરતાં એને ધ્વનિમાં વધારે આનંદ આવે છે. તેમજ આજે એને વસ્તુની ખાસ અગત્ય નથી લાગતી. એટલા માટે જીવનમાં થયેલા ફેરફારને અનુરૂપ સાહિત્યમાં પણ ફેરફાર થયો છે.

'વસ્તુ' વાર્તામાં જરૂરનું નથી એવો અર્થ આમાંથી નીકળતો નથી. 'વસ્તુ'એ હાલની વાર્તાઓમાં ગૌણ સ્વરૂપ લીધું છે અને એમ થવાનાં કારણ છે એટલું જ.

(**ધૂમકેતુ**)

❖ ❖

બાકી સર્વોત્તમ ટૂંકી વાર્તાઓ તો વસ્તુવિધાન, પાત્રાલેખન અને શૈલી ત્રણેના સુંદર મેળમાંથી જ જન્મે. ત્રણેમાંથી કોઈને પ્રધાન સ્થાન ન અપાય, તેમજ કોઈને ગૌણ પણ ન કહી શકાય : અને છતાં એટલું ચોક્કસ કે ત્રણેમાંથી માત્ર એકના જ પ્રધાન સ્વર પર રચાયેલી વાર્તાઓ શ્રેષ્ઠ ગણાય છે ને આકર્ષણમાં જરાય નબળી નથી નીવડી. મોપાસાંની વન નાઇટ' આનું ઉદાહરણ છે.

(**ધૂમકેતુ :** તણખા મંડળ બીજું. ૧૯૨૮ 'સાહિત્યવિચારણા', ૧૯૬૯)

ઇતુભાઈ કુરકુટિયા

'પાક્ષિકી' અંતર્ગત

તા. ૯-૧૧-૨૦૨૪ ને શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં સાંજે ૫-૦૦ વાગ્યે, 'પાક્ષિકી' અંતર્ગત વાર્તાકાર વિજય સોનીએ એમની વાર્તા 'રુસ્તમે ઈસનપુર'નું પઠન કર્યું હતું.

તા. ૨૩-૧૧-૨૦૨૪ ને શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં સાંજે ૫-૦૦ વાગ્યે, 'પાક્ષિકી' અંતર્ગત વાર્તાકાર વિષ્ણુ ભાલિયાએ એમની વાર્તા 'અગિયારી'નું પઠન કર્યું હતું.

શતાબ્દી-વંદના

ક. લા. સ્વાધ્યાય મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તા. ૨૦-૧૧-૨૦૨૪ના રોજ બુધવારે સવારે ૧૦-૦૦ કલાકે પરિષદપ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં ગુજરાતી સાહિત્યના જે મહત્ત્વના સર્જકોના જન્મને ૧૦૦ વર્ષ થાય છે. એમનાં સાહિત્ય-સ્મરણો નિમિત્તે શતાબ્દી-વંદના કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં યોજાયો હતો.

પ્રારંભે ભિખેશ ભટ્ટે સૌને આવકાર આપ્યો હતો. આ કાર્યક્રમ બે સત્રમાં યોજાયો હતો. પ્રથમ સત્રમાં પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે પરિષદને સાહિત્યની નગરી તરીકે ઓળખાવીને સૌનું સ્વાગત કર્યું હતું. પરિષદપ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ કહ્યું હતું કે આપણી ભાષાના ઉત્તમ સાહિત્યસર્જકોએ સાહિત્યની સેવા કરી છે. એવા સાહિત્ય-સર્જકોને વખતે વખતે યાદ કરવા જોઈએ, સાહિત્યકાર એ પૂરા સમાજના પ્રધિનિધિ છે. સાહિત્યકાર ઊંજણનું કામ કરે છે. એવા સાહિત્યકારોની શતાબ્દી-વંદના ઊજવવા આજે ભેગા થયા છીએ. જેમાં તેમણે સર્વશ્રી નારાયણ દેસાઈ, વસુબહેન ભટ્ટ, સૈફ પાલનપુરી, ગિરિન્ ઝવેરી, દીપક બારડોલીકર, ફાધર વાલેસ, મહેન્દ્ર મેઘાણી અને મધુસૂદન પારેખે સાહિત્યમાં કરેલા પ્રદાનની નોંધપાત્ર વાત કરી હતી. નારાયણ દેસાઈ વિશે મનસુખ સલ્લાએ વક્તવ્ય આપ્યું હતું. જેમાં નારાયણ દેસાઈના બાળપણ અને શિક્ષણની અને નારાયણ દેસાઈએ શાંતિસેનાની સ્થાપના, ગ્રામશાળા, ગાંધીકથા અને 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ', મારું જીવન એ જ મારી વાણી' પુસ્તકોની વિગતે ચર્ચા કરી હતી. વસુબહેન ભટ્ટ વિશે રૂપા મહેતાએ વાત કરતાં પહેલાં વસુબહેન વિશેની એક નાનકડી ફિલ્મ રજૂ કરી હતી અને ત્યાર પછી વસુબહેન સાહિત્યિક, સામાજિક, સાંસ્કૃતિક અને સ્ત્રી-તરીકે વસુબહેન અને તેમના અનેક હોદ્દાઓની વાત કરીને વસુબહેને કરેલા કામના અનેક પાસાની વાત કરી હતી. સૈફ પાલનપુરી વિશે શકીલ કાદરીએ વાત કરી હતી, જેમાં તેમણે 'હીંચકો'

અને 'ઝરૂખો' ગઝલસંગ્રહોની ગઝલોની વિશેષતા ચીંધી આપી હતી. ગિરિન્ ઝવેરી વિશે ઉત્પલ પટેલે વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે ઊગતાં પહેલાં આથમી ગયેલા માત્ર ૨૮ વર્ષે અવસાન પામેલા કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી ગિરિન્ ઝવેરીની વાત કરી હતી. આ સત્રનું સંચાલન સંજય ચોધરીએ કર્યું હતું. શતાબ્દી-વંદનાનું બીજું સત્ર ૧-૩૦ કલાકે શરૂ થયું હતું. દીપક બારડોલીકર વિશે દિલીપ ધોરિયાએ વક્તવ્ય આપ્યુ હતું. જેમાં તેમની આત્મકથા, નવલકથાની અને ૧૧ જેટલા કવિતાસંગ્રહોની પણ ચર્ચા કરી હતી.

ફાધર વાલેસ વિશે ફાધર વિનાયકે.'સવાયા ગુજરાતી ફાધર વાલેસ પદ્મશ્રી' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. જેમાં ગુજરાતી સાહિત્યમાં ૭૫ જેટલાં આપેલાં પુસ્તકોની વિગતે વાત કરી હતી. મધુસૂદન પારેખ વિશે કુમારપાળ દેસાઈએ વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે મધુસૂદન પારેખે જીવનમાં સદૈવ માધુર્ય જ વહેડાવ્યું છે. તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની હાલમાં જે વિદ્યાસભાની, 'બુદ્ધિપ્રકાશ' સામયિકનું કામ તેમજ ૩૪ ગ્રંથોની વાત કરી હતી. મહેન્દ્ર મેઘાણી વિશે સંજય ભાવેએ વક્તવ્ય આપ્યું હતું. જેમાં મહેન્દ્ર મેઘાણીએ સંક્ષેપ કરેલાં પુસ્તકોની વિગતે વાત કરી હતી. તેમના નિર્લેપ વ્યક્તિત્વની વાત પણ કરી હતી. આ સત્રનું સંચાલન ભિખેશ ભટ્ટે કર્યું હતું. પરિષદપ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ સમાપન વક્તવ્ય આપ્યું હતું. આ શતાબ્દી-વંદના કાર્યક્રમમાં ૧૫૦થી વધારે સાહિત્યરસિકોએ ભાગ લીધો હતો.

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી નિમિત્તે બાળસાહિત્ય વિશે ચિંતન વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયના ઉપક્રમે રાષ્ટ્રીય ગ્રંથાલયના સપ્તાહની પૂર્વસંધ્યાએ તા.૧૩-૧૧-૨૦૨૪ના રોજ સાંજે -૫-૦૦ કલાકે, ગોવર્ધન સ્મૃત્તિમંદિરમાં બાલસાહિત્ય વિશેનું વ્યાખ્યાન પરિષદના ઉપપ્રમુખ યોગેશ જોશીની અધ્યક્ષતામાં યોજાયું હતું..

આ પ્રસંગે પરિષદના ગ્રંથાલયમંત્રી પરીક્ષિત જોશીએ બાળસાહિત્ય વિશેનું વ્યાખ્યાન યોજ્યું હતું, તેમણે સૌનું સ્વાગત કરીને સંચાલન કર્યું હતું. તેમણે બાળસાહિત્યનું ચિંતન અને ચર્ચા થાય એ ઉદ્દેશ આ વ્યાખ્યાનનો રાખ્યો હતો. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે પ્રાસંગિક ઉદ્બોધનમાં બાળસાહિત્યની ચર્ચા કરીને બાળસાહિત્યની દિશા ચીંધી આપી હતી. બાળસાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર યશવંત મહેતાએ 'બાળસાહિત્યની આજ ને આવતીકાલ' વિશે વક્તવ્ય આપતાં કહ્યું હતું કે ગઈકાલ સમૃદ્ધ હતી જેના ખભા પર આજ છે. આજના ખભા પર આવતીકાલ ઊભી રહેશે, તેમણે ગઈકાલની વાત કરતાં બાળસામયિકોની વાત કરીને બાળસાહિત્યની સર્જનપ્રક્રિયાની વાત કરી હતી. શ્રદ્ધા ત્રિવેદીએ 'બાળવાર્તાના પ્રવાહમાં સ્થિત્યંતર' વિશે વ્યાખ્યાન આપતાં પંચતંત્રથી લઈને પ્રાણીકથાઓ અને પ્રાણી અને મનુષ્યની સંમિશ્રિત કથાઓ તેમજ અનેક વિષયોને આવરી લેતી વિવિધતાવાળી વાર્તાઓની ચર્ચા કરીને વાર્તાનાં સ્થિત્યંતર ચીંધી આપ્યાં હતાં. પરિષદના ઉપપ્રમુખ અને કાર્યક્રમના અધ્યક્ષ યોગેશ જોશીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે બાળસાહિત્યની નવી તરેહો વીજાણુ અને ઓડિયો વિઝ્યુઅલને

મહત્ત્વ આપી તે કેવી હોવી જોઈએ તેની વિગતે ચર્ચા કરી હતી. ઇતુભાઈ કુરકુટિયાએ સૌનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં સારી એવી સંખ્યામાં બાળસાહિત્યના ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. સૌ સાહિત્યરસિકોએ આ કાર્યક્રમને આવકાર્યો હતો અને મીડિયાએ આ કાર્યક્રમની નોંધ લીધી તે બદલ તેમનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

સચ્ચિદાનંદ સન્માન અર્પણ સમારોહ

ગુજરાતી સાહિત્ય પરિષદના સર્વોચ્ચ સાહિત્યિક સન્માન 'સચ્ચિદાનંદ સન્માન' અર્પણ સમારોહ તા. ૨૪-૧૧-૨૦૨૪ના રોજ રવિવારે સાંજે ૫થી ૭ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં, અતિથિવિશેષ તરીકે કુમારપાળ દેસાઈ અને રઘુવીર ચૌધરીની ઉપસ્થિતિમાં ૨૦૧૭થી ૨૦૨૩ના વર્ષનું સચ્ચિદાનંદ સન્માન અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે પરિષદની પ્રવૃત્તિનો પરિચય કરાવીને સચ્ચિદાનંદ સન્માનની વાત કરતાં સ્વામી સચ્ચિદાનંદને યાદ કર્યા હતા. ગુજરાતી સાહિત્યના પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ સારસ્વતોની વંદના કરવાની મૂલ્યનિષ્ઠાની વાત કરી હતી. અતિથિવિશેષ કુમારપાળ દેસાઈએ સ્વામી સચ્ચિદાનંદની પ્રવૃત્તિની વિગતે વાત કરીને સચ્ચિદાનંદ સન્માન મેળવનારા સર્વશ્રી અનિલા દલાલ, સતીશ વ્યાસ, દલપત પઢિયાર અને રમણ સોનીએ કરેલી સાહિત્યસેવાની ચર્ચા કરી હતી. આ પ્રસંગે મુંબઈના સચ્ચિદાનંદ સન્માન મેળવનારા સાહિત્યકારોમાં ૨૦૧૮ના વર્ષનું વર્ષાબહેન અડાલજાને, ૨૦૧૯મા વર્ષનું દિનકર જોષીને અને ૨૦૨૦ના વર્ષનું શ્રી ઇલા આરબ મહેતાને આ સન્માન પ્રાપ્ત થયું છે. તેઓ નાદુરસ્ત તબિયત તેમ જ અન્ય કારણોસર ઉપસ્થિત રહી શકયાં ન હતાં. આ ત્રણેય સાહિત્યકારોને ગુજરાતી સાહિત્ય પરિષદ મુંબઈમાં સચ્ચિદાનંદ સન્માન અર્પણ કાર્યક્રમ અલગથી કરશે એવી જાહેરાત કરવામાં આવી છે. આ સન્માન પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદી અને અતિથીવિશેષ કુમારપાળ દેસાઈ અને રઘુવીર ચૌધરીના હસ્તે ઉપસ્થિત સચ્ચિદાનંદ સન્માન મેળવનારાઓમાં ૨૦૧૭નું શ્રી અનિલા દલાલને, ૨૦૨૧નું શ્રી સતીશ વ્યાસને, ૨૦૨૨નું શ્રી દલપત પઢિયારને ૨૦૨૩નું શ્રી રમણ સોનીને અર્પણ કરીને સન્માનિત કરવામા આવ્યા હતા. સન્માનિત થયેલા સારસ્વતો શ્રી અનિલા દલાલ, સતીશ વ્યાસ, દલપત પઢિયાર અને રમણ સોનીએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. આ પ્રસંગે અતિથિવિશેષ રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. સમાપન વક્તવ્યમાં પરિષદપ્રમુખ હર્ષદ ત્રવેદીએ કહ્યું હતું કે સાહિત્યકારોનું તેમના યોગ્ય સમયે સન્માન કરવું જોઈએ, યોગ્ય સમયે સાહિત્યકારોને સન્માન મળે તે જ ઉચિત સન્માન ગણી શકાય એના પર ભાર આપ્યો હતો. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે સૌનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં સાહિત્યપ્રેમીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.ચયન સમિતિના સભ્ય તરીકે સર્વશ્રી રઘુવીર ચૌધરી, હર્ષદ ત્રિવેદી, યોગેશ જોષી, સમીર ભટ્ટ અને અવનીબહેન ત્રિવેદીએ સેવાઓ આપી હતી.

બે દિવંગત સાહિત્યકારોનું સંસ્મરણપર્વ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને શબ્દલોક ટ્રસ્ટ આયોજિત કાર્યક્રમમાં ગુજરાતી

સાહિત્યના બે દિવંગત સાહિત્યકારો સુમંત રાવલ અને દિલીપ રાણપુરા વિશેનો કાર્યક્રમ તા.૧૪-૧૧-૨૦૨૪ના રોજ શબ્દલોક ભવન, મેળાના મેદાન પાસે, સુરેન્દ્રનગરમાં સવારે ૯-૩૦થી બપોરે ૩-૩૦ કલાકે યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રારંભે હેમાંગિની જાનીએ પ્રાર્થનાનું ગાન કર્યું હતું. સંગીતની પ્રસ્તુતિ નરેન્દ્ર રાવલે કરી હતી. શબ્દલોક ટ્રસ્ટના પ્રમુખશ્રી વીરેન્દ્ર આચાર્યએ સૌને આવકાર આપ્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે સાહિત્ય પરિષદનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમની પ્રથમ બેઠક ૯-૩૦ વાગ્યે શરૂ થઈ હતી. જેમાં 'શ્રી સુમંત રાવલની નવલકથાઓમાં કથનકેન્દ્રનું દર્શન, સંસ્મરણો' વિશે શ્રી ચંદ્રકાન્ત વ્યાસે અને 'શ્રી સુમંત રાવલની વાર્તાઓમાં મનોવ્યાપારનું નિરૂપણ' વિશે શ્રી જનક નાયકે વક્તવ્યો આપ્યાં હતાં. બીજી બેઠક ૧-૩૦ કલાકે શરૂ થઈ હતી. જેમાં 'લોકધર્મી સાહિત્યકાર શ્રી દિલીપ રાણપુરાનું નવલકથાક્ષેત્રે પ્રદાન' વિશે ડૉ. પાર્થ આચાર્યએ, 'ડૉ. દિલીપ રાણપુરા સાથેનાં સંસ્મરણો' વિશે શ્રી બકુલ દવેએ અને 'શ્રી દિલીપ રાણપુરાનું પત્રકારત્વ અને સામાજિક નિસબત' વિશે શ્રી રમેશ તન્નાએ વક્તવ્યો આપ્યાં હતાં. ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ શ્રી દર્શક આચાર્યએ સૌનો આભાર માન્યો હતો અને કાર્યક્રમનું સંચાલન ડૉ. બળવંત વ્યાસે કર્યું હતું.

અભિવ્યક્તિ બાળશિબિર-૨

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય આયોજિત અભિવ્યક્તિ શિબિર-૨નું આયોજન તા. ૨૫, ૨૬, ૨૭-૧૧-૨૦૨૪ના રોજ બપોરે ૨-૩૦થી ૪-૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં યોજાયો હતો. તા.૨૫-૧૧-૨૦૨૪ના રોજ ૨-૩૦ કલાકે ઉદ્‌ઘાટન બેઠક યોજાઈ હતી. જેમાં દીપ્તિ શાહે સૌને આવકાર આપીને વક્તાઓનું સ્વાગત કર્યું હતું. ગ્રંથાલયમંત્રી પરીક્ષિત જોશીએ ગ્રંથાલયપ્રવૃત્તિનો પરિચય આપ્યો હતો. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. જેમાં રમેશ પારેખની બાળ કવિતાનું ગાન કરીને બાળકોને પ્રેરિત કર્યાં હતાં. પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવદીએ બાળકોની અભિવ્યક્તિ અને બાળ ઘડતર કરવાની ઉદાહરણો આપીને સરસ ચર્ચા કરી હતી. સંયોજક શ્રી નટવર પટેલે શિબિર આયોજન વિશેની વાત કરી હતી. ઈતુભાઈ કુરકુટિયાએ આભારવિધિ કરી હતી.

આ શિબિર ત્રણ દિવસોમાં વિભાજિત થઈ હતી. પ્રથમ દિવસે બાળવાર્તાકથન સ્પર્ધા, બીજા દિવસે બાલગીત-ગાનસ્પર્ધા અને તૃતીય દિવસે સામૂહિક ઈતર પ્રવૃત્તિ, પ્રમાણપત્ર વિતરણ અને સમાપન બેઠક યોજાઈ હતી. સમાપન બેઠકમાં અતિથિવિશેષ તરીકે શિશિર રામાવત ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાળકોને ઈનામ વિતરણ અને પ્રમાણપત્ર વિતરણ પરિષદપ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદી, પરિષદના મહામંત્રી સમીર ભટ્ટ, ગ્રંથાલયમંત્રી પરીક્ષિત જોશી, બાળસાહિત્યકાર નટવરભાઈ પટેલ, અતિથિવિશેષ શિશિર રામાવતના હસ્તે કરવામાં આવ્યાં હતાં. અતિથિવિશેષ શિશિર રામાવતે બાળકોએ ભજવેલી નાટકની પ્રસ્તૃતિથી પ્રસન્ન થઈને પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. ગંગારામ વાઘેલાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

■

ઇતુભાઈ કુરકુટિયા

સર્જક સત્ર

સર્જક : મનસુખ સલ્લા

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન અંતર્ગત તા. ૭-૧૧-૨૦૨૪ના રોજ સવારે ૭-૩૦થી ૧૨-૩૦ દરમિયાન સર્જક : મનસુખ સલ્લા વિશે સર્જક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંજય ચૌધરીએ સૌને આવકાર્યા હતા. સંજય ભાવે 'મનસુખ સલ્લાનું ચરિત્રલેખન' વિશે, હસિત મહેતાએ 'હૈયે પગલાં તાજાં' વિશે, રઘુવીર ચૌધરીએ 'સમગ્ર વ્યક્તિત્વ : મનસુખ સલ્લા' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. સર્જક મનસુખ સલ્લાએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ અજય રાવલે કર્યાં હતાં. આ કાર્યક્રમમાં સાહિત્યકારો અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

પુસ્તકપરિચય

તા. ૧૬-૧૧-૨૦૨૪ના રોજ સાંજે ૫-૩૦ કલાકે ગોવર્ધનસ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદમાં ઓમ્ કૉમ્યુનિકેશન દ્વારા 'પુસ્તક પરિચય' અંતર્ગત કાર્યક્રમમાં સરોજ પાઠકની નવલકથા 'નાઇટમેર' વિશે સંધ્યા ભટ્ટે અને જયંત ખત્રીનો વાર્તાસંગ્રહ 'ખરા બપોર' વિશે કિરીટ દૂધાતે આસ્વાદલક્ષી વક્તવ્યો આપ્યાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું.

સંસ્કૃતપર્વ 'વાગ્માધુરી'

તા. ૧૬થી ૨૦ ઑક્ટોબર (બુધવારથી રવિવાર) સળંગ પાંચ દિવસ સાંજે ૫-૩૦ કલાકે, રા. વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદમાં સુકુમાર પરીખની પ્રેરણાથી છઠ્ઠા વર્ષે ઓમ્ કૉમ્યુનિકેશન દ્વારા સંસ્કૃતપર્વ 'વાગ્માધુરી' ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૬-૧૦-૨૦૨૪ના રોજ 'ચાણક્ય' વિશે શુચિતા મહેતા અને 'અર્થશાસ્ત્ર' વિશે ગૌતમ પટેલે, તા. ૧૭-૧૦-૨૦૨૪ના રોજ 'વિદ્યાપતિ' વિશે યોગિની વ્યાસ અને 'પુરુષપરીક્ષા' વિશે પ્રીતિ પૂજારાએ, તા. ૧૮-૧૦-૨૦૨૪ના રોજ 'બોધાયન' વિશે રાકેશ પટેલે અને 'ભગવદક્કુકીય' વિશે વિજય પંડયાએ તા. ૧૯-૧૦-૨૦૨૪ના રોજ 'પતંજલિ' વિશે વસંત પરીખે અને 'મહાભાષ્ય' વિશે અમૃતલાલ ભોગાયતાએ, તા. ૨૦-૧૦-૨૦૨૪ના રોજ 'મહેન્દ્રવર્મન' અને 'મત્તવિલાસ' વિશે રવીન્દ્ર ખાંડવાલાએ વક્તવ્યો આપ્યાં હતાં. આ પ્રસંગે સાહિત્યકારો અને સંસ્કૃતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

'શબ્દસંપદા'

તા. ૧૭-૧૧-૨૦૨૪ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે, શાસનસમ્રાટ ભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટના ઉપક્રમે ઓમ્

કૉમ્યુનિકેશન દ્વારા 'શબ્દસંપદા' અંતર્ગત 'સિદ્ધિસૂરિ' વિશે સુધાબહેન ચૌહાણે અને 'સિંહાસન બત્રીસી' વિશે સેજલ શાહે વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું.

રવીન્દ્ર પારેખના ૭૯મા જન્મદિન પ્રસંગે

તા. ૨૧-૧૧-૨૦૨૪ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં સ્વ. શ્રીમતી સુશીલાબહેન અને સ્વ. રમણલાલ શાહના સહયોગથી ઓમ્ કૉમ્યુનિકેશન દ્વારા રવીન્દ્ર પારેખના ૭૯મા જન્મદિન પ્રસંગે 'શબ્દજ્યોતિ' અંતર્ગત શ્રી રવીન્દ્ર પારેખે પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું. આ પ્રસંગે રવીન્દ્ર પારેખના પુત્ર કવિ ધ્વનિલ પારેખ તથા સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતી સાહિત્યના ગીત અને ગઝલના અર્ધશતાબ્દીનો તુલનાત્મક સ્વરૂપબોધ

તા. ૬-૧૦-૨૦૨૪ના રોજ ૪-૧૫ કલાકે 'ગુજરાતી સાહિત્યના ગીત અને ગઝલના અર્ધશતાબ્દીનો તુલનાત્મક સ્વરૂપબોધ' ગોસ્વામી દ્વારકેશલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં વિપો અને જયંતોર્મિ સાહિત્ય સેવા ટ્રસ્ટના ઉપક્રમે ભાયલીમાં એવરેસ્ટ ડિગ્રિટીના હૉલમાં યોજાયો હતો. જેમાં જયેશ ભોગાયતા, ગુણવંત વ્યાસ, દિનેશ ડોંગરે, ભરત ભટ્ટ, કિશોર બારોટ, મીનાક્ષી ચંદારાણા અને ત્રિલોક મહેતાએ વક્તવ્યો આપ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશ્વિન ચંદારાણાએ કર્યું હતું.

સંવેદનશીલ સાહિત્યકાર મધુકાન્ત કલ્પિતને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના ઉપક્રમે સાહિત્યાંજલિ

